

માતાજી શ્રી [illegible] મા

માતાજી શ્રી મેઘબાઈ માનો સંક્ષિપ્ત જીવન પરિચય.

વર્તમાન કાળમાં આદર્શ જીવન જીવતા શ્રી મેઘબાઈ મા નો જન્મ કચ્છ બીદડામાં શા ભોજરાજ મુરજીના સુશીલ ધર્મપત્ની શ્રીમતી હીરબાઈની કુક્ષીએ સં. ૧૯૨૩ માં થયેલ.

તે સમયે કચ્છમાં કેળવણીનો વિકાસ ઓછો હોઈ તેમનો અભ્યાસ વિશેષ ન હોવાથી લખતા આવડતું નથી છતાં વાંચન મહાવરાથી સારી રીતે ગુજરાતી તથા સહજ સંસ્કૃતના ધાર્મિક લખાણો વાંચી શકે છે.

ગરીબોને સહાય કરવી. પૂ. સાધુ સાધ્વીજીની સેવા ભક્તિ કરવી. મહેમાનોનો પૂર્ણ ભાવથી આદર કરવો વિગેરે એમના બાલપણથી જ વિકસેલા ગુણો છે.

તેમનું લગ્ન લગભગ પંદર વરસની ઉંમરે દુર્ગાપુર નિવાસી શા ધેલાભાઈ પુનશી સાથે થયેલ.

હંમેશા બે વખત પ્રતિક્રમણ-સામાયિક-સ્વાધ્યાય કરવો એ એમની નિત્ય પ્રવૃત્તિ રહેલ. આમ તો દરરોજ પરમાત્માની પૂજા કરતાં પણ હાલ ૯૯ વરસની વયોવૃદ્ધ અવસ્થા હોઈ સહાયના સિવાય ઘરથી બહાર જઈ શકતા નથી.

એમણે પોતાના સમગ્ર જીવન દરમ્યાન તપશ્ચર્યાઓ પણ સારા પ્રમાણમાં કરેલી છે એમણે ૯૬ વરસની ઉંમરમાં વર્ધમાન આયંબીલ તપની ૭૭ મી ઓળી પૂર્ણ કરેલી. હજી પણ આયંબીલ આદિ તપ કરતા રહે છે. નવપદની ઓળી, જ્ઞાનપંચમી, રોહિણી, વીસસ્થાનક વગેરે તપો પણ એમણે પૂર્ણ કરેલ છે. તથા ઉપધાનતપ પણ કરેલ.

શ્રી શત્રુંજયતીર્થમાં નવ્વાણું યાત્રા કરેલ તે વખતે પાલીતાણામાં નવકારશી જમણ પણ કરાવેલ છે.

પ્રથમ સં. ૧૯૨૬ માં લગભગ કુટુંબના ઘણા ખરા સભ્યો સાથે આસરે ત્રણ માસના પ્રવાસની મોટીયાત્રા જ્યારે રેલ્વેની સ્પેશીયલો હમણા છે તેવી ન હતી ત્યારે કરેલ છે.

તેઓ કુટુંબના તથા તેમના પરિચયમાં આવતા દરેક વ્યક્તિઓને તથા બાળકોને ધર્મ–નવકાર અંગે અવારનવાર ઉપદેશ આપે છે.

સં. ૨૦૨૭ ના વૈશાખ વદમાં તપસ્વિની પૂ. સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના ૫૦૦ આયંબીલના પારણા તેમજ શ્રી મેઘબાઈ માની વર્ધમાન તપની ૭૭ મી ઓળીના પારણા પ્રસંગે એમના પુત્રો સુપૌત્રો તરફથી અઠ્ઠાઈ મહોત્સવ કચ્છ–દુર્ગાપુરમાં ઉજવાયેલ. ત્યારે કુટુંબના દરેક સભ્ય નાના–મોટાએ હાજરી આપેલ.

આ પ્રસંગે અચલગચ્છાધિપતિ પૂ૦ આ. દેવશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા સપરિવાર પધારેલ.

આઠે દિવસ બન્ને ટાઇમ સાધર્મિકવાત્સલ્ય જમણ એમના તરફથી થયેલ. વૈશાખ વદ ૧૧ ના પારણા થયેલ. તે દિવસે બોર્ડીંગમાં શ્રી ઋષિમંડલ મહાપૂજન ભણાયેલ.

૯૯ વર્ષની ઉંમરે પહોંચેલા શ્રી મેઘબાઇ મા એવી જ ઉદાત્ત ધર્મભાવનાથી જીવન શાંતિથી વ્યતીત કરે છે.

સ્વ૦ શા. ઘેલાભાઇ પુનશી પણ એવા જ ધર્મનિષ્ઠ શ્રાવક હતા. એમના સુપુત્રો–સુપૌત્રો પણ ધાર્મિક પ્રવૃત્તિઓમાં અવારનવાર ભાગ લે છે. માનવતાની પ્રવૃત્તિઓમાં તેમજ ધર્મમાર્ગે દાન આપી પોતાની ચંચળ લક્ષ્મીનો સદુપયોગ કરે છે.

આ પ્રકાશનમાં એમના સુપુત્ર શા. પ્રેમજી ઘેલાભાઇ તરફથી સ્વ૦ શ્રીમતી સાકરબેન પ્રેમજીની સ્મૃતિમાં રૂા. ૩૨૨૫) ની સહાયતા મળેલ છે.

લિ૦ પ્રકાશક.

પરભવનું ભાતું

વિભાગ ૧ લો.

[વિવિધ લેખો]



સંપાદક :
અચલગચ્છાધિપતિ પૂ૦ આચાર્ય ભ. શ્રી
ગુણસાગરસૂરીશ્વરજી મ. સાહેબના શિષ્ય
મુનિ શ્રી કલાપ્રભસાગરજી મ.

સર્જનની સુવાસ

[સંપાદકીય]

પરમ ઉપકારી પૂજ્ય જ્ઞાની ભગવંતો ઘણું મનનીય સાહિત્ય સર્જી ગયા છે. તે એટલા જ માટે કે ભાવિની પેઢી એમાંથી કાંઈ ને કાંઈ હિત-ઉપદેશ ગ્રહણ કરતી રહે.

આજના કહેવાતા વૈજ્ઞાનિક યુગમાં મોટા ભાગના માનવોની અધ્યાત્મમાર્ગ તરફ પ્રાયઃ અશ્રદ્ધા વધતી રહી છે. કહેવત છે ને કે "આ ભવ મીઠો પરભવ કોણે દીઠો" એ ઉક્તિ અનુસાર પરભવની ચિંતા જ જાણે વિદાય લઈ રહી છે. જેને ઉચ્ચમાર્ગે પ્રયાણ કરવું હોય તેને જ પરભવની ચિંતા હોય ને ?...પણ...પણ જેને વિલાસમય અને પાપમય જીવન જીવવું છે! એવા વર્ગને પરભવ ક્યાંથી યાદ આવે? બસ...આ વિચારોના વમળમાં જ આ પુસ્તકનું સર્જન થયું છે!

અલબત્ત મેં પ્રથમથીજ વાત કરી કે "પૂજ્ય જ્ઞાની ભગવંતો ઘણું મનનીય સાહિત્ય સર્જી ગયા છે." જેથી આ ગ્રંથમાં સંગ્રહીત સાહિત્ય મારું નથી પણ...વીતરાગ પ્રભુ દ્વારા પ્રરૂપિત છે. મેં તો સાદીભાષામાં આપ સમક્ષ રજુ કરેલ છે. એ આપણુ બધાને સત્ય રીતે આચરણીય જ છે. કારણ કે 'આચરણ વિનાનું જ્ઞાન એ તો ફક્ત બોજારૂપ છે... નિષ્ફળ છે. '**नाणस्स भागी न हु सुगईए** (ઉપદેશમાળા)

વિદ્યાપીઠના વિદ્યાર્થીજીવન દરમ્યાન સ્વાધ્યાય માટે મારી નોંધપોથીમાં કરેલ કેટલાક લેખોનો સંગ્રહ દીક્ષા સ્વીકાર્યા બાદના પ્રથમ વરસેજ નોંધપોથીમાં કરેલ. પૂજ્ય વયોવૃદ્ધ સ્થવીર મુનિરાજ શ્રી કીર્તિ-

સાગરજી મ. સાહેબ સાથે બાડામાં સંવત ૨૦૨૮–૨૯ માં ચા-
ચાતુર્માસ દરમ્યાન એમના આગ્રહથી ઉપરોક્ત લેખોમાં યોગ્ય-સુધારા
વધારા કરી "પરભવનું ભાથું" નાં નામે આ પુસ્તક છપાયેલ.
પ્રથમાવૃત્તિ પ્રકાશિત થયા બાદ અલ્પ સમયમાંજ બધી નકલો ખલાસ
થઇ જવા પામેલ. બાદ આ પુસ્તકની સતત માંગ ચાલુ રહેલ. જેથી
આ દ્વિતીયાવૃત્તિ ગેજ સુધારા-વધારા સાથે બહાર પાડવી પડેલ છે.

આ આવૃત્તિમાં 'જીવનમણિ સદ્વાંચનમાળા' દ્વારા પ્રકાશિત 'પ્રભાતનાં પુષ્પો' માંથી કેટલાક લેખો સાભાર ઉદ્ધૃત કરેલ છે. જે નિત્ય મનન કરવા યોગ્ય છે. આ પ્રકાશનમાં પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સાહેબ દ્વારા નિર્મિત કેટલીક નૂતન કૃતિઓનો સમાવેશ કરવામાં આવેલ છે. 'અનિત્ય ભાવનાનું બળ' આ બાળકોનો ધાર્મિક સંવાદ આ પ્રકાશનમાં લીધેલ નથી. કારણ કે આ સંવાદ સાથે વાતાવરણની અસર નામનો બાળકોનો સંવાદ અલગ પુસ્તિકા રૂપે પ્રકાશિત કરવા ધાર્યા છે.

આ પુસ્તકમાં પ્રકાશિત લેખોનાં વાંચન-મનન દ્વારા વૈરાગ્ય [illegible] છે. પરિણામે ભૌતિક સુખો નિરસ લાગે છે. અનાદિ [illegible] આપણને [illegible] જ્ઞાન દ્વારા વૈરાગ્ય [illegible] છે. આ [illegible] ભૌતિક સુખો [illegible] વિષય-કષાયથી [illegible] છે. [illegible] ધાર્મિક સુખનો [illegible]

[illegible]

[illegible]

પ્રકાશકીય નિવેદન

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।

જૈન સંસ્કૃતિ ભારતની એક મહાન સંસ્કૃતિ છે, તેનું સાહિત્ય ણ તેટલું જ અગાધ અને વિશાળ છે. સંસ્કૃત-પ્રાકૃત વિગેરે ાષાઓમાં જૈન મુનિઓએ જે વિરાટ સાહિત્યનું સર્જન કરેલ છે, તેને દેખીને પાશ્ચાત્યો પણ આશ્ચર્યચકિત બન્યા છે.

આજે અશ્લીલ સાહિત્ય દિન-પ્રતિદિન વધારેમાં વધારે પ્રકાશિત થતું જાય છે. આ સાહિત્યની અસર હેઠળ યુવાનવર્ગનું માનસ વધારે મલીન બનતું જાય છે. આવા સમયે સંસ્કારી સાહિત્યનો વધારે પ્રચાર થાય તે ઈચ્છનીય છે.

પરમાત્મા શ્રી મહાવીરદેવની પચાસમોમી નિર્વાણ સંવત્સરી પ્રસંગે પરમાત્મા શ્રી મહાવીર દેવ જીવન સૌરભ-પરમાત્મા શ્રી મહાવીર દેવ સ્મૃતિ ગ્રંથ પ્રકાશિત કર્યા બાદ 'પરભવનું ભાતું'ની દ્વિતીયાવૃત્તિ આપ સમક્ષ રજુ કરી રહ્યા છીએ. આ પુસ્તક શ્રી બાડા જૈન સંઘના સહયોગથી પ્રથમાવૃત્તિરૂપે છપાયેલ જેની અલ્પ સમયમાં બધી નકલો ખલાસ થઈ જતાં તેમજ આ પુસ્તકની સતત માંગ ચાલુ રહેતાં દ્વિતીયાવૃત્તિ પ્રકાશિત કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

ક્રિયોદ્ધારક પૂજ્ય યુગપ્રધાન દાદા ગુરુદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. અનેક લક્ષક્ષત્રિય પ્રતિબોધક પૂ દાદા શ્રી જયસિંહસૂરીશ્વરજી મ. કવિચક્રવર્તિ પૂ. આ. શ્રી જયશેખરસૂરીશ્વરજી મ. પૂ. યુગપ્રધાન દાદા શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. આ પૂજ્યોનાં સંક્ષિપ્ત નામોથી સંકલિત..."**યુગપ્રધાન દાદા શ્રી આર્ય-જય-કલ્યાણ પ્રકાશન**" ગ્રંથમાળા હેઠળ આ ત્રીજું પ્રકાશન છે.

આર્યસંસ્કૃતિ પોષક ધાર્મિક-સાત્વિક સાહિત્ય પ્રકાશિત કરવાનો અમારો મુખ્ય ઉદ્દેશ છે. વીતરાગ સર્વજ્ઞ ભગવંતો દ્વારા પ્રરૂપિત તત્વજ્ઞાન આ વિશ્વનું રક્ષણ કરવા સમર્થ છે. બારવ્રતો ચૌદ નિયમો

નિયમાવલિ બે સંવાદો આ ચાર નિબંધો અલગ પુસ્તિકા રૂપે પ્રકાશિત કરવાની અમારી ધારણા છે. પૂજ્યોને તથા જૈન જ્ઞાન-ભંડારો લાયબ્રેરીઓને પુસ્તકો ભેટ અપાયેલ છે.

જેમ જેમ અમોને સહકાર મળતો જશે તેમ તેમ અમો પ્રાચીન-અર્વાચીન વધારે સાહિત્ય પ્રકાશિત કરવા આશાસ્પદ છીએ.

પરમાત્મા શ્રી મહાવીરદેવ સ્મૃતિ ગ્રંથ માટે વાચકો તરફથી સુંદર અભિપ્રાયો આવેલ છે. જેમાંથી કેટલાક અભિપ્રાયો આ પુસ્તકમાં છપાયેલ છે. પૂ. યુગપ્રધાન દાદા શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. નો સુંદર પ્રતિક આ પુસ્તકમાં લીધેલ છે.

આ પ્રકાશનમાં એક હજાર નકલોનો ખર્ચ શ્રીમતિ સાકરબાઇ ચેરિટી ટ્રસ્ટ હ. શેઠ શ્રી પ્રેમજીભાઇ ગેલાભાઈ દુર્ગાપુરવાળા તરફથી મળેલ છે. તેમજ અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સાહેબના આજ્ઞાવર્તિની પૂજ્ય સાધ્વીજી મ. સાહેબોની પ્રેરણાથી દાનવીરો તરફથી છુટક રકમો મળેલ છે. જેની નોંધ આ સાથે આપેલ છે. પૂજ્ય વિદુષી સાધ્વીજી શ્રી મુક્તિશ્રીજી મ. તથા તેમના પ્રશિષ્યા પૂ. સા. શ્રી જયલક્ષ્મીશ્રીજીએ છાપકામ અંગે યોગ્ય સૂચનો કર્યા છે. પંડિત શ્રી કપુરચંદભાઈએ પ્રુફ સંશોધન કરી આપેલ છે. તેમજ **ભરત પ્રીન્ટરી પાલીતાણાએ** સ્વચ્છ છપાઈ કામ કરી આપેલ છે. આ પ્રકાશનમાં આર્ય તત્વજ્ઞ જૈન મિત્રમંડળ મુંબઈના કાર્યકરોએ સહૃદયતા દાખવેલ છે. આ બધાયનો સંયુક્ત આભાર માની પુનઃ એવા સહકારની અપેક્ષા સહ આ નિવેદન પૂર્ણ કરીએ છીએ. લિ૦

યુગપ્રધાન દાદા શ્રી આર્યજયકલ્યાણ પ્રકાશન

વ્યવસ્થાપકો,

વીશનજી લખમશી મુંબઈ રતનશી ટોકરશી મુંબઈ
માવજી ધનજી ,, કુલીનકાંત બી. શાહ માંડવી કચ્છ

૨૫ ભાવુકો બેઠેલા. બાદ ૯ દિવસનાં નવકાર મહામંત્ર તપમાં ૪૫ આરાધકો હતા. તપસ્વીઓની ભક્તિ વિવિધ ઘરે થયેલ. આ તપ દરમ્યાન પૂ. મુનિ શ્રી કલાપ્રભસાગરજીએ નવકાર મંત્ર પર હૃદય-સ્પર્શી પ્રવચનો આપેલ.

તપશ્ચર્યા—ત્યાર બાદ કર્મસૂદન તપમાં ૪૦ જેટલા આરાધકો હતા. તપસ્વીઓની ભક્તિ વિવિધ ઘરોમાં થયેલ. બાદ અક્ષયનિધિ-સમવસરણ તપ થયેલ. આ તપની તથા પર્યુષણ પર્વ દરમ્યાન વયોવૃદ્ધ મહિલાઓ કે જેઓ ઘરમાં એકલ જ હોય તેઓને એકાસણું કરાવવાનો લાભ તથા સ્થાનિકમાં જૈનના ઘરો બંધ હોય તેવા પર્યુ-ષણ પર્વની આરાધનાર્થે મુંબઈથી પધારેલા સાધર્મિકોની ભક્તિનો લાભ તથા પૂજાઓનાં દર્શનાર્થે આવનાર શ્રી સંઘો તેમજ સાધર્મિક બંધુઓની ભક્તિનો લાભ તથા પર્યુષણપર્વ બાદ શાસનદેવી અચલ-અચ્છુપ્તિકાધિષ્ઠિત શ્રી મહાકાલીદેવી પૂજિત શ્રી સુમતિનાથ ભગવાનના અઠ્ઠમ તપની આરાધનામાં ૨૫ આરાધકો હતા તેઓનો પૂર્વ-ઉત્તર પારણા કરાવવાનો લાભ તથા દીપાવલિ પ્રસંગે ૭ એકાસણા ઉપર છઠ્ઠ તપ કરનારા તપસ્વીઓને એકાસણા તથા પારણું કરાવવાનો સંપૂર્ણ લાભ શેઠ શ્રી લખમશી મેઘજીભાઈ તરફથી લેવાયેલ.

પર્યુષણપર્વ—પર્યુષણપર્વમાં ઉલ્લાસ અપૂર્વ હતો. ખાસ આરાધનાર્થે ભાવુક. મુંબઈથી પધારેલા. અઠ્ઠાઈના તપસ્વીઓ ૧૩ હતા તથા છુટક તપસ્વીઓ ૪૫ થી અધિક હતા. પર્યુષણ પર્વમાં બે વખત શ્રી સંઘપૂજનો થયા હતા. સારી એવી પ્રભાવનાઓ અપાયેલ. બે વખત ગરીબોમાં મીઠાઈ અપાયેલ હતી. વિદ્યાપીઠને શાળા તથા જીવદયાનું ફંડ ખૂબ જ સારું થયેલ. યુવકોએ રાત્રી જમ-ણમાં નાસ્તાનો ત્યાગ કરેલ.

ભ. શ્રી મહાવીરદેવ અંગે જાહેર વક્તૃત્વ-નિ લેખન સ્પર્ધા-ઇનામ વિતરણ.

ભાદરવા સુદ ૭ ના શેઠ શ્રી વીશનજી લખમશીભાઇના સૌજન્યથી જૈન બોર્ડીંગના વિશાળ હોલમાં પરમાત્મા શ્રી મહાવીરદેવની ૨૫ મી નિર્વાણ શતાબ્દિના ઉપલક્ષમાં પૂ. મુનિશ્રીઓની નિશ્રામાં બોર્ડીંગના છાત્રો માટે શ્રી મહાવીરદેવ અંગે વકતૃત્વ સ્પર્ધા યોજાયેલ. નિબંધ લેખન સ્પર્ધા પણ થયેલ. આ પ્રસંગે ઇલાબેન કે. શાહ વગેરેએ સાંસ્કૃતિક ધાર્મિક પ્રોગ્રામ રજુ કરેલ. શેઠ શ્રી વીશનજીભાઇ શેઠ શ્રી ખીમજીભાઇ તરફથી ઇનામો અપાયેલ. આ પ્રસંગે પર્યુષણ પર્વમાં લાભ લેવા બદલ શેઠ શ્રી વીશનજીભાઈનું જાહેર સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે પૂ. મુનિશ્રી કલાપ્રભસાગરજી મ. બંધન અને મુક્તિ પર જાહેર પ્રવચન આપેલ.

નવપદજીની આરાધના—

નવપદજીની આસો માસની ઓળીમાં ખૂબજ સારી સંખ્યામાં આરાધકો હતા. દરમ્યાન પૂ. બાલ મુનિ શ્રી વીરભદ્રસાગરજી મ. શ્રીપાલચરિત્રનું વાંચન સુંદર રીતે કરતા. પૂ. મુનિ શ્રી કલાપ્રભસાગરજીએ શ્રીપાલ ચરિત્રમાં આવતા સંસ્કૃતિબોધક પ્રસંગો પર તથા નવપદજી પર હૃદયસ્પર્શી વિવેચન કરેલ. જેથી શ્રોતાઓનાં હૃદયમાં અભિનવ ધર્મોર્મિઓ ઉછળતી.

બાળકોને ધાર્મિક શિક્ષણ પ્રદાન—

પૂજ્યોનાં ચાતુર્માસ પ્રવેશ બાદ એમનાં પ્રયત્નોથી શ્રી જૈન સંઘ તરફથી જાહેરાત થયેલ કે ચાતુર્માસ દરમ્યાન ધર્મનું વિશે

શીખનારને રૂા. ૧૦૦ સુધીનાં વિશિષ્ટ ઇનામો અપાશે. દર રવિવારનાં બપોરે ૨।। થી ૪ વાગ્યા સુધી જૈન બોર્ડીંગના છાત્રો તથા ગામના બાળકો સહિત ૪૫ છોકરાઓને પૂ. મુનિ શ્રી કલાપ્રભસાગરજી ધાર્મિક શિક્ષણ આપતા. તેમજ ધાર્મિક પાઠશાળામાં સારી સંખ્યામાં બાલક-બાલિકાઓ અધ્યયન કરતા. આ બાળકોને ફળાદિની પ્રભાવનાઓ અપાતી.

રવિવારનાં જાહેર પ્રવચન શ્રેણી—

દર રવિવારનાં "જૈન રામયણ અને સંસ્કૃતિનો આદર્શ" એ વિષય પર પૂજ્ય કલાપ્રભસાગરજી મ. આકર્ષક જાહેર પ્રવચનો આપતા. જેનો જૈન-જૈનેતરો ખૂબજ સારો લાભ લેતા.

ધાર્મિક પરીક્ષા—

પૂજ્ય મુનિ શ્રી પાસે દર રવિવારનાં ધાર્મિક શિક્ષણ લેતા બાળકો તથા માતુશ્રી મેઘબાઇ ઘેલાભાઈ પુનશી તરફથી ચાલતી ધાર્મિક પાઠશાળામાં અભ્યાસ કરતા બાળકો તથા બાળિકાઓની પરીક્ષા સ્થાનીક કાર્યકરોની હાજરીમાં તા. ૨૪/૨૫-૧૦-૭૫ નાં રોજે લીધેલ.

દીવાળીનું વેકેશન પડતું હોવાથી બોર્ડીંગનાં છાત્રોને શેઠ શ્રી કે. પી. શાહ તરફથી ઇનામ અપાયેલ.

ધાર્મિક પરીક્ષાનું પરિણામ-ઇનામોનો જાહેર સમારંભ સૌભાગ્ય જ્ઞાનપંચમીની ભવ્ય આરાધના—

સૌભાગ્ય જ્ઞાનપંચમીનાં પૂ. મુનિ શ્રી કલાપ્રભસાગરજીએ સમ્યગ્જ્ઞાન અને આજની તિથિનો મહિમા સમજાવેલ. બાદ અહીંની બાળાઓ દ્વારા તૈયાર કરાયેલ જ્ઞાન શણગાર મંદિરનું ઉદ્દઘાટન કરાવવાનો લાભ ૭૦૧ એકાસણા તપની બોલી બોલવા દ્વારા શ્રીમતિ સાકરબેન ફફુભાઇએ લીધેલ. આ શણગાર મંદિરમાં જ્ઞાનની પ્રતોની રચના કરવામાં આવેલ. ભગવાન શ્રી મહાવીરદેવના જીવન ચરિત્રને

પાંચ નંબરે આવનારાઓને વિશિષ્ટ ઇનામો અને પાસ
...ઓને પણ ઇનામો અપાયેલ ધાર્મિક પરીક્ષામાં પર જણાં
...આ તે બધાને યોગ્ય ઇનામો અપાયેલ.

કાર્તિકી પુનમની આરાધનાર્થે છઠ્ઠતપનાં આરાધકો સારી
...હ્યામાં હતા. કાર્તિકી પુનમના મહિમા પર પૂ. મુનિશ્રીએ પ્રવચન
...આપેલું. બાદ પરમશ્રદ્ધાળુ શ્રાવક શ્રી ભવાનજી લખમશી [કે જેઓ
ચાતુર્માસનાં ૪ માસ દરમ્યાન અઠ્ઠમનાં પારણે અઠ્ઠમ કરતા] તરફથી
શ્રી સંઘપૂજન થયેલ. બાદ ચૈત્ય પરિપાટી નીકળેલ. પછી શત્રુંજય
તીર્થપટ્ટની આગળ સર્વ જણાએ ૧૦૮ ખમાસમણાં આપવાપૂર્વક
આરાધના કરેલ.

ચાતુર્માસ પરિવર્તન. વસમી વિદાય—

કારતક વદ ૧ નાં સવારનાં ૭–૧૫ વાગે પૂજ્ય મુનિશ્રીઓ
શેઠ શ્રી વેરશીભાઇ દેવજીના ઘરે ચાતુર્માસ પરિવર્તનાર્થે સસ્વાગત
પધાર્યા. ત્યાં માંગલિક શ્રવણ બાદ શ્રી વેરશીભાઇએ સપરિવાર ગુરુ-
પૂજન કરેલ. (શ્રી ભવાનજી લખમશીનાં ઘરે પગલા કર્યા એમણે
પણ સપરિવાર ગુરુપૂજન કરેલ.) ત્યાંથી ૯–૨૫ વાગે સવારનાં
પૂજ્યોએ કોઠારા પ્રતિ વિહાર કર્યો. પૂજ્ય મુનિશ્રી કલાપ્રભસાગરજીએ
વિદાય વેળાએ દેશના આપતાં જણાવેલ કે ચાર માસ પહેલા ચાતુ-
ર્માસ પ્રવેશ થયેલ ત્યારે જણાવેલ કે ચોમાસું તો પૂર્ણ થઇ જશે.
તે રીતે આજે વિદાયનો દિવસ આવી ગયો. આજનો દિવસ સૂચવે
છે કે આ દેહમાંથી એક દિવસ આપણે પણ વિદાય લેવાની છે.
એ માટે સમ્યગ્દર્શનને દૃઢ કરવા દ્વારા નિર્વાણની પરાકાષ્ટાએ
પહોંચવા પ્રયત્નો કરવાનાં છે. દુર્લભ માનવજીવનની એકેકી લાગણી
પળ સાર્થક ત્યારેજ થશે...કે જ્યારે આપણું સમ્યગ્દર્શન દૃઢ થશે,
સાચી દૃષ્ટિ મળી તો અનાદિકાલીન વિષયોનાં આવેગ તુરત જ
શમી જશે."

[illegible]

શત્રુંજયાદિ તીર્થયાત્રાની સંક્ષિપ્ત યાદી—

પૂજ્યોની પ્રેરણાથી સંવત ૨૦૩૧ ફા. વ. ૧૧ તારીખ ૨૮-૧૧-૭૫ ના રોજ ભુજપુરથી શત્રુંજયાદિ તીર્થોની યાત્રાર્થે સંઘ મારફત શેઠ શ્રી લખમશી ગેલાભાઈ [illegible] નીકળેલ. આ પ્રસંગે અચલગચ્છાધિપતિ પરમ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સાહેબ આદિ ઠાણા ૧૦ પધારેલ. પૂ. આચાર્ય શ્રી પાસેથી આશીર્વાદ લઈ-માંગલિક શ્રવણ કરી સવારનાં ૬-૩૦ વાગે શ્રી સંઘે પ્રયાણ કરેલ. ભદ્રેશ્વરમાં દર્શન કર્યાં બાદ શ્રી સંઘે ત્યાં નવકારશી કરેલ. ફરી ૯-૨૫ વાગે પ્રયાણ થયેલ તે બપોરનાં ૧ વાગે યાત્રા સંઘ મોરબી પહોંચ્યો. ત્યાં ધર્મનાથ ભગવાનનાં દર્શન કર્યાં. ત્યાં ભોજન લીધા બાદ ત્યાંથી ૩ વાગે પ્રયાણ કરેલ. તે ૪-૪૫ વાગે રાજકોટ પહોંચ્યા બાદ ૫-૧૦ વાગે ચા-નાસ્તો લીધા બાદ ચોવિહાર થયેલ. રાતનાં ૧૦ વાગે પાલીતાણા પહોંચ્યા.

ફા. વ. ૧૨

શ્રી શત્રુંજયની ઉલ્લાસપૂર્વક યાત્રા કરી. તથા પાલીતાણા રહેલ જિનમંદિરાદિનાં દર્શન કર્યાં.

ફા. વ. ૧૩ નાં શત્રુંજય ડેમ કદંબગિરિ તીર્થે આવ્યા. ત્યાં નવકારશી કર્યા બાદ ડુંગર ચઢ્યા. દર્શન-પૂજન કર્યા બાદ ભોજન લીધેલ. બપોરનાં ૧-૪૫ વાગે પ્રયાણ કરેલ તે ૪ વાગે બપોરનાં મહુવા પહોંચ્યા. શ્રી મહુવા જૈન સંઘે વાજતે ગાજતે ભવ્ય સામૈયું કરેલ. મહુવા સંઘે ખૂબજ સુંદર ભક્તિ કરી. પછી 'મણી ભુવન' વાડીમાં સંઘપતિને શ્રી સંઘે ફુલહાર કરેલ. ત્યાં ભ. મહાવીરદેવની

અન્ય મૂર્તિનાં દર્શન કર્યાં. અન્ય જિનમંદિરોનાં પણ દર્શન કર્યાં. ત્યાંથી રાત્રે ૯–૧૦ વાગે પ્રયાણ કરેલ તે રાતે ૧૦ વાગે દાઠા પહોંચ્યા. દર્શન કર્યા બાદ રાતનાં જ પ્રયાણ કરી ૧૨ વાગે તળાજા પહોંચ્યા. સવારનાં દર્શન કર્યા બાદ નવકારશી કરીને ડુંગર ચડ્યા. તીર્થયાત્રા કર્યાં બાદ જમ્યા.

કારતક વદ ૧૪

ત્યાંથી ૯ વાગે બપોરનાં પ્રયાણ કરી ૭–૩૦ વાગે સાંજે સુરેન્દ્રનગર આવ્યા. ત્યાં શેઠ શ્રી ગીરધરલાલભાઈએ 'આનંદ મંદિર'ના અતિથિ ગૃહનું ભૂમિપૂજન કર્યું. ત્યાંથી પ્રયાણ કરી રાતનાં ૧૧ વાગે શંખેશ્વર પહોંચ્યા.

કારતક વદ ૦))

શંખેશ્વર પાર્શ્વનાથનાં દર્શન-પૂજન ઉલ્લાસથી કર્યાં. ત્યાં એક દિવસ રહ્યા.

માગશર સુદ ૧

રાધનપુરનાં જિનમંદિરોનાં દર્શન કર્યાં બાદ આડેસર પહોંચ્યા ભોજન લીધું. ત્યાંથી પ્રયાણ કરી ૪–૧૫ વાગે સાંકી (કચ્છ) જૈન આશ્રમે આવ્યાં. ત્યાં ભોજન લઈ ૬ વાગે સાંજે દુર્ગાપુર (નવાવાસ) પહોંચ્યા. ત્યાં સાથીઓ સાથે પૂજ્ય આચાર્યશ્રી પાસેથી માંગલિક શ્રવણ કરેલ.

આ તીર્થયાત્રા ખાસ તો દુર્ગાપુર ગામનાં મહાનુભાવો કે જેમણે જિંદગીમાં આ તીર્થોનાં દર્શન કરેલ ન હતા તેઓને કરાવવામાં આવેલ. આમ છતાં પોતાની રીતે પણ કેટલાક મહાનુભાવો યાત્રાર્થે સાથે જોડાયેલા. મુંબઈથી પણ ખૂબજ સારી સંખ્યામાં ગામવાસીઓ પાલીતાણા પધારેલા. પાલીતાણા–શંખેશ્વરજી એમ બે સ્થાને સંઘપૂજનો થયેલ. યાત્રાળુઓને સંઘપતિ તરફથી ભ. શ્રી મહાવીરદેવના ચિત્રથી

[illegible]

[illegible]

[illegible]

૧૦૧) શા. [illegible]

૧૦૧) શા. [illegible] સ્મરણાર્થે ગોધરા કચ્છ

[illegible] પાસુભાઈ

૧૦૧) શા. રતનશી ચાંપશી [illegible] હૈદરાબાદ

પૂજ્ય સાધ્વી શ્રી અરુણપ્રભાશ્રીજી મ. ની પ્રેરણાથી

મલાડ (મુંબઈ) ચાતુર્માસ પ્રસંગે.

૨૫૧) શા. હંસરાજ માલશી મોટા આસંબીઆ

માતુશ્રી મેઘબાઈની તપસ્યા નિમિત્તે.

૧૨૫) શ્રી આદિજિન મહિલા મંડળ મલાડ

૧૦૧) શ્રી હીરજી માવજી ગાલા નાના આસંબીયા

શ્રીમતિ સાકરબાઈ હીરજીનાં સ્મરણાર્થે

પૂ. સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ. ની પ્રેરણાથી

૧૨૫) શા. કેશવજી કુંવરજી બીદડા કચ્છ

---

૧૦૧) શ્રી આર્ય તત્ત્વજ્ઞ જૈન મિત્ર મંડળ મુંબઈ

*

પરભવનું ભાતુંની અનુક્રમણિકા

૧૫૧) એક સદ્‌ગૃહસ્થ

પૂજ્ય સાધ્વી શ્રી ગિરિવરશ્રીજી મ. પૂ. સા. શ્રી સુરેન્દ્રશ્રીજી મ. નાં ગોધરા ચાતુર્માસ પ્રસંગે એમની પ્રેરણાથી.

૧૫૧) માતુશ્રી વેલબાઇ નાંગશીં ગોધરા કચ્છ
હ. સુપુત્ર જાદવજી

૧૦૧) શા. જખુભાઈ નથુ

૧૦૧) શા. ખીમજી પાલણના સ્મરણાર્થે ગોધરા કચ્છ
હઃ પાસુભાઇ

૧૦૧) શા. રતનશીં ચાંપશીં દેઢીઆવાલા હૈદરાબાદ

પૂજ્ય સાધ્વી શ્રી અરૂણપ્રભાશ્રીજી મ. ની પ્રેરણાથી મલાડ (મુંબઇ) ચાતુર્માસ પ્રસંગે.

૨૫૧) શા. હંસરાજ માદણ મોટા આસંબીઆ
માતુશ્રી મેઘબાઇની તપસ્યા નિમિત્તે.

૧૨૫) શ્રી આદિજિન મહિલા મંડળ મલાડ

૧૦૧) શ્રી હીરજી માવજી ગાલા નાના આસંબીયા
શ્રીમતિ સાકરબાઇ હીરજીનાં સ્મરણાર્થે

પૂ. સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ. ની પ્રેરણાથી

૧૨૫) શા. કેશવજી કુંવરજી બીદડા કચ્છ

---

૧૦૧) શ્રી આર્ય તત્ત્વજ્ઞ જૈન મિત્ર મંડળ મુંબઇ

*

પરભવનું ભાતુંની અનુક્રમણિકા

પરભવનું ભાતું

વિભાગ ૧ લો.

[વિવિધ લેખો]



: સંપાદક :

અચલગચ્છાધિપતિ પૂ૦ આચાર્ય ભ. શ્રી
ગુણસાગરસૂરીશ્વરજી મ. સાહેબના શિષ્ય
મુનિ શ્રી કલાપ્રભસાગરજી મ.

શ્રી નવકાર મહામંત્ર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચનમુક્કારો, સવ્વપાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હોઇ મંગલં.

***

મંગલ ભાવના

વંદે મહાવીરં, વંદે મહાવીરમ્.
અકલં સકલં લલિતમહાબલં,
નિત્ય નિર્મલં શ્રી જિનં....વંદે૦
વિશ્વસ્વામિનં નિરુપમનામિનં,
અપુનર્ભવં મંદિરવાસિનં;
વિભાસિનં સ્વગુણવિલાસિનં,
સુખદં શિવદં શ્રીજિનં....વંદે૦

પૂ૦ માણિક્યસિંહસૂરિ

॥ ॐ હ્રીં શ્રી નમો અરિહંતાણં ॥

મંગલ-મૃત્યુ [સમાધિ મરણ]

જીવન એક કળા છે તો મૃત્યુ પણ એક મહાન કળા છે.

જન્મ્યા એટલે આપણે બધાય મરવાના જરૂર....એ નિઃશંક સત્ય છે. ઇચ્છા હોય કે ન હોય પણ કાળરાજાથી કોઈ પણ છુટવાના નથી. જન્મ્યા એજ આપણો મોટામાં મોટો ગુનો છે. કાળના ઝપાટામાંથી-મૃત્યુમાંથી જે હંમેશાં માટે છુટી જાય તેજ ખરેખર ધન્યવાદને પાત્ર છે. કિન્તુ તે અવસ્થા મુક્તિ-પંચમગતિ સિવાય બીજા સ્થાને નથી.

જીવ જન્મ્યો એટલે તત્ક્ષણથી જ એને મૃત્યુ લાગુ પડે છે. ક્ષણે ક્ષણે મૃત્યુ સામે ભમી રહ્યું છે, પણ એને દૂર કરવાની શક્તિ કોઈની નથી. ચરમ તીર્થંકર-ત્રણે લોકના નાથ સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુ એક સમય પુરતું પણ મૃત્યુ અટકાવી શકયા નથી. "ભસ્મરાશિગ્રહ પ્રભુ મહાવીરની હાજરીમાં બેસી જાય તો પ્રભુએ સ્થાપેલ ચતુર્વિધ સંઘને એ ગ્રહની ખરાબ દૃષ્ટિ કંટકરૂપ ન બને" એ માટે ઇન્દ્રે આસન્નમુક્તિગામી પ્રભુ વીરને કહ્યું કે ભગવંત ! આપ એક સમય થોડું વધારે રહી જાઓ ત્યારબાદ અર્થાત્ ભસ્મરાશિગ્રહ આપની હાજરીમાં બેસી ગયા બાદ આપ ભલે મુક્તિમાં જાઓ. ત્યારે પ્રભુએ ઉપદેશ્યું કે, આયુઃકર્મ પૂર્ણ થયે મારી-તીર્થંકરની

પણ શક્તિ નથી કે, હું એક સમય જેટલો અલ્પ કાળ પણ આયુષ્ય વધારી શકું. જુઓ! પ્રભુ વીર પણ સ્વ-સ્થાપિત તીર્થને નિષ્કંટક બનાવવા માટે પણ મૃત્યુને એક સમય માટે પણ દૂર ન કરી શક્યા. તો આપણે મૃત્યુથી બચવાના નથી એ ચોક્કસ છે, શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કેઃ-

मृत्योर्बिभेषि किं बाल! स च जातं न मुञ्चति।
अजातं नैव गृह्णाति कुरु यत्नमजन्मनि ॥ १ ॥

અર્થાત્ હે બાળક! તું મૃત્યુથી શા માટે ડરે છે? 'મરી જઈશ મરી જઈશ' એવી અશુભ ભાવના જ તને કાયર બનાવે છે. હે માનવ! જો તું મૃત્યુથી ધ્રુજ્યો તો તારામાં અને અણસમજુ બાળકમાં શું અંતર છે? એટલે તો પૂર્વ મહર્ષિ ભગવંતોએ માનવને બાળક કહ્યો છે, જગત્નો સનાતન નિયમ છે કે "મૃત્યુ જન્મ પામેલાને મુકવાનું નથી જ. અને નહિ જન્મેલાને ગ્રહણ કરવાની એનામાં તાકાત નથીજ." માટે હે મહાનુભાવ! ફરીવાર જન્મવું ન પડે તેના માટે યત્ન કર! આ જગતમાં જન્મ ન જ લેવો પડે એમાં જ આત્માનું ડહાપણ છે. પણ મૃત્યુથી ડરવું કે શોક કરવો, એ મહામૂર્ખતા છે. પણ પોતે જન્મ્યો શા માટે? એવો પુનઃ પુનઃ પશ્ચાત્તાપ કરવો એ ડહાપણ કહેવાય.

એક અંગ્રેજી કવિએ કહ્યું છે કે—એક નાનો બાળક અંધારા ઓરડામાં જતાં જેમ ગભરાય છે, અને ભૂત પ્રેત ચોરાદિની કાલ્પનિક કથાઓથી તેનો ભય વધતો જાય છે. તે જ રીતે માણસો મૃત્યુથી ડરે છે. મૃત્યુ માટે જાત-જાતની

કલ્પનાઓ કરે છે. અને આવાં બીકણ મનુષ્યો મૃત્યુ પહેલા જ કાયર બની મૃત્યુના ભયથી જ મરી જાય છે 'Cowards die times before death'

મૃત્યુથી ગભરાય કોણ ?

જેની આખી જીંદગી ધર્મ–પુણ્યાર્જન વિના નિષ્ફળ ગઈ હોય, પાપોના ભારા બાંધ્યા હોય તેજ મૃત્યુથી ડરે છે. પણ આખા જીવનભર ધર્મની અપૂર્વ સાધના કરનાર પુણ્યશાળી આત્મા શાં માટે ડરે ?

સામાન્ય રીતે કહેવત છે કે, "મૃત્યુ એ કાયદો છે, સજા નથી... કે આપત્તિ નથી." અને એ તદ્દન સહજ છે કે, પ્રકૃતિના આ સનાતન નિયમમાંથી સૌ કોઇને પસાર થવું જ રહ્યું.

જન્મ અને મરણનું ભયંકર ચક્ર અનાદિ કાળથી ચાલ્યાં જ કરે છે. પણ કર્મક્ષય કરી મૃત્યુ પરના વિજયથી આ ચક્રને જરૂર ભેદી શકાય છે.

"મરના મરના કયા કરે, મરી ન જાણે કોય;
મરના એસા કીજીએ, ફીર મરના ના હોય."

એક દૃષ્ટાંત

એક મહાત્માને તેના એક જિજ્ઞાસુ શિષ્યે આશ્ચર્યપૂર્વક પૂછ્યું કે "ગુરુદેવ! મૃત્યુ એટલે શું ? કૃપા કરી આપ મૃત્યુ વિષે થોડું–ઘણું મને સમજાવો."

ત્યારે મહાત્માએ પણ ગંભીર વચનો દ્વારા આશ્ચર્ય

પૂર્વક સામું પૂછ્યું કે અરે ! તને ખબર છે કે જીવન એટલે શું ? શિષ્ય મૌન રહ્યો ત્યારે મહાત્માએ પુનઃ કહ્યું કે જ્યારે તને જીવનનું પણ પુરતું જ્ઞાન નથી તો 'મૃત્યુ એટલે શું ?' એ શા માટે પૂછે છે ? હું તને આજે મૃત્યુ વિષે નહિં પણ જીવન વિષે સમજાવીશ. કારણ કે જે જીવનને સમજે છે તે જ મૃત્યુને સત્ય રીતે સમજી શકે છે. જીવન એ અદ્[ભુત] કળા છે તો મૃત્યુ એ અતિ અદ્ભુત મહાકળા છે. જે સત્ય ર[ીતે] જગતમાં રહી જીવી જાણે છે તેજ યથાર્થ રીતે મરી જાણે[...]

મહાત્મા પોતાનું વક્તવ્ય લંબાવી રહ્યા હતા. સૂર્યદે[વ] તો ક્યારની વિદાય લઈ અસ્તાચલ પાછળ છુપાઈ ગયા હતા. ચારે બાજુ ભય ઉપજાવે તેવો ઘોર અંધકાર જામી ગયો હતો. જીવનની કળા ગુરુદેવ સમજાવી રહ્યા છે એ જાણી બધા શિષ્યો પંક્તિબદ્ધ બેસી ગયા.

ચર્ચામાં આગળ વધતાં મહાત્માએ બાજુમાં ઝગમગતા દીવા (કોડિયા) ના ધ્યાનમાં જીવનની કળા સમજાવવાની શરૂઆત કરી કે જુઓ બેટા ! આ દીવો માટીથી બનેલો છે. એમાં માટી-પાણી આદિના મીશ્રણથી જે આકાર બન્યો છે તેનું નામ છે કોડિયું (દીવો)! આપણું શરીર પણ કોડિ[યા] [illegible] તેમ માટીનું પુતળું જ છે. પણ કોડિયું એમ ને એમ પડ્યું રહેવાથી એની સાર્થકતા નથી. કોડિયાનું ખરું કાર્ય છે અંધકારને દૂર કરીને પ્રકાશ પાથરવાનું, તેમ આ શરીરની [illegible] આત્માને પ્રકાશ આપી પોતાના જીવનને ધન્ય બનાવવાનું છે.

જેમ આ કોડિયું પણ કપાસ...ઘી. દીવાની જરૂર છે. તેને અગ્નિ દીવાસળીનો કે અગ્નિનો સંયોગ કરાવીએ પ્રકાશમય બનાવાય છે, આપણે માટીનું બનેલું કોડિયું-દીપક (પ્રકાશ આપનાર) છે. ઈશ્વરે બનાવેલ પોતાના જીવનને પ્રકાશ આપવા એનો જ એની અંદર મૂકેલા છે. તેમ આત્મ-દેહરૂપ કોડિયામાં ઝળહળતું આત્મ-દીપક મૂકાય છે. તેમજ શુદ્ધાત્મસ્વરૂપ ઘી કે તેલ મૂકાય છે. આ બધું મળવા છતાં હજી તેનું જીવન સાર્થક નથી. સદ્ગુરુ ભગવંત દ્વારા જ્ઞાનની દિવ્યાગ્નિનો સંયોગ થવા બાદ એનો પ્રકાશ આપણે આપણા આત્મ જ આત્મદેહરૂપ કોડિયાની અંદર સાર્થકતા મળાય.

જો આવા સંયોગો ન મળે, દીવેલ-ઘી-દીવાસળી-અગ્નિ-રૂપી જ્યોતિનો સંયોગ ન થાય તો એવા કેટલાય કોડિયા બને છે. કેટલાક ફૂટી કે તૂટી જાય છે ને પાછા ધૂળ માટીમાં મળી જાય છે. આત્મજીવનરૂપ કોડિયાની પણ આવી જ સ્થિતિ છે. ભક્તિભાવ અને જ્ઞાની-ગુરુદેવની જ્યોતિ વિના જન્મનાર અને જીવનાર આત્મજીવનરૂપ કોડિયાં પણ ફેંક આવે છે. અને મૃત્યુ પામી ચોરાશી લાખ જીવયોનિમાં રખડી, ભટકીને ફૂટાય છે. એના જન્મથી એક આત્મજંતુનો વધારો થયો, ને એના મરણથી કોઈને તેની ખોટ ન દેખાઈ. એ તો આવ્યો ને ગયો. ગયો નહિ પણ પાછો થયો. કોઈ મરી જાય તો કેટલાક કહે છે ને કે "પાછો થયો."

સદ્ગુરુના સંયોગ દ્વારા જ્ઞાન ને ભક્તિની પ્રાપ્તિ થવા

[illegible]

રાતો આગળ વધી રહી હતી. ગુરુદેવ મહાત્માને આટલી વાર સુધી સતત બોલી રહ્યા હતા. [illegible] થાકી પણ ગયા હતા. જરાક ઊંઘ્યા. ત્યાં તો બહારથી એક પવનનો ઝાપટો આવ્યો. પવનનો ઝાપટો આવતાં વેંતજ મહાત્મા ચીસ પાડી ઉઠયા. તેટલી વારમાં તો નજીકમાં રહેલો જગમગાટ કરતો દીપક બુઝાઈ ગયો. સર્વત્ર ઘોર અંધકાર છવાઈ ગયું. અને આશ્ચર્ય તો એ થયું કે જેવો દીપક બુઝાયો કે તરત જ મહાત્મા ડૂસકે ડૂસકે જોરથી કરૂણ આક્રંદ (રુદન) કરવા લાગ્યા. શિષ્યોએ જાણી લીધું હતું કે ગુરુદેવ ડૂસકા ભરી રડી રહ્યા છે. આટલા દિવસોમાં ગુરુદેવના પ્રસન્ન મુખ પર ક્યારે પણ ગ્લાનિ, રુદન કે અશ્રુનું જલબિન્દુ પણ જોયું નથી. અને હમણાં રડયા શા માટે? બધાય શિષ્યો મહાત્માના બન્ને ચરણોમાં પડી વારંવાર પૂછવા લાગ્યા કે ગુરુદેવ! આપે પ્રથમ ચીસ પાડી અને ત્યારબાદ શા માટે રડો છો?

બધાય શિષ્યોને એમજ લાગ્યું કે ગુરુદેવને દીપક ઓલ-ાઈ ગયો તેનું જ દુઃખ છે. નહિ તો જીવનકળા સમન્ત-તા ગુરુદેવ આટલી વારમાં રડે શા માટે?

ત્યાં બધાય બોલી ઉઠયા કે ગુરુદેવ! આ નાનકડો દીપ

કોઇએ બુઝવ્યો નથી પણ પવનના ઝાપટાથી બુઝાઇ ગયો છે. આપ શાંત થાઓ. હમણાં જ એને ફરીવાર પ્રગટાવી દઇએ છીએ. પણ આપ એકવાર શાંત થાઓ.

ચરણોમાં પડેલા શિષ્યોના મસ્તકો ગુરુદેવની અશ્રુધારાથી ભીંજાઇ ગયા હતા. મસ્તકોને ઉંચા કરી, અશ્રુ લુંછી પુનઃ પ્રસન્નવદને ગુરુજી બોલ્યા કે વત્સો! આ દીપક બુઝાઈ ગયો કે પવનનો ઝાપટો આવ્યો એના માટે હું રડતો નથી પણ....

બધાય આશ્ચર્યમાં ડૂબી ગયા કે હ્યો ગુરુદેવ કહે છે કે "હું દીપક બુઝાઇ ગયો એટલા માટે રડતો નથી પણ" આગળ શું કહે છે તે સાંભળવા બધા આતુર થઈ ગયા.

પણ હું માનવજીવન રૂપ દીપકની દશા માટે રડું છું. પવનનો ઝાપટો આવ્યો તેટલા માટે મેં ચીસ ન્હોતી પાડી. પણ આજે માનવને મૃત્યુનો પવનરૂપ ઝાપટો આવે છે ને ધ્રૂજી જાય છે. કાયર બની જાય છે. એટલા માટે ચીસ પાડી. જેમ આ દીપક પવનના એકજ ઝાપટાથી બુઝાઇ ગયો તેમ અવિનય, અભિમાન અને પ્રમાદ રૂપ પ્રબલ વાયુમાં માનવની પણ આવી જ દશા થાય તો શું થાય? હું એટલા માટે જ રડી રહ્યો છું.

બધાયની આંખોમાંથી અશ્રુધારા વહી હતી. અશ્રુ લુંછતાં બધાંય એક સાથે બોલી ઉઠ્યા કે ગુરુદેવ! આપનું કહેવું નિઃશંક સત્ય જ છે. આપે બરોબર દ્રષ્ટાંત આપી અમોને સમજાવ્યું છે.

જુઓ વત્સો! આ માટીના કોડિયાએ પ્રબલ પવનના

અર્થાત્ એકવાર બીજ નાશ પામ્યા પછી તેમાંથી અંકુરા
ફુટી શકતા નથી તેમજ માનવજીવનમાં પણ કર્મબીજ
સર્વથા ક્ષય થતાં જન્મ અને સંસાર પણ પુનઃ ઉગતા નથી.
અર્થાત્ જીવ મુક્ત બની જાય છે.

માટીના સમૂહરૂપ દેહપિંજરનો નાશ થતાં ભય ન થવો
જોઇએ. કારણ કે આત્મા તો જ્ઞાનરૂપ છે. દેહ એ આત્મા
નથી; અને આત્મા એ દેહ નથી. બન્ને એક–બીજાથી ભિન્ન
છે. મૃત્યુ તો શરીરનું થાય છે. આત્માનું કદી મૃત્યુ થયું
નથી અને થાશે નહિં. કર્મસંયોગે જ શરીર અને આત્માનો
સંબંધ છે, શરીરના નાશમાં ડરવાનું હોય શું ? ઉલ્ટું
જર્જરિત સડેલ દુર્ગંધમય દેહપિંજરના ત્યાગમાં આનંદ
આવવો જોઈએ.

મૃત્યુ એ આફત કેમ ?

જ્ઞાનસ્વરૂપી આત્મા મૃત્યુ માટે માયકાંગલો બની જાય
તો સમજો એ મૃત્યુને આફતરૂપ બનાવી દે છે. એની
બધીયે સાધના "દળી દળીને ઢાંકણીમાં" જેવી બની રહેશે.
આ જન્મની સાધનાનો તાર નવા જન્મની સાધના સાથે
અખંડપણે સંકળાઇ નહિં રહે. એ તાર તુટી જશે. પુનઃ
તે સાધનાના તાર સાંધતા ઘણો સમય લાગી જશે. મૃત્યુ
સમયે અશુભ વિચારોમાં એ ક્યાં જશે એ કોને ખબર ?
માનવભવ એનાથી કેટલો દૂર રહી જશે એ પણ કોને
ખબર ? આ જન્મની સાધનાને વિસ્મૃતિના પડદા અટકાવ-

જિનેશ્વર ભગવંતોની આગળ પણ સમાધિમરણની પ્રાર્થના કરવાની કહી છે કે— હે પ્રભુ! આપને પ્રણામ કરવાના ફળ તરીકે મને સમાધિમૃત્યુ મળો. અને તરત જ કહ્યું કે એની સાથે બોધિબીજનો પણ લાભ મળો. આ કેટલી ઉચ્ચ માંગણી છે? બસ જીવનની અંત ઘડીઓ સુધરી ગઇ તો તેનો આત્માનંદ કાયમ ટકવાનો, અને શુભગતિમાં અવશ્ય જવાનો, ક્રમે કરી મૃત્યુ પર પણ જરૂર વિજય મેળવવા શક્તિશાળી બનવાનો. આપણે પણ હરરોજ પ્રભુ વીતરાગ પાસે પણ આવા સમાધિમૃત્યુની માંગણી કરવાની છે!

ગમે તેમ થાય પણ આત્માને કાયમી આનંદમાં રાખવા માટે ગમે ત્યારે મૃત્યુ પર વિજય મેળવવો રહ્યો. મૃત્યુ વિનાના જીવનની કલ્પના કરીશું તો જીવન એક બોજા રૂપ લાગશે; મૃત્યુ છે તો જ જીવવનું મૂલ્ય સમજાય, અંધકારના અસ્તિત્વમાં જ પ્રકાશનું મૂલ્ય જણાય. આપણે દિવસભર કામ કરી થાકી ગયા બાદ ઉંઘ-નિદ્રા દ્વારા જેમ સ્ફુર્તિ-શાંતિ પ્રાપ્ત કરીએ છીએ તેમ મરણ દ્વારા જીવનનો થાક ઉતરે છે. અને પરભવમાં બીજા જીવનનો આનંદ મળે છે.

જો મૃત્યુ હસતે મોઢે ગ્રહણ કરે. શુભ ધ્યાનમાં મૃત્યુ પામે તો જ એની સાધના કાયમી રહે તે આપણે આગળ કહી ગયા છીએ. હવે મૃત્યુ સમયે આત્માને શુભ ધ્યાનમાં રાખવા માટે નિમ્નોક્ત પાંચ વિચારો કેળવવા જરૂરી છે.

(૧) દશ દષ્ટાંતે અતિદુર્લભ આ માનવભવ મને મલ્યો છે. હું તો કેટલો ભાગ્યશાળી છું? જેને દેવતાઓ પણ

પળે પળે ઇચ્છે છે તે માનવભવ હું પામ્યો છું.

(૨) સર્વજ્ઞ શ્રી વીતરાગ ભગવંત મારા દેવ છે; અને પંચમહાવ્રતધારી સંયમી સાધુ ભગવંત મારા ગુરુ છે અને જિનેશ્વર ભગવંતોએ ભાખિત જૈનધર્મ એજ મારો ધર્મ છે.

(૩) મેં આખી જિંદગી મોજશોખમાં ગુમાવી. હવે પરલોકમાં મારું શું થશે ?

(૪) ખરેખર કુટુંબ-વૈભવ આદિના સંબંધો ચાર દિવસની ચાંદની જેવા છે.

(૫) હવે મારે ચાર શરણાં સ્વીકારી લેવા જરૂરીજ છે. ચોરાસી લાખ જીવયોનિમાં રહેલા બધાય આત્માઓને મારે ખમાવી લેવા જોઇએ; દુષ્કૃતગર્હા કરવી જોઇએ. સુકૃતોની અનુમોદના કરવી જોઈએ. ભાવવાહી સ્તવનાદિનો સ્વાધ્યાય કરવો જોઇએ.

બસ આ રીતે જીવ જો સતત જાગૃતિ રાખે તો એ મૃત્યુ....'મંગલ-સ્વરૂપ' બની જાય છે.

"શિવમસ્તુ સર્વજગતઃ"



પાંચ પ્રશ્નો

[...ુના સેવકે સવારમાં ઊઠતાં નવકાર મંત્રનું સ્મરણ કરીને પોતાના આત્માને પાંચ પ્રશ્નો પૂછવા.]

૧. હું કોણ છું ?

ઉત્તરઃ હું શરીર નથી, શરીરધારી આત્મા છું. શરીરથી ...ા, અનંત જ્ઞાનનો ભંડાર, અનંત સુખથી ભરેલ અવિ... ...શી આત્મા હું છું.

...શ્ન ૨. ક્યાંથી આવ્યો ?

ઉત્તરઃ ચાર ગતિમાં ભટકતાં ક્યાંકથી આવ્યો છું.

પ્રશ્ન ૩. ક્યાં જઈશ ?

ઉત્તરઃ આ જીવનમાં કરેલાં સારાં ખોટાં કર્મોના ફલને ભોગવવા કોઈ ગતિમાં આયુષ્ય પૂરું કરીને ચાલ્યો જઈશ.

પ્રશ્ન ૪. હું શું કરું છું ?

ઉત્તરઃ આત્માને ભૂલીને શરીરને પોષવા, પાંચે ઇંદ્રિયોના મનગમતા વિષયો ભોગવવા અને ધન કમાવા માટે દિવસ-રાત્રિ ઉદ્યમ કરી રહ્યો છું.

પ્રશ્ન ૫. મારે શું કરવા લાયક છે ?

ઉત્તરઃ અઢારે પાપસ્થાનકને છોડીને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ ઉત્તમ પ્રકારનાં ધર્મનાં કામો મારે હંમેશાં કરવા લાયક છે. મનુષ્ય જીવનમાંથી આત્મા પરમાત્મા બની શકે તેમ છે. પરમાત્માના માર્ગે ચાલવા માટે ઉત્તમ ધર્મ-

ક્રિયા અને તત્વજ્ઞાનનો અખંડ અભ્યાસ મારા જીવનમ
હંમેશાં કરવા લાયક છે.

***

તારું શું થશે ?

હે આત્મન્ ! ભવાંતરથી લાવેલ પુણ્ય ખાઈ જાય છે, નવું પુણ્ય ઉપાર્જન કરવાના રીતસરના ઉદ્યમ કરતો નથી,

પરભવમાં તારું શું થશે ?

માયામાં મૂંઝાયો, મમતામાં મરાયો, તૃષ્ણામાં તણાયે આશામાં અટવાયો, જીવન વહી જાય છે,

વિચાર કર, તારું શું થશે

વિષયોના અપવિત્ર ખાડામાં ખૂંચ્યો, વિષયોની કારમ જાળમાં જકડાયો, ધર્મને હૈડે ધર્યો નહિ,

ધર્મ વિના તારું શું થશે ?

પાપકાર્યોમાં હોંશિયારી, ધર્મના કાર્યમાં ઉત્સાહ વિનાનો, પ્રમાદનો પાર નહિ, આત્મકલ્યાણમાં આળસ,

તારું શું થશે ?

દેવગુરુને બરાબર ઓળખવા નહિ, એમની ઉત્તમ સેવાથી વંચિત રહેવું, ધર્મની જરૂરીઆત ઉપર ધ્યાન આપતો નથી, આગળ પાછળનો વિચાર કર, સમજ, નહિ તો,

તારું શું થશે ?

કંચન ને કામિની, બે જ જીવનના આદર્શ માન્યા, એની પાછળ જીવનની સર્વ શક્તિઓ હોમે છે, પરમાત્માના

...ક તત્ત્વને ઓળખવા, જીવનમાં ઉતારવા જરા પણ
... કે પ્રયત્ન કરતો નથી.
તો ચેતન! તારું શું થશે?

... પાંચે ઇન્દ્રિયોની પરવશતામાં પડી, મોજશોખમાં લીન
... અનેક કાર્યોમાં જાણ્યે અજાણ્યે સપડાઇ જાય છે. રે!
...દ્રિયોના ગુલામ! વિષયવૃક્ષના કીડા! તારું શું થશે?
... વ્યસનો વહાલાં લાગે છે, આરંભાદિકમાં આગળ વધ-
...માં જ પ્રગતિ માને છે, વિપર્યાસમાં આથડતા પામર જીવ!
તારું શું થશે?

[દરેક આત્માર્થીએ એકાંતમાં પોતાના આત્માને આ
પ્રશ્નો પૂછવા, એનો જવાબ લેવો, શુભ માર્ગમાં નિશ્ચળ
બનવું. સર્વે પરમ કલ્યાણ પામો!!!!]

***

ત્યારે તું શું કરીશ?

બુદ્ધિમાન માનવ!

જ્યારે શરીર રોગોથી ઘેરાઈ જશે, વહાલાંઓના અનેક
...કારના ઉપાયો અફળ થશે, વૈદ–દાક્તરો પોતાના છેલ્લા
...ઉપાયો અજમાવી હાથ ખંખેરશે, સૌ સ્નેહીઓ ગમગીન
બનશે, છેવટની ઘડીઓ ગણાતી હશે,
ત્યારે તું શું કરીશ?

શ્વાસ ઘૂંટાતો હશે; નાડોના ધબકારા જુદા હશે, કોઇ

[illegible]

ત્યારે તું શું કરીશ?

[illegible]

ત્યારે તું શું કરીશ?

અથવા તો : . . .

માથે ટાલ પડશે, કાનથી ઓછું સંભળાશે, આંખે બરાબર દેખાશે નહિ, પાણી ટપકયા કરશે, નાકમાંથી લીંટ ચૂવા કરશે, મોઢામાંથી લાળ ઝરતી હશે, ઉધરસ અને કફથી છાતી ભરાઈ ગઈ હશે, હાથ-પગની શક્તિ નરમ પડી હશે, કમર વળી ગઈ હશે, લાકડીના ટેકા વિના ચાલવું ભારે થઈ પડયું હશે, સાંધા કડ કડ કરશે, સર્વથા પરવશ બની જવાશે, જીવન અકારું લાગશે, સ્વભાવ ચીડિયો બની જશે, એક પણ ધારણા સફળ નહિ કરી શકાય, દુઃખમાંથી છૂટવા મોતની ઈચ્છા રાખવાના પ્રસંગો આવશે,

ત્યારે તું શું કરીશ?

સંયમ, શાંતિ, ક્ષમા, દયા, આદિ ગુણરત્નોને મેળવવા માટે
આજથી જ તૈયાર થઈ જા. સુંદર ધર્મક્રિયાઓ અને ઉત્તમ
તત્ત્વજ્ઞાન આ બંને સાધનોથી તરી જવાશે. એને મેળવવા
સાચો ઉદ્યમ કર. આખરે વિજય આત્માનો છે.



તે વખતે તારું કોણ ?

ભાગ્યવાન માનવ ! અતુલ શરીરબળ, અધિકારબળ,
રવારબળ આદિ અનેક બળ મળવાથી મદમસ્ત થઈને
ર છે, કોઈની શિખામણ સાંભળવા તૈયાર નથી, પરમાત્માનું
મ ગમતું નથી, સંત પુરુષોની સંગતિ કરતો નથી, જીવનને
ંધા માર્ગે ચડાવી રહ્યો હોવા છતાં પોતાને હોંશિયાર માને
છે. પરલોકને ભૂલીને આ લોકમાં જ મહાલવા માટે સર્વ ઉદ્યમ
આચરી રહ્યો છે, આત્માના વિચારને લેશ માત્ર હૈયામાં લાવતો
ંની વાતોને નકામી માનીને, ધર્મની આરાધના
ચેલા ગણીને તે તરફ સહેજ માત્ર અંતરંગ પ્રેમ
નથી. માનવજીવનની સફળતા માટે સંત પુરુષો જે
વે છે તેનાથી ઉલટા રાહે ચાલવા છતાં પોતાનો જ
ાપણું ભરેલો માને છે.

પણ હું તને પૂછું છું કે—

ત શરીરમાં અનેક દર્દોનું આક્રમણ થશે, સ્નેહી-
પચારો સફળ નહિ બને, ભલભલા ડીગ્રીધર
હકીમો ઉપાયો કરવા છતાં નિષ્ફળ નિવડશે.

હવે ચેતવું છે?

પુણ્યવાન પ્રાણી! આત્માની ઓળખાણ વિના તેં કાળ એળે ગુમાવ્યો—

હવે ચેતવું

ગર્ભાવાસમાં નવ મહિના ઊંધે માથે લટક્યો, બાળ ધૂળ અને વિષ્ટા ચૂંથવામાં, યુવાની ઉન્માદમાં, વૃદ્ધાવ ચિંતામાં પસાર કર્યો—

હવે ચેતવું છે

રોગો આક્રમણ કરે છે, મનની પીડા વધતી જાય જરા-રાક્ષસી ભરખી લેવા મુખ પહોળું કરી રહી છે, યમ રાજની કારમી તલવાર માથે ઝઝુમી રહી છે—

હવે ચેતવું છે?

ધન માટે ઘણું ધાયો, ઇંદ્રિયોની ગુલામી ઘણી કરી, પ્રેમદાના (નારીના) પ્રેમપાશમાં ફસાયો, કુટુંબના સ્વાર્થી સ્નેહમાં મૂંઝાયો, આત્માની સંભાળ લેવા ક્ષણ માત્ર વિચાર કર્યો નહિ—

હવે ચેતવું છે?

મમતામાં મૂંઝાયો, રાગથી રંગાયો, દ્વેષમાં ડુબ્યો, ક્રોધમાં કૂટાયો, માનથી મરાયો, માયાજાળમાં જકડાયો, લોભમાં લપટાયો—

હવે ચેતવું છે?

પ્રભુને ભૂલ્યો, સંતસેવા કરી નહિ, સત્સંગ સાધ્યો નહિ, ઇંદ્રિયોને અંકુશમાં રાખી નહિ, આયુષ્ય થો[illegible] ઉપાધિ વધી, ચેતન!

હવે ચેતવું છે

[illegible] આયુમાં બાકી છે. આત્મા પ્રત્યે દૃષ્ટિ ફેરવ [illegible] માર્ગનો વિચાર કર. ત્યાગ, તપ, વૈરાગ્ય, સત્ય

, શાંતિ, ક્ષમા, દયા, આદિ ગુણરત્નોને મેળવવા માટે થી જ તૈયાર થઈ જા. સુંદર ધર્મક્રિયાઓ અને ઉત્તમ જ્ઞાન આ બંને સાધનોથી તરી જવાશે. એને મેળવવા થો ઉદ્યમ કર. આખરે વિજય આત્માનો છે.



તે વખતે તારું કોણ ?

ભાગ્યવાન માનવ ! અતુલ શરીરબળ, અધિકારબળ, પરિવારબળ આદિ અનેક બળ મળવાથી મદમસ્ત થઈને ફરે છે, કોઇની શિખામણ સાંભળવા તૈયાર નથી, પરમાત્માનું નામ ગમતું નથી, સંત પુરુષોની સંગતિ કરતો નથી, જીવનને ઉંધા માર્ગે ચડાવી રહ્યો હોવા છતાં પોતાને હોંશિયાર માને છે. પરલોકને ભૂલીને આ લોકમાં જ મહાલવા માટે સર્વ ઉદ્યમ આચરી રહ્યો છે, આત્માના વિચારને લેશ માત્ર હૈયામાં લાવતો નથી, ધર્મની વાતોને નકામી માનીને, ધર્મની આરાધના કરનારને ઘેલા ગણીને તે તરફ સહેજ માત્ર અંતરંગ પ્રેમ દાખવતો નથી. માનવજીવનની સફળતા માટે સંત પુરુષો જે માર્ગ બતાવે છે તેનાથી ઉલટા રાહે ચાલવા છતાં પોતાનો જ માર્ગ ડહાપણ ભરેલો માને છે.

પણ હું તને પુછું છું કે—

નાશવંત શરીરમાં અનેક દર્દોનું આક્રમણ થશે, સ્નેહીઓના સર્વ ઉપચારો સફળ નહિ બને, ભલભલા ડીગ્રીધર ડાક્ટરો અને હકીમો ઉપાયો કરવા છતાં નિષ્ફળ નિવડશે.

[illegible]

[illegible]માં [illegible]

તે વખતે તારું કો[illegible]

[illegible] કોઈ આત્મીય [illegible] મનગમતી [illegible], [illegible]માંથી [illegible] શાનાજ [illegible] સંભળાતા [illegible], [illegible] થશે; મનના મનોરથ મનમાં જ મરી જતા હશે.

તે વખતે તારું કો[illegible]

પાપની પરવા રાખ્યા વિના અનેક ખોટાં કામો કર[illegible] મેળવેલા પૈસા, મકાન, બગીચા, મોટર, માળા, મિત્ર, જ[illegible] પ્રેરા આદિ મનગમતી વસ્તુઓ કાયમના માટે મૂકી દેવા[illegible] અવસર અચાનક આવી લાગશે—તે વખતે તારું કોણ[illegible]

માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી આદિન[illegible] આનંદદાયક સહવાસ તમારે છોડવાની ફરજ પડશે—

તે વખતે તારું કોણ?

માન કે ન માન. પણ ત્રણ દુશ્મનો તારી પાછળ છળ[illegible] જોતા ફરે છે. રોગ, જરા અને મરણ—આ ત્રણમાંથી એકના ઝપાટામાં આવી ગયો, એટલે અભિમાનના ચૂરા થઈ જવાના, અહીંની સઘળી મહેનત ફોગટ થઈ જશે. માટે અંતરથી વિચાર—

તે વખતે તારું કોણ?

બુદ્ધિના ભંડાર! આ બધાનો જવાબ તને મોહની મૂંઝવણના કારણે ન સૂઝે, તો હું કહું છું! તે વખતે તારો સાથી એક ધર્મ છે. અન્ય કોઈ સાચું શરણું આપી શકે તેમ નથી. જીવન ઉજળું બનાવે, રોગ વખતે આર્તધ્યાન

ભુલાવે, ઘડપણમાં હાડહાડ થવાનો અવસર ન આવે, અને સમાધિ સહિત મરી શકાય, આ બધી શક્તિ ધર્મમાં છે.

અત્યારથી "જાગ્યા ત્યારથી સવાર માનીને ઉત્તમ પ્રકારના ધર્મની આચરણા કરવી એ અતિ હિતકર છે.

ધર્મ સર્વત્ર રક્ષણ કરનાર છે, એમ બરાબર રુચી જાય તો એના પ્રત્યે અરુચિ કે બેદરકારી ન રખાય.

આત્માના વિકાસ માટે ધર્મની આરાધના જીવનની દરેક ક્ષણે જરૂરી છે. જગતનાં સર્વ સાધનો કરતાં ધર્મનાં સાધનો કીમતી છે. પૂર્વે કરેલી ધર્મ-આરાધનાના પ્રતાપે અહીં આનંદ છે. અહીં આરાધના વિના જીવન પસાર કરીશ, તો સંસારની અનંતી મુસાફરી મુશ્કેલીભરી થઇ જશે.

ચિત્તથી ચેતીને પોતાની ઉત્તમ કુલમર્યાદા સાચવી સુંદર ધર્મની આચરણા કરવા તૈયાર થા, પછી કશી ચિંતા નથી.

સંસારના સર્વ જીવો પરમ શાંતિ અનુભવો !!



નિરંતર વિચારવા લાયક સુંદર ભાવના.

૧. શરીર, પૈસાટકા, વિલાસનાં સાધનો અને કુટુંબ-પરિવાર આ બધું નાશવંત હોવાથી સમજુ આત્માએ એના પ્રત્યે પ્રેમ રાખવા જેવો નથી, જેમ બને તેમ મોહ ઘટાડવા ઉદ્યમી થવું.

૨. સંસારભરનો કોઈ પણ પદાર્થ આ જીવને રોગ, જરા, મરણ વગેરે આફતના અવસરે સાચું શરણ આપી

૭. ઇન્દ્રિયોની ગુલામી, ...

... સંસારસાગરના તળિયે ...

૮. સન્માર્ગ-શ્રવણ, સંતસમાગમ, સ... વિચાર, સહનશીલતા, સંતોષ, નમ્રતા, ઇન્દ્રિય... વિવેક વગેરે ગુણો આવતાં પાપને અટકાવી ... નારા બને છે.

૯. કોઇ પણ જાતની દુન્યવી ઈચ્છા વિના કરેલ તપથી ણાં પાપકર્મ બળી જાય છે, તેથી આત્મા નિર્મળ બને છે.

૧૦. જગહિતકારક પરમાત્માએ દેખાડેલ ધર્મમાર્ગ ત્રણે કાળમાં અત્યંત હિતકારક અને સર્વ પ્રકારની શાંતિ આપનાર છે.

૧૧. સંસારમાં સર્વ જગ્યાએ આ જીવ જન્મ-મરણના ફેરા કરી આવ્યો છે, કોઇ પણ સ્થાને રહી શકાયું નથી. મમતામાં મૂંઝાયેલ જીવડો દુઃખી થાય છે.

૧૨. રાજ્યવૈભવ, ધનના ઢગલા, મોટા બંગલા, સુંદર શરીર, ખાવાપીવાનાં તથા મોજમજાનાં સાધનો મળવાં સહેલાં છે, પણ ધર્મની પ્રાપ્તિ થવી બહુ દુર્લભ છે.

૧૩. સર્વ જીવો મારા મિત્રો છે, કોઇ મારો શત્રુ નથી મારા શત્રુઓ પણ સુખી થાઓ, સહુના મોહ, અજ્ઞાન વગેરે આંતર શત્રુ નાશ પામો, આત્મિક પ્રગતિમાં આગળ વધી પરમ શાંતિ અનુભવો.

૧૪. પોતાનાં વાણી, વિચાર અને વર્તનને નિર્મળ બનાવી આત્મકલ્યાણમાં આગળ વધેલા ગુણવાન આત્માઓની વારંવાર પ્રશંસા કરું છું. તેમના તે તે સારા ગુણો મારા અંતરમાં નિરંતર વસજો.

૧૫. જગતના જીવો અજ્ઞાનતાવશે દુઃખી થાય છે, તેમની અજ્ઞાનતા નાશ પામે, પાપો બળી જાય અને સાચી શાંતિ પામે, એમ અહોનિશ ઈચ્છું છું.

૧૬. જેઓ સમજાવવા છતાં દોષોને ટાળતા નથ
શિખામણ આપનાર ઉપર પણ ચિડાય છે; તેમનું પણ
કલ્યાણ થાઓ! એમના ઉપર દ્વેષ કરવા જેવો નથી, પણ
દયા ચિંતવવી જોઈએ.

હે આત્મન્! આવી સુંદર ભાવના નિરંતર વિચારી,
જીવન પવિત્ર બનાવવા ખૂબ પ્રયત્ન કર. પરમ કલ્યાણ પામીશ.

=

આરાધના.

[દરરોજ રાત્રે સૂતી વખતે નીચે લખેલી ભાવના ભાવવી.]

૧. ગયા ભવોમાં ભેગાં કરીને મૂકેલાં પાપનાં સાધનો· શરીર, ધન, કુટુંબાદિને ત્રિવિધે વોસિરાવું છું.

૨. આ રાત્રિમાં ઊંઘમાં અચાનક દેહથી આત્મા છૂટી જાય તો, અત્યારે જે કાંઈ મારું કહેવાય છે તે–શરીર, સ્ત્રીપુત્રાદિ પરિવાર, પૈસા, મકાન, વેપાર, વસ્ત્ર અને બીજાં સાધનો સાથે મારે કાંઈ લેવાદેવા નથી. એ બધાંની મમતા હું તજું છું.

૩. મહાકલ્યાણકારી, લોકમાં સર્વથી ઉત્તમ, શ્રી અરિહંત, સિદ્ધ, સુવિહિત મુનિ અને વીતરાગભાષિત ધર્મ, આ ચાર જ સંસારમાં સાચું શરણ આપનાર છે. એમનું ભાવપૂર્વક શરણ સ્વીકારું છું.

૪. જીવહિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કજિયા, ખોટાં કલંક દેવાં, ચાડી ... ાં હર્ષ, દુઃખ વખતે ખેદ, પારકી નિંદા, કપટ

સહિત ગુરુ, મિથ્યાત્વ, એ અઢારે પાપસ્થાનક જે નીચ ગતિમાં લઈ જનાર છે, મોક્ષમાર્ગમાં આડાં આવે છે, તે બધાંને મન, વચન અને કાયાથી દૂર કરું છું.

૫. શરીરાદિ સર્વ અનિત્ય છે. ધર્મ વિના સાચો આધાર કોઇ નથી. સંસાર સદાય દુઃખથી ભરેલો છે. હું એકલો છું, એકલો આવ્યો, એકલો જઈશ, મારું કોઇ નથી, હું કોઈનો નથી. કર્મસંયોગે બધા ભેગા થયા છે, એક ઝાડ ઉપર રાત્રે મળેલાં પંખીઓ સવાર પડતાં જુદી જુદી દિશામાં ઊડી જાય, તેમ જુદા જુદા ભવમાં પોતપોતાનાં કર્મોનાં ફળ ભોગવવા સહુ ચાલ્યાં જશે. સંયોગને અંતે વિયોગ અને સંપત્તિને છેડે વિપત્તિ રહેલી જ છે.

૬. મારો આત્મા અનંત જ્ઞાની, અનંત દર્શની, અવ્યાબાધ સુખમય, સ્વરૂપમય, અનંત શક્તિનો ભંડાર, શાશ્વત, નિરંજન, નિરાકાર, નિજાનંદી, સ્વરૂપભોક્તા, અનેક ગુણસંપન્ન છે, બીજા સર્વ સંયોગો પર છે. લોઢામાં પેસવાથી જેમ અગ્નિને માર ખાવો પડે છે, તેમ શરીરાદિ પરપુદ્ગલના સંબંધથી આત્માને દુઃખી થવું પડે છે. માટે સંબંધોનો ચિત્તથી ત્યાગ કરું છું.

૭. વિશ્વના ઉપકારી શ્રી અરિહંત ભગવંત મારા દેવ છે. અરિહંતની આજ્ઞા મુજબ અહોનિશ આત્મસાધનામાં તત્પર સુસાધુ મારા ગુરુ છે, વીતરાગભાષિત ધર્મ ત્રણે કાળમાં નિશ્ચલ છે. આ ત્રણે તત્ત્વો ઉપરના અંતરંગ પ્રેમવડે સમકિત રત્નને સ્વીકારું છું.

[illegible]

૯. [illegible]

૧૦. જ્યાં સુધી જન્મ [illegible] ત્યાં સુધી, [illegible] રહિત [illegible], આત્મજ્ઞાન [illegible] અભ્યાસ, અને આત્મવિશુદ્ધિના [illegible] નિરંતર પ્રાપ્ત થાઓ!

૧૧. દુનિયાનાં સર્વ પ્રાણીઓ અમાર્ગથી બચો! સન્માર્ગમાં પ્રવૃત્ત થાઓ! સદ્બુદ્ધિ પામો! સંસારના અનેક દુઃખોથી બચીને પરમ શાંતિ પામો! પરમાત્મશાસન પ્રત્યે અખંડ પ્રેમવાળા બની પરમ કલ્યાણ સાધો!

卐

ભાવ ઔષધ.

[રોગાદિ પીડાથી શરીર ઘેરાયેલું હોય ત્યારે શાંતિ પામવા માટે વિચારવું.]

હે ચેતન! તું શાશ્વત છે, અનાદિ છે, અનંતકાળથી તું આ દુઃખમય સંસારમાં ફર્યા કરે છે, જન્મવું, મોટા

થવું, પિંડ પોષવો, તાનમાનમાં લીન થવું, વિષયોમાં ચકચૂર બનવું, માંદા પડવું, દુઃખી થવું, ઘરડા થવું, છેવટે મરી જવું, આવું તું ભવોભવ કરતો આવ્યો છે.

યાદ તો કર! ગર્ભાવાસમાં નવ નવ મહિના અંધારી ગંધાતી કોટડીમાં ઊંધા માથે તેં કાઢ્યા. નીચે જઠરાગ્નિનો ભયંકર અગ્નિ, એ ભયંકર ભઠ્ઠીમાં તું અતિ દુઃખદાયી રીતે શેકાયો, સાડા ત્રણ ક્રોડ સોય તપાવીને લાલચોળ કરી એક માણસના શરીરમાં એક સાથે ઘોંચી દેવામાં આવે, તેની જેટલી પીડા થાય એના કરતાં આઠ ગણી પીડા તેં ગર્ભાવાસમાં સહન કરી, ત્યાર પછી જન્મ વખતની પીડાનો પાર નહિ અને મરણની દારુણી પીડા. આ બધું જ્યાં સુધી સંસારમાં રઝળે છે ત્યાં સુધી તારી પાછળ પડેલ જ છે.

તું ઈચ્છીશ કે નહિ ઈચ્છે, પણ સંસારમાં જન્મ્યા પછી મરણ છે જ, અને અંતિમ મરણ ન આવે ત્યાં સુધી મરણ પછી જન્મ પણ છે જ. રેંટમાળની ઘડીઓ ભરાય અને ઠલવાય તેમ તું આયુષ્ય-જળ લઈને એક ભવમાં આવ્યો, આયુષ્ય પૂરું કર્યું, નવા ભવનું આયુષ્ય બાંધ્યું અને ચાલ્યો.

સમયે સમયે જીવ સાત કર્મ બાંધે, આવતા ભવનું આયુષ્ય બાંધતી વખતે આઠ બાંધે, અબાધા પૂરી કરે, આયુષ્ય બાંધ્યા પ્રમાણે અન્ય ગતિમાં ચાલ્યો જાય. આ સંસારનો સનાતન ક્રમ, એમાં ફેરફાર કરવાની શક્તિ કોઈનામાં નથી. આત્માનો નાશ કદી નથી. જે શરીરને તું મારું મારું કહે છે ને માને છે તે તારું નથી. " પોપટ! પિંજર

[illegible]

[illegible]

[illegible] છે. શરીર સાથે નહિ આવે. [illegible] વાને લાયક જ રહેવાનું. [illegible] એમાં વિક્રિયા થયા જ કરવાની. આ વિષયમાં [illegible] વિચારવાં જેવાં છે.

છ ખંડના માલિક સનત્કુમાર ચક્રવર્તી અતિશય [illegible] હતા. ઇંદ્રસભામાં એમનાં રૂપનાં વખાણ થાય છે. [illegible] પરીક્ષા કરવા આવે છે. બ્રાહ્મણનું રૂપ લઇ રૂપ જો[illegible]

છે. રાજા નાહવા બેઠા છે. એવામાં પહોંચે છે. રૂપ જોઇને ખુશી થાય છે. રાજા કહે છે કે અત્યારે તો મારું શરીર પીઠી વગેરેથી ખરડાયેલું છે, પણ હું જ્યારે નાહી-ધોઈ કપડાં લતાં, મુગટ, આભરણ વગેરે પહેરી સિંહાસન પર બેસું ત્યારે મારું રૂપ જોજો.

બ્રાહ્મણ ચાલ્યા ગયા. તૈયાર થઇ રાજા સિંહાસને બેઠા. પેલા બ્રાહ્મણ આવ્યા. એકદમ માથું ધુણાવવા માંડ્યા. રૂપનો ઘડીકમાં ફેરફાર થવાથી વિલખા થયા. રાજાને કહે છે કે અત્યારે તમારું રૂપ ફીકું પડી ગયું છે. ઘડી પહેલાં જે રૂપ હતું તે અત્યારે નથી. તમારું શરીર રોગથી ઘેરાઇ ગયું છે.

આ સાંભળીને રાજાએ ખાત્રી કરી, સાચું જણાયાથી રાજાને એકદમ વૈરાગ્ય આવ્યો, શરીર અને રૂપનો મોહ ઊતરી ગયો, છ ખંડની ઋદ્ધિનો ત્યાગ કર્યો, અંતઃપુર અને પ્રજાજનોના મોહજનક વિલાપોને ગણકાર્યો નહિ. સંયમ સ્વીકાર્યું. ઉત્તમમાં ઉત્તમ ચારિત્રની આરાધના કરવા લાગ્યા. શરીરમાં રોગો વધતા જાય છે પણ એની લેશમાત્ર પરવા કર્યા વિના તપશ્ચર્યા વગેરેની આરાધના કરે છે. દવા કરાવવાની મનથી ઈચ્છા પણ કરતા નથી. આત્મભાવની રમણતાપૂર્વક સ્વોદયજન્ય વિપાકને સહન કરે છે. હીનતા કે ગભરામણ તો લેશમાત્ર નથી. ઇંદ્રસભામાં એમની ધીરતા અને સહનશીલતાની પ્રશંસા થાય છે. દેવતાઓ વિબુધ એટલે બહુ ડાહ્યા કહેવાય છે. એ જેવા તેવાની પ્રશંસા કરે નહિ.

દેવો કોને પ્રશંસે ? 'દેવા વિ તં નમંસંતિ જસ્સ
સયા મણો' જેનું ધર્મને વિષે હંમેશાં ચિત્ત રંગાયેલું
તેને દેવતા નમસ્કાર કરે છે. પોતાનામાં સત્ત્વ વિના
પણ સહાય કરે નહિ. સનત્કુમાર મુનિની પ્રશંસા સાંભ
બે દેવતા પરીક્ષા કરવા માટે વૈદ્યનું રૂપ લઈને આવે
મુનિરાજને કહે છે 'અમે વૈદ્ય છીએ. આપની ચિકિત્સા સાર
સારી રીતિએ કરી શકીશું. અમારી દવાથી આપના રે
નિર્મૂળ થશે. કંચન જેવી કાયા બની જશે.' આવી અને
લાલચો આપે છે.

આ સ્થાને આપણા જેવા આત્માની શી દશા હોય
કોઈ વૈદ્ય જેવું નામ ધરીને જ આવ્યો હોય તેનેય 'બૂડતો
માણસ તરણાને વળગે' એની માફક બોલાવવા માટે મન
ઊંચુંનીચું થાય, બોલવીને ઉપચાર કર્યે જ છૂટકો, મટે કે
ન મટે એ તો કર્માધીન, પણ વિહ્વળતાનો પાર નહિ. આ
સ્થિતિમાં આત્મકલ્યાણ આવવું કઠિન જ હોય.

આ મહાપુરુષ સનત્કુમાર ઋષિ તો પેલા બંને દેવોને
કહે છે, 'રોગ બે પ્રકારના હોય છે: શારીરિક અને માન-
સિક અથવા દ્રવ્ય રોગ અને ભાવ રોગ. માનસિક અથવા
ભાવ રોગ ક્રોધ, માન, માયા, મમતા, લોભ, રાગ, દ્વેષ,
આત્મશ્લાઘા, પરનિંદા, સુખશીલતા, જુગુપ્સા, દીનતા, લાલચ,
ક્ષુદ્રતા, આહારાદિસંજ્ઞા વગેરે એકઠા મળીને અનંતા કાળથી
આત્માને સતાવે છે. એ રોગ મટાડવાની શક્તિ જેનામાં
હોય તેજ સાચા વૈદ્ય કહી શકાય.

'શારીરિક અથવા દ્રવ્યરોગ–તાવ, શરદી, શૂળ, વાયુ, પિત્ત, આંખ દુઃખવી, ખાંસી, ક્ષય, પેટપીડા, મગજની બળાઇ, ગભરામણ વગેરે ગણાય છે, જોકે એ બાહ્ય રોગોના આક્રમણનું મૂળ કારણ તો ભાવ રોગો જ છે, છતાં પણ એ બાહ્યરોગોને મટાડવાના પ્રયત્ન સહુ કોઈના સફળ થતા નથી. કદાચ પુણ્યોદયે એ ઉપચારમાં સફળતા મેળવી શકાય તો પણ અંતે તો નિષ્ફળ જ થવાના છે.

'જો આત્માને વળગેલા ભાવરોગો ટાળવાની શક્તિ તમારામાં હોય, તો મારી દવા ખુશીથી કરો. બાકી દ્રવ્ય-રોગની કશી કિંમત નથી, અને એ દ્રવ્યરોગનો ઉપયોગ ભાવરોગના નાશ માટે કરવામાં આવે એના જેવું તો જગતમાં કોઇ સુંદર ઔષધ છે જ નહિ.

'દ્રવ્યરોગ શમાવવાની શક્તિ મારામાં છે, પણ ભાવ-રોગને હઠાવવા દ્રવ્યરોગને હું આનંદપૂર્વક સહન કરું છું. એમ કહી પોતાના થૂંક વડે એક આંગળી સુવર્ણ જેવી કરીને બતાવી. દેવતાઓ હાર્યા. શું કહી શકે? ભાવ રોગમાં તે પોતે ડૂબેલા જ એને ટાળવાની તાકાત તો અનંત દયાના સાગર શ્રી અરિહંતદેવ સિવાય બીજા કોઈનામાં છે જ નહિ.

અંતે સનત્કુમાર ચક્રવર્તી ઘણા વરસો સુધી રોગો સહન કરી ઉત્તમોત્તમ ચારિત્ર પાળી આયુક્ષયે દેવલોકમાં ગયા.

આવા અનેક ઉચ્ચ આત્માઓ પરમાત્માના શાસનમાં થઈ ગયા છે. એક એક દ્રષ્ટાંત સાચી રીતે વિચારતાં હૈયામાં

વૈરાગ્ય આવ્યા સિવાય એ નહિ. મુંઝાયા વગર જ એ અનુકૂળતાની ઈચ્છા છૂટી જાય, પ્રતિકૂળતાને સહવા માટે ખડા પગે હોંશિયાર રહેવાય.

મરજી મુજબ ખાવું-પીવું કોને ન ગમે ? પણ એ મળી જવાથી શું ? જે સુખ આવે છે, તે પૂર્વના પુણ્યનો ક્ષય કરવા આવે છે અને દુઃખ કે પીડા પૂર્વના પાપનો નાશ કરવા આવે છે. માટે રાજી ક્યારે થવું ? સુખ આવે ત્યારે કે દુઃખ આવે ત્યારે ? પરમાત્માનું શાસન જેના હૈયામાં વસ્યું હોય તેને સુખમાં ગભરામણ હોય અને દુઃખમાં જાગૃતિ હોય ! જ્યારે પુદ્‌ગલાનંદી પામર જીવડાને સુખમાં ચેન અને દુઃખમાં બેચેની હોય. આનું નામ ભાવરોગની ભયંકરતા અને આત્માની પરવશતા.

ગજસુકુમાર સંભારો. દેવકીજીના એ આઠમા પુત્ર. માતાની હોંશ પૂરી કરવા કૃષ્ણ મહારાજે દેવને આરાધીને ભાઈ મેળવેલો. શરીર અતિ સુકુમાળ. પ્રભુશ્રી નેમિનાથ સ્વામીના ઉપદેશથી વૈરાગ્યનો રંગ લાગ્યો. સંયમ લીધું. કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. સોમિલ સસરો આવ્યો. દ્વેષ થયો. મુનિના માથે માટીની પાળ બાંધી. એમાં ધગધગતા ખેરના અંગારા ભર્યા. વિચાર તો કર ! આ પીડા ઓછી છે ? એકાદ નાનકડો અંગારો ભૂલથી પગે ચંપાઈ જતાં શું થાય છે ? વધારે ગરમ થયેલું પાણી પણ શરીરને અડી જાય તો ત્રાસ થાય. અરે; કોઈને દાઝી ગયેલાં જોઇએ તો પણ ત્રાસ થાય, તો આ દશામાં ઉભા કઈ રીતિએ રહેવાય ? કહો કે એક જ

રમાત્માના શાસનના અનુપમ બળ વડે જ.

શરીર એ હું નહિ. હું જુદો અને શરીર જુદું. શરીરનું મારું નહિ અને મારું તે શરીરનું નહિ. એ ભાવના ?નામાં રોમેરોમે પ્રગટી ગઈ હોય એ જ વીર આત્મા માવા પ્રસંગે સ્થિરતા અને ધીરતા રાખી શકે છે. આવા ્રસંગે રોષ આવવાને બદલે સમતા આવે છે. વગર વાંકે માથા ઉપર અંગારા ભરનાર ઉપર કેવા વિચારો આવે? ક્રોધને આવવા માટેનો આ તો સારામાં સારો પ્રસંગ છે. કાંઈ ન બને તો પણ મનમાં ને મનમાં દાઝ ચડયા વિના રહે જ નહિ. એવા જ સમયમાં સસરાને ઉપકારી માનવા અને અન્ય સસરા તો કેવળ તુચ્છ અશાશ્વતી પાઘડી બંધાવે પણ આ સસરાએ તો મુક્તિની પાઘડી બંધાવી એમ વિચારી એને ઉપકારી માનવા જેટલી દશા આવવી એ જેવીતેવી ધીરતાનું કામ નથી. જ્ઞાનની, ડહાપણની, તપની, ક્રિયાની કે કોઇપણ ઉત્તમ વસ્તુની સફળતા આમાં જ છે. આવા પ્રસંગો સંસારમાં અનેક વાર આવે છે, પણ જે પ્રસંગે આત્મા પોતાના ભાનમાં હોય છે, તે પ્રસંગને જ આવકાર-દાયક માનવો જોઈએ. પરિણામે આઠે કર્મ ખપી ગયાં. શરીરના બળવાની સાથે કર્મ બળી ગયાં, અને સઘળા ભવ-રોગ ટળી ગયા. અંતકૃત્ કેવળી થઇને સિદ્ધિધામમાં બિરા-જ્યા. એવા મુનિવરની ધીરતાનો અંશ પણ આપણા જીવ-નમાં આવે તો જિંદગી સફળ થઈ જાય.

ખંધકમુનિના પાંચસો શિષ્યોનો પ્રસંગ વિચારો. પાંચસો

[illegible] નાખ્યું.

આવું પંડિત મરણ મહાભાગ્ય વિના આવે કે? [illegible] ગતિથી તારનાર ગુરુમહારાજ પાસે હોય, નિર્યામણા કરાવતા હોય, આત્મા જાગૃત દશામાં હોય, [illegible] યથાર્થ વહેંચણી કરીને આત્મચિંતનમાં લીન રહેવાનું હોય એવા વખતે મરણ આવે એના જેવું મહાભાગ્ય બીજું કયું હોય ? અપરાધી પર છતી શક્તિએ ક્ષમા, એટલું જ નહિ પણ અપકારીને પણ મહાન ઉપકારી માનવા જેટલી ઉચ્ચ મનોદશા; આ વસ્તુ આવે ત્યારે જ પામ્યાજોગું પામ્યા કહેવાઇએ.

પાલક ઘાણીમાં પીલે છે. મુનિઓ પિલાય છે. શરીર બીચડાય છે, હાડકાના ચૂરા થાય છે, લોહીની સેરો ઊડે છે,

ાતી ભીંસાય છે, આંખો નીકળી પડે છે, માથાના ટુકડા થાય
. એક એક અંગમાં ત્રાસદાયક પીડાનો પાર નથી, છતાં
ાંક ક્યાં? આજ્ઞા વિચય, અપાય વિચય, વિપાક વિચય અને
ંસ્થાન વિચય ધર્મધ્યાન આવી જાય છે. આત્મા ઉપર ચડે
. શુકલધ્યાનનો જાજ્વલ્યમાન અગ્નિ પ્રદીપ્ત થાય છે. કર્મોનો
ટો નીકળે છે, કેવલજ્ઞાન, કેવલદર્શન પ્રાપ્ત થાય છે અને
ણમાં દેહ તજીને મુક્તિને વરે છે. દરેક મુનિવરોની આ
તે મુક્તિ થાય છે.

છેવટે લઘુ શિષ્ય રહે છે. ગુરુ મહારાજને તેના ઉપર
હુ પ્રેમ છે, તેથી પાલકને એના પહેલાં પોતાને પીલવાનું
હે છે. પાલક એટલું પણ કબૂલ કરતો નથી. આચાર્યને
ધારે દુઃખ થાય એની ખાતર શિષ્યને પહેલાં પીલે છે.
આચાર્ય શિષ્યને નિર્યામણા કરાવી મુક્તિમાં મોકલે છે,
ોતાને ક્રોધ આવી જવાથી અગ્નિકુમાર દેવ થાય છે. આખો
ંડક દેશ બાળી નાખે છે. અહીં આપણે તો એ પાંચસો
ુનિવરોની અનુપમ સહનશીલતાને જ વિચારવાની છે. દુઃખ
ક પીડા કોઇનાં કરેલાં આવતાં નથી. ભય કોને? જેના માથે
માલિક ન હોય તેને, જેને અરિહંત દેવ જેવા માથે નાથ
હોય તેને ચિંતા શાની? અરિહંત હૈયામાંથી આઘા ખસે
એટલો વખત મોહનું તોફાન ઊભું જ છે. બાકી જે ગુફામાં
સિંહ ગાજતો હોય તે ગુફામાં હરણિયાં કે બીજાં વન-
પશુઓ ફરકી શકે જ નહિ. માટે જ પ્રભુને વિનવાય છે કે-

'તું મુજ હૃદયગિરિમાં વસે,
સિંહ જો પરમ નિરીહ રે;

કુમત માતંગના યૂથ થકી,
તો પ્રભો ! મુજ કશી બીહ રે;
સ્વામી સીમંધર ! તું જયો.'

કુમારપાલ રાજા પ્રભુની સ્તુતિમાં એજ કહે છે કે મહાપુણ્યથી પરમાત્મા જેવા દેવ મળ્યા અને મોક્ષમાર્ગનો સાચો રાહ બતાવનાર શ્રી હેમચંદ્ર મહારાજ જેવા ગુરુ મળ્યા; મારે હવે શું બાકી છે ? મેળવવા જોગું સઘળું પામી ચૂક્યો છું, માટે હું બીજી કશી માગણી કરતો નથી. પરંતુ હે પ્રભો ! તમારા વચન ઉપર મને આ સંસારમાં રહું ત્યાં સુધી નિરંતર પ્રેમ હજો. આનું જ નામ ઉત્તમ માંગણી છે. હે ભગવાન મારું દુઃખ ટાળી નાખો; મને સુખ આપો, હું બહુ દુઃખી થઈ ગયો, હવે ચેન પડતું નથી, જીવવું આકરૂં લાગે છે, મારો ઝટ છૂટકારો કરો–આવી માગણીઓ તો દીન માગણી કહેવાય. પરમાત્માનો સેવક પૌદ્ગલિક સુખદુઃખને તુચ્છ માને. એ તો આજ્ઞાપાલનમાં સર્વસ્વ આવ્યું સમજે. એક આજ્ઞા બરાબર માથે આવી ગઈ પછી કુબુદ્ધિનું જોર ચાલતું નથી. કહે છે કે:—

"આણા તાહરી રે જો મેં શિર ધરી,
તો શું કુમતિનું જોર;
તિહાં નવિ પસરે રે બલ વિષધરતણું,
કિંગારે જિહાં મોર."

એ અરિહંત આણાના પાલનથી પૂર્વે અનંતા તર્યા છે, વર્તમાનમાં અનેક તરવાની કરણી કરી રહ્યા છે, ભવિષ્યમાં અનંત ભવ્યાત્માઓ તરશે.

[illegible] આવતાં [illegible] અનેક [illegible]
[illegible]

[illegible] જિનાલય [illegible]
[illegible] છે. [illegible]
[illegible] છે. [illegible] નથી.
[illegible] છે.

[illegible] છે. [illegible] છે. [illegible]
[illegible] છે. [illegible]
[illegible] છે. [illegible]
[illegible] છે. [illegible]
નથી. [illegible] નથી. [illegible] છે
નથી. [illegible] છે, [illegible] નથી. નિરંતર
[illegible] છે. [illegible] રીતે [illegible]
[illegible] નિરંજન [illegible] છે. [illegible]
અનેક [illegible] રહે છે.

એવામાં પરમાત્મા શ્રી મહાવીરદેવ વિચરતા વિચરતા
[illegible] નગરીના ઉદ્યાને પધારે છે. વનપાલક રાજાને વધા-
[illegible] ઇનામ આપીને ચતુરંગી
[illegible] છે. [illegible] વનપાલકને ઇનામ આપીને
[illegible] અરિહંત ભગવંતને વંદન કરવા જાય છે. નગ-
રના લોકો પણ [illegible] જાય છે, ઉચિત સ્થાને બેસી
[illegible] દેશના સાંભળે છે.

અમૃતથી અધિક મધુરી શ્રી જિનવાણી સાંભળતાં
[illegible] છે. વૈરાગી બને છે. ચારિત્રની ભાવના
[illegible] છે. ઘેર આવી માતાની આજ્ઞા માગે છે. સ્નેહના [illegible]
[illegible]

માતા અને પત્નીઓ અતિ દુઃખ થવાથી વિલાપ કરે છે, અનેક મોહજનક વચનો બોલી તેનું હૃદય ભેદવા અને વૈરાગ્ય ટાળવા પ્રયત્ન કરે છે.

વૈરાગ્ય અને મોહની આ લડાઈમાં વિવેક ધન્નાની તરફ હોવાથી વૈરાગ્ય જીતે છે, મોહને હારવું પડે છે. ધન્નાજીની પૂરી મક્કમતા જાણી માતા અને સ્ત્રીઓ "આ તો મહા વૈરાગી છે–પરાણે પ્રીતિ ન હોય" એમ વિચારી રજા આપે છે.

નગરનો રાજા પણ ઉત્સાહપૂર્વક દીક્ષાનો ઓચ્છવ કરે છે. અતિ આડંબરથી વરઘોડે ચઢીને ધન્નો દીક્ષા લેવા જાય છે. પ્રભુ પાસે આવી સંયમ ગ્રહણ કરે છે.

સ્વમુખે શ્રી વીર જિનવર ધન્નાજીને પાંચ મહાવ્રત ઉચ્ચરાવે છે. પંચ મહાવ્રત ઉચ્ચારીને ધન્ના મુનિવર પ્રભુજી પાસે પચ્ચક્ખાણ કરે છે કે જાવજ્જીવ લગે મારે છઠ્ઠનો તપ અને પારણે આયંબિલ કરવું, એનાં કરતાં ઓછો તપ કરવો નહિ.

આવા પ્રકારનો અભિગ્રહ ક્યારે થાય? દેહ પરનું મમત્વ ઓછું થાય ત્યારે. અનુકૂળતાની ઇચ્છા ટળ્યા વિના આ સ્થિતિ આવવી બહુ ભારે છે. વાતવાતમાં ખાવા–પીવા, સુવા–બેસવા, ફરવા–હરવા દરેક બાબતમાં અનુકૂળતાનો જ શોધનાર અને નહિ જેવી પ્રતિકૂળતાથી ભડકનાર કદી જ સંયમને સુંદર રીતિએ આરાધી શકતો નથી. પરમાર્થે સાધુપણું મોજ કરવા કે માનાદિ લેવા માટે નથી.

કહે છે કે ચારિત્રના પ્રાણરૂપ સમતા ચાલી ગઈ, વૈરાગ્ય ઊડી ગયો, પછી હજારો ભક્તો હોય, સેંકડો શિષ્યો હોય

કે દુનિયામાં ઘણી નામના હોય, પણ એ બધી મડદાંની ઝોળા છે. અનુકૂળતાનો ઇચ્છુક એક પણ ધર્મ સાચી રીતે પાળી શકતો નથી; એમાંય શ્રી જિનશાસનનો તપધર્મ સાધવો એ તો મહા કઠિન કામ છે.

જૈન સાધુઓનાં જીવનને અતિશય નિયમિત બનાવનાર અને ઊંચે ચઢાવનાર શ્રી દશવૈકાલિક સૂત્રમાં આઠમા અધ્યયનમાં સાધુઓને માટે 'દેહદુક્ખં મહાફલમ્' કહ્યું છે. અનુકૂળતાનો ઇચ્છુક લોભી બને છે, માયાવાળો થાય છે, માન એને જ પજાવે છે, ક્રોધ એને જ સતાવે છે, ભય પણ એને જ ભડકાવે છે, દીનતા એને જ પજાવે છે. ટૂંકમાં એક અનુકૂળતા ઉપરનો પ્રેમ વધી જવાથી આત્મા ઘણી નીચી દશામાં આવી જાય છે.

ધન્ના મુનિરાજે ઘોર તપશ્ચર્યા કરી, શરીર સૂકવી નાખ્યું, ચૌદ હજાર મુનિઓમાં તપગુણે કરી અધિક ચડતા પરિણામે શ્રીવીર પરમાત્માએ શ્રેણિક રાજાની આગળ વખાણ્યા. ઉત્કૃષ્ટ આરાધના કરી નવ મહિના સુંદર ચારિત્ર પાળ્યું. છઠના પારણે આયંબિલ, તે પણ તદ્દન નીરસ, જેના પર માખી પણ ન બેસે એવું કસ વગરનું લાવી દેહને આધાર આપ્યો.

છેવટે એક મહિનાનું અનશન કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીશ સાગરોપમના આયુષ્યથી દેવપણે ઉપન્યા, ત્યાંથી ચવી મહાવિદેહમાં ઉત્પન્ન થઈ, મુક્તિમાં જશે. એવા મુનીશ્વરોનાં ગુણગાન કરતાં જીવન સફળ થાય, આત્મા પવિત્ર થાય.

વ-દાનવોથી પણ પળેપળે ઈચ્છાતી એક અપૂર્વ વસ્તુ.

૭. માનવજન્મ એટલે—અપાર સંસારસમુદ્ર તરવા માટેની એક મહાન મજબૂત સ્ટીમર.

૮. માનવજન્મ એટલે—શાશ્વત (Permanent) શાંતિ અર્પણ કરનાર એક શાંતિ નિકેતન.

૯. માનવજન્મ એટલે-આત્મામાં રહેલ સાચા વિજ્ઞાનના અપૂર્વ ખજાનાને પ્રગટ કરી આપનાર સાચો સાયંટીસ્ટ.

૧૦. માનવજન્મ એટલે—માત્ર એક જ સમયમાં અસંખ્ય યોજન દૂર રહેલી શિવપુરીમાં મૂકી દેનાર એક દિવ્ય એરોપ્લેન.

૧૧. માનવજન્મ એટલે—અજ્ઞાનરૂપ ઘોર અંધકારમાં જ્ઞાનનો સુંદર પ્રકાશ ફેંકનાર સૌથી ઉંચા પાવરનો ગ્લોબ.

૧૨. માનવજન્મ એટલે—આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિવિધ તાપમાં તપી રહેલા આત્માઓને શીતળ બનાવનાર એક જબ્બર પાણીનો ધોધ.

૧૩. માનવજન્મ એટલે—ભર મેદાનમાં મોહમલ્લને પછાડનાર એક મહાન યોદ્ધો.

૧૪. માનવજન્મ એટલે—કથીરસમ બની ગયેલા આત્માને કુંદનસમ બનાવનાર એક મોટો કીમિયાગર.

૧૫. માનવજન્મ એટલે—નાના કે મોટા જગતના સમસ્ત પ્રાણીવર્ગને રક્ષા કરવા માટેનું બીડું ઝડપવાની હિંમત કરવા માટેનું એક અપૂર્વ ધામ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

૪

તેથી તને શું !

૧. હે ચેતન ! સારીએ દુનિયા તને સલામો ભરતી હોય તેથી શું ? તારી જીવનનૌકાની સલામતીનો આધાર સલામ ઉપર નહિ પણ તારા સદાચાર ઉપર નિર્ભર છે.

૨. હે ચેતન ! કરોડો રૂપિયાનો ઢેર તારે ત્યાં હોય તેથી તને શું ? તારા હાથે જેટલા દ્રવ્યનો સદ્વ્યય થયો હશે તેટલો જ તારી સાથે આવશે.

૩. હે ચેતન ! ટેબલ ઉપર હાથ ઠોકી અને પ્લેટફોર્મ ઉપર પગ અફાળી ભિન્ન ભિન્ન અભિનયદ્વારા ગમે તેવા નાસ્તિકોના શિર ડોલાવનારો તું પ્રખરવક્તા હોય તેથી

તને શું ? તારું કલ્યાણ તો વીતરાગ ભગવાનની આજ્ઞાનો અમલ કરીશ ત્યારે જ થવાનું છે.

૪. **હે ચેતન** ! તું ગમે તેવો મોટો સત્તાધીશ હોય તેથી તને શું ? તારા શિરે ઝઝૂમતી કર્મસત્તાનો નાશ તો ધર્મસત્તાના શરણે જ્યારે જઇશ ત્યારે જ થશે.

૫. **હે ચેતન** ! તારા મરણ બાદ તારા મનમાં ગમે તેટલાં બજારો બંધ રહે તેથી તને શું ? તારા જીવનમાં ચાલી રહેલો અધર્મનો બજાર બંધ ન થાય ત્યાં સુધી તારાં દુર્ગતિનાં દ્વાર બંધ થવાં મુશ્કેલ છે.

૬. **હે ચેતન** ! દેખાવદાર તાડના ત્રીજા ભાગ જેટલા, ઊંચા અને કદાવર એવા તારા શરીરથી ભલે તું ધરણી ધ્રૂજાવતો હોય તેથી તને શું ? તારી સાચી બહાદુરી તો અભ્યંતર શત્રુને જ ધ્રૂજાવવામાં છે.

૭. **હે ચેતન** ! તારે ત્યાં અપ્સરાઓનાં રૂપને પણ મહાત કરે એવી સેંકડો સુંદરીના સમુદાય હોય તેથી તને શું ? માત્ર એકજ શિવસુંદરીને પરણ્યા સિવાય તને સાચી શાંતિ કદી પ્રાપ્ત થવાની નથી.

૮. **હે ચેતન** ! દુનિયાની ભાષા અને શાસ્ત્રો ઉપર તારો કાબૂ હોય તેથી તને શું ? તારું કલ્યાણ તો પાંચે ઇન્દ્રિયોના વિષયો ઉપર કાબૂ પ્રાપ્ત કરવાથી જ થશે.

૯. **હે ચેતન** ! તારા અનુયાયીઓ કરોડોની સંખ્યામાં હોય તેથી શું ? તું જ્યારે ધર્મનો અનુયાયી થઈશ ત્યારે જ તારો નિસ્તાર થશે.

૧૦. હે ચેતન ! સારીયે દુનિયા તને ઓળખતી હોય તેથી તને શું ? તારું કલ્યાણ તો સુદેવ, સુગુરુ અને સુધર્મ એ ત્રણને ઓળખવાથી જ થશે.

૧૧. હે ચેતન ! તને ગમે તેવા દુનિયાના મોટા મોટા પુરુષો સાથે પિછાણ હોય તેથી તને શું તારી સર્વ ઋદ્ધિઓ અને સિદ્ધિઓ તો તું જ્યારે તારા આત્માને પિછાણીશ ત્યારે જ તારા હસ્તગત થશે.

૧૨. હે ચેતન ! તને ગમે તેટલી ઉપાધિઓ (ડીગ્રીઓ) પ્રાપ્ત થઈ હોય તેથી તને શું ? તારી સઘળી ઉપાધિઓનો અંત તો તને સત્યધર્મની પ્રાપ્તિ થશે ત્યારે જ થશે.

૧૩. હે ચેતન ! તારી સ્મશાનયાત્રામાં ભલેને લાખો માણસો જોડાય તેથી તને શું ? પરલોકમાં તો તારે એકલાએ જ જવાનું છે અને સુખદુઃખો તારે એકલાએ જ ભોગવવાનાં છે.

૧૪. હે ચેતન ! તારા મૃતદેહને તારા ભક્તો સુખડથી બાળે કે બાવળના લાકડાથી બાળે તેથી તને શું ? જો તું ધર્મ વિના ખાલી હાથે ગયો તો દુઃખદાવાનલમાં તારે બળવાનું તો કાયમ જ છે.

૧૫. હે ચેતન ! તું બોંતેર કળાનો જાણકાર હોય તેથી તને શું ? ધર્મકળાને જાણ્યા સિવાય તારી દુર્ગતિની બલા કદીયે હઠનાર નથી.

૧૬. હે ચેતન ! તારા ફોટાની અનાવરણવિધિ ભલેને

ાટા મોટા પુરુષોના હાથે થાય તેથી તને શું? તારા ાત્મા ઉપર લાગેલું આઠ કર્મોનું આવરણ જ્યાં સુધી દૂર ા થાય ત્યાં સુધી જન્મમરણના સોટા તારે ખાધા વિના ટૂટકો જ નથી.



તે વેળા તું શું કરીશ?

હે ચેતન! હમણાં તો તું પરલોકની ચિંતાને ભૂલી જઈ મોજમઝા લૂંટી રહ્યો છે, તે તારા પાછલા ભવની પુણ્યકમાણીનો પ્રભાવ છે, પરંતુ આ ભવમાં તું કાંઈ પુણ્ય નહિ કરીશ તો પરભવમાં દુઃખી થવાનો જ્યારે વખત આવશે, **તે વેળા તું શું કરીશ?**

૨. **હે ચેતન!** હમણાં તો તું તપ કરવાની વાત આવે ત્યારે ભૂખે કેમ રહેવાશે એની ચિંતા કરે છે; પરંતુ તીવ્ર પાપોદય જાગતાં ભૂખે મરવાનો પ્રસંગ આવશે, તે **વેળા તું શું કરીશ?**

૩. **હે ચેતન!** હમણાં તો તને સમયસર અને તે પણ ગરમાગરમ રસોઇ નહિ મળતાં તારો મિજાજ જાય છે, પરંતુ દરિદ્ર અવસ્થા આવતાં ઠંડી રસોઈનાં પણ ફાંફાં પડશે; **તે વેળા તું શું કરીશ?**

૪. **હે ચેતન!** ઉનાળાની ઋતુમાં ગરમ પાણી ન ભાવતાં તું આઇસ (બરફ) નાંખી ઠંડું બનાવે છે, પરંતુ પશુપક્ષીના ભવમાં હવાડાનું દુર્ગંધી, કચરાવાળું અને એંઠું

[illegible]

૬. હે ચેતન ! [illegible] સૌને [illegible]માં જ મગ્ન [illegible] છે, પરંતુ [illegible] આવશે, તે [illegible] વેળા તું શું કરીશ?

૭. હે ચેતન ! હમણાં તો તને [illegible] સિવાય નિદ્રા આવતી નથી, પરંતુ ધર્મવિહીન જીવન પ્રભાવે ફુટપાથ ઉપર આળોટવાનો વખત આવશે, તે વેળા તું શું કરીશ?

૮. હે ચેતન ! હમણાં તો તું ટાઢ-તડકો, ભૂખ અ[illegible] તૃષાના સામાન્ય કોટિના દુ:ખોથી પણ અકળાઈ જઈ શ[illegible] પણ ધર્મકરણી કરતો નથી, પરંતુ ધર્મવિહીન બનેલા [illegible] તિર્યંચ અને નરકની બેસિતમ અને અસહ્ય વેદના સ[illegible] કરવાનો પ્રસંગ આવશે, તે વેળા તું શું કરીશ?

૯. હે ચેતન ! હમણાં તો તને પરમાર્થે એક કા[illegible] પાઈ પણ વાપરતાં ટાઢિયો તાવ ચડે છે, પરંતુ લૂંટારાએ[illegible] પંજામાં ફસાતાં તને ખાખી બાવો બનાવી દેશે. તે વે[illegible] તું શું કરીશ?

૧૦. હે ચેતન ! હમણાં તો તું જીભના ક્ષણિક સ્વા[illegible]

ઃબની કંદમૂળ આદિ અભક્ષ્ય પદાર્થોને ખાતાં જીવદયાનો
ા પણ વિચાર કરતો નથી, પરંતુ પશુની ગતિમાં ઘાસ
ાવાનો દુઃખદ પ્રસંગ આવશે, **તે વેળા તું શું કરીશ?**

૧૧. **હે ચેતન!** હમણાં તો તને કોઈની સેવા અગર
ાવચ્ચ કરતાં કંટાળો આવે છે, પરંતુ ભારૂચના પાડા
ઇને માલથી ભરેલાં ગાડાં ખેંચવા પડશે અગર તો પખા-
થી પાણી વહન કરવું પડશે, **તે વેળા તું શું કરીશ?**

૧૨. **હે ચેતન!** હમણાં તો તું અભિમાનમાં અક્કડ
ઈ છાતી કાઢીને ચાલે છે અને સૌને તુચ્છ ગણે છે, પરંતુ
ંગાળ બન્યા પછી તુચ્છ માનવીઓને પણ સલામ ભરવા
ખત આવશે, **તે વેળા તું શું કરીશ?**

૧૩. **હે ચેતન!** જ્યારે તું નીરોગી છે, ત્યારે તું
ભોગમાં મસ્ત બની શક્ય ધર્મકરણી પણ કરતો નથી; પરંતુ
ચારેકોરથી રોગ તને ઘેરી લેશે અને બિલકુલ અશક્ત બની
જશે, **તે વેળા તું શું કરીશ?**

***

એ પણ પુણ્યનો જ પ્રભાવ છે.

૧. આજે અનેકોને એક ટંક પૂરતું પણ ખાવાનું મળતું નથી. જ્યારે તને ત્રણ ટંક પેટ ભરીને ખાવાનું મળી રહે છે: **હે ચેતન! એ પણ પુણ્યનો જ પ્રભાવ છે.**

૨. કેટલાકોને પોતાની લાજ ઢાંકવા પૂરતો કાપડનો

ટુકડો પણ મળવો મુશ્કેલ છે, જ્યારે તું દરેક ઋતુને અનુકૂળ પોશાકમાં મહાલે છે. હે ચેતન ! એ પણ પુણ્યનો જ પ્રભાવ છે.

૩. જગતમાં અનેક માનવીઓને પગે મુસાફરી કરવી પડે છે, જ્યારે તારે સમયસર આંગણામાં મોટર આદિ વાહનો બેસવા માટે તૈયાર જ હોય છે. હે ચેતન! એ પણ પુણ્યનો જ પ્રભાવ છે.

૪. કેટલાકોને માગ્યું પાણી પણ મળતું નથી, જ્યારે તને વણમાગ્યે દૂધ મળે છે. હે ચેતન! એ પણ પુણ્યનો જ પ્રભાવ છે.

૫. જગતમાં સંખ્યાબંધ માનવીઓને પાપી પેટ ભરવા માટે અનેકોને સલામ ભરવી પડે છે, જ્યારે અનેકો તને સલામ ભરી રહ્યા છે. હે ચેતન ! એ પણ પુણ્યનો જ પ્રભાવ છે.

૬. દુનિયામાં અનેક માનવીઓ ડગલે અને પગલે સૌ કોઇની ઠોકરો ખાઈ રહ્યા છે, જ્યારે તું સૌથી ખમા ખમા થઇ રહ્યો છે. હે ચેતન ! એ પણ પુણ્યનો જ પ્રભાવ છે.

૭. ઘણા મનુષ્યોને સુખસાહ્યબીની એક પણ સામગ્રી હોતી નથી, જ્યારે તારી પાસે અમન-ચમન ઉડાવવા માટે અનેકવિધ સામગ્રીઓ મોજૂદ છે. હે ચેતન! એ પણ પુણ્યનો જ પ્રભાવ છે.

૮. જગતમાં અનેક પ્રાણીઓ અનેકવિધ રોગોથી પીડાઈ

રહ્યા છે, જ્યારે તારું આજ સુધી માથું પણ દુઃખવા આવ્યું નથી. હે ચેતન! એ પણ પુણ્યનો જ પ્રભાવ છે.

૯. જગતમાં કેટલાક મનુષ્યો આંધળાં, બહેરાં, મૂંગાં, પાંગળાં માલુમ પડે છે, જ્યારે તને પાંચે ઇન્દ્રિયો સંપૂર્ણ પ્રાપ્ત થઈ છે. હે ચેતન! એ પણ પુણ્યનો જ પ્રભાવ છે.

૧૦. સંખ્યાબંધ માનવીઓ અનાર્ય દેશમાં જન્મ્યા છે, જ્યારે તારો જન્મ ત્યાગપ્રધાન આર્ય દેશમાં થયો છે. હે ચેતન! એ પણ પુણ્યનો જ પ્રભાવ છે.

૧૧. અનેક આત્માઓને નીચ કુળમાં ઉત્પન્ન થવું પડયું છે, જ્યારે તું ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયો છે. હે ચેતન! એ પણ પુણ્યનો જ પ્રભાવ છે.

૧૨. કેટલાક આત્માઓ ગર્ભમાં જ, તો કેટલાક આત્માઓ જન્મ્યા કે તરત જ અને કેટલાક ભરયૌવનમાં પણ મરી જાય છે, જ્યારે તને દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થયું છે, હે ચેતન! એ પણ પુણ્યનો જ પ્રભાવ છે.

૧૩. અનેકોને અનેક પાસે યાચના કરવી પડે છે, જ્યારે તારે કોઈની પાસે હાથ ધરવો પડતો નથી. હે ચેતન! એ પણ પુન્યનો જ પ્રભાવ છે.

૧૪. કેટલાકો પોતાનું પેટ ભરવા અસમર્થ હોય છે, જ્યારે તું અનેક આશ્રિતોનું પોષણ કરી રહ્યો છે. હે ચેતન! એ પણ પુન્યનો જ પ્રભાવ છે.

૧૫. કેટલાકોને પાંચ રૂપિયા કમાવવા હોય તો નેવે

૧૧. શેઠાઈ પ્રિય હોવા છતાં યાચવું પડે છે, માટે જ ભુ પરતંત્ર છો.

ટૂંકમાં—

તમોને જે જોઇએ છે તે મળે નહિ; અને નથી જોઇતું આવીને ચોટે છે, ત્યાં સુધી તમો કોઈ સત્તાને પર-ંત્ર જ છો.

તે સત્તાનું નામ છે કર્મસત્તા.

તે સત્તાને જ્યારે જમીનદોસ્ત કરશો ત્યારે જ તમારે યાં સાચું સ્વરાજ્ય આવશે.

—

એમ કેમ કહેવાય ?

૧. પોતાની સ્ત્રીની સગવડ ખાતર, નવ મહિના ગર્ભમાં રાખી અસહ્ય વેદનાને સહન કરનાર માતાને અગવડમાં મૂકનારો સપૂત છે, એમ કેમ કહેવાય ?

૨. દુન્યવી સુખોની પ્રાપ્તિમાં અને તેના જ ભોગવટામાં માનવભવને વેડફી નાંખનારો તે ભવની દુર્લભતાને સમજ્યો છે, એમ કેમ કહેવાય ?

૩. એક પૈસા માટે ધર્મનાં સોગન ખાનારા ધર્મની કિંમત સમજ્યા છે, એમ કેમ કહેવાય ?

૪. સમસ્ત શાસ્ત્રના પારંગામી ગણાવા છતાં જેઓ પાપથી પાછા હઠવાનો જરા પણ પ્રયત્ન નથી કરતા, તેઓ પંડિત છે, એમ કેમ કહેવાય ?

૫. જેઓ [illegible] નથી, [illegible] છે, એમ કેમ કહેવાય?

૬. મરતાં પ્રાણીઓને [illegible] આંખમિચામણાં કરનારા [illegible] છે, એમ કેમ કહેવાય?

૭. વાતના વડાઓમાં અને [illegible] ગપાટા [illegible]વામાં દિવસોના દિવસો પસાર કરનારા, સમયની કિંમત સમજ્યા છે, એમ કેમ કહેવાય?

૮. યુદ્ધભૂમિમાં તીરકામઠાં અને બાણોના ઘાને હિંમતપૂર્વક ઝીલનારા, પરંતુ સ્ત્રીઓના કટાક્ષ આગળ કાયર બની જનારા બહાદુર છે, એમ કેમ કહેવાય?

૯. રાત અને દિવસ પરનિંદા સાંભળવામાં અને પરનિંદા કરવામાં મશગુલ રહેનાર કાનનો અને જિહ્વાનો સદુપયોગ કરી રહ્યા છે, એમ કેમ કહેવાય?

૧૦. જે મનુષ્યો ગુણીઓના ગુણગાન કરવાનું શીખ્યા નથી તેઓના હૃદયમાં ગુણાનુરાગ બેઠો છે, એમ કેમ કહેવાય?

૧૧. વૈભવવિલાસોની ગેરહાજરીમાં વૈભવોને નહિ ભોગવનારા સાચા ત્યાગી છે, એમ કેમ કહેવાય?

૧૨. તાવની બીમારીમાં માત્ર મગના પાણી ઉપર રહેનારા માલ-મિષ્ટાન્નના ત્યાગી છે, એમ કેમ કહેવાય?

૧૩. પુણ્યોદયથી પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો જેઓ સદુપયોગ કરી શકતા નથી, તેઓ પોતે લક્ષ્મીના માલિક છે, એમ કેમ કહેવાય?

૧૪. જે વડીલો પોતાની સંતતિનું પરલોકમાં શું થશે ? તેની જરા પણ ચિંતા કરતા નથી, તેઓ તેમના હિતસ્વીઓ છે, **એમ કેમ કહેવાય ?**

૧૫. સ્વ અને પરના હિત માટે છતી શક્તિએ તદ્દન બેદરકાર રહેનારા સુસાધુઓ છે, **એમ કેમ કહેવાય ?**

૧૬. દર્દીના દર્દને દફનાવવાને બદલે તેની પાસેથી અઢળક ધન પડાવી દરદીને જ દફનાવી નાંખનાર ડૉકટર-વૈદ્યો ન્યાયનીતિના સિદ્ધાન્તને સમજ્યા છે, **એમ કેમ કહેવાય ?**

૧૭. આત્માથી તદ્દન બેદરકાર રહી, માત્ર શરીર માટે જ જિંદગીપર્યંત તનતોડ પ્રયત્ન કરનારા આત્માની અમરતા અને શરીરની અનિત્યતાને સમજ્યા છે, **એમ કેમ કહેવાય ?**

૧૮. અન્યને ડાહી શિખામણો પાઠવનારા અને તે શિખામણોને પોતે જરા પણ અમલ નહિ કરનારા સાચા ઉપદેશકો છે, **એમ કેમ કહેવાય ?**

૧૯. આત્માની સાથે રહેલી જ્ઞાન, દર્શન અને ચારિત્રની શાશ્વત રિદ્ધિ પ્રાપ્ત કરવાને બદલે ચંચળ લક્ષ્મીની પાછળ ઘેલા થઇને ફરનારા બદ્ધિશાળી છે. **એમ કેમ કહેવાય ?**

૨૧. [illegible] છે, એમ કેમ કહેવાય ?

૨૨. [illegible] કહેવાય ?

સુંદર સલાહ.

૧. જોવાની ઇચ્છા થાય તો [illegible] જ જોજો.

૨. રોવાની ભાવના થાય તો તમારા [illegible] માટે જ રડજો.

૩. ગ્રહણ કરવાની ઇચ્છા થાય તો સૌના ગુણ જ ગ્રહણ કરજો.

૪. ખાવાની અભિલાષા થાય તો ગમ (ખામોશ) ખાજો.

૫. પાન કરવાની ઈચ્છા જાગે તો વીતરાગની વાણીનું જ પાન કરજો.

૬. લૂંટવાની ભાવના થાય તો જ્ઞાનને જ લૂંટજો.

૭. ક્રોધ કરો તો ક્રોધના ઉપર જ ક્રોધ કરજો.

૮. અભિમાની બનો તો ધર્માભિમાની જ બનજો.

૯. કપટ કેળવો તો મોહરાજા સાથે જ કેળવજો.

૧૦. કાંઈ કરવાની તમન્ના જાગે તો સૌનું ભલું કરજો.

૧૧. બોલવાની ચડસ થાય તો હિતકર અને મિષ્ટ ભાષા જ બોલજો.

૧૨. મારવાની અભિલાષા થાય તો કર્મશત્રુને જ મારજો.

૧૩. નિંદા કર્યા વિના ન ચાલે તો સ્વનિંદા જ કરજો.

૧૪. લોભ ન છૂટે તો ધર્મનો જ લોભ કરજો.

૧૫. સંગ્રહશીલ વૃત્તિ ન છોડાય તો ધર્મનો સંગ્રહ કરવાની જ વૃત્તિ રાખજો.

૧૬. ડરો તો પાપથી જ ડરજો.

૧૭. સાંભળવાનું મન થાય તો ધર્મકથા જ સાંભળજો.

૧૮. વાંચવાનું દિલ થાય તો ધર્મનાં જ પુસ્તકો વાંચજો.

૧૯. સોબત વિના ન ચાલે તો ધર્મીજનોની જ સોબત કરજો.

૨૦. વ્યસન રાખો તો દાનનું જ રાખજો.

૨૧. દૂર ભાગો તો દુર્જનથી જ ભાગજો.

૨૨. ટેકો આપો તો ધર્મકાર્યોને જ ટેકો આપજો.

૨૩. તરતાં શીખો તો સંસારસમુદ્ર જ તરતાં શીખજો.

૨૪. નિકંદન કાઢવાની ભાવના થાય તો અધર્મનું જ નિકંદન કાઢજો.

૨૫. વધવું હોય તો ધર્મમાં જ વધજો.

૨૬. નાટક જોવાની ભાવના થાય તો તમારું સંસાર-નાટક જ જોજો.

૨૭. રીસ કરો તો તમારી દુષ્ટ કાર્યવાહી ઉપર જ રીસ કરજો.

૨૮. ભાંગફોડ કરવાની ઈચ્છા થાય તો કર્મની જ ભાંગ-ફોડ કરજો.

૨૯. ગુણગાન કરો તો અન્ય ગુણીજનોનાં જ કરજો.

૩૦. કોઈને સલાહ આપવાનું મન થાય તો હિતકર જ સલાહ આપજો.

૩૧. [illegible] કરજો.

૩૨. [illegible] તેને જ સાચું માનજો.

૩૩. સ્નાન કરો તો જ્ઞાનગંગામાં જ કરજો.

૩૪. મસ્ત બનો તો પ્રભુભક્તિમાં જ બનજો.

૩૫. ઝાપટાની [illegible] થાય તો [illegible] ફેરાને જ કાપજો.

૩૬. જુવો તો આત્માનો જ ભેદ જોજો.

૩૭. નમવાનું મન થાય તો ધર્મી અને ગુણીજનોને જ નમજો.

—×—

સાચી વ્યાખ્યાઓ.

૧. પાંચે ઇંદ્રિયોના વિષયોને જીતે તે જ સાચો શૂરવીર.

૨. ધર્મનું આચરણ કરે એ જ સાચો પંડિત.

૩. સદા સત્ય વદે એ જ સાચો વક્તા.

૪. જગતના તમામ જીવોને અભયદાન આપે એ જ સાચો દાતાર.

૫. તત્ત્વોની વિચારણા કરવી એ જ બુદ્ધિ પામ્યાનું સાચું ફલ.

૬. વ્રત-પચ્ચક્ખાણને ધારણ કરવા એ જ દેહથી પ્રાપ્ત કરવા લાયક સાચો સાર.

૭. અન્યને જ્ઞાન આપવું એ જ વિદ્યા ભણ્યાની સાચી સાર્થકતા.

૮. નિર્બળોનું રક્ષણ કરવું એ જ શક્તિ પામ્યાની સાચી સફળતા.

૯. ધર્મવિહીનપણું એ જ સાચી દરિદ્રતા.

૧૦. સુદેવ, સુગુરુ અને સુધર્મમાં અખંડ વિશ્વાસ એ જ સાચી ધનાઢ્યતા.

૧૧. અસંતોષ એ જ સાચું દુઃખ.

૧૨. જીવનમાં ઘર કરી બેઠેલા ચોરી અને જારી નામના દુર્ગુણો એ જ સાચી નામોશી.

૧૩. અંતરના મલિન વિચારો એ જ સાચી કાળાશ.

૧૪. સમ્યગ્જ્ઞાનનું અર્પણ કરવું એ જ સાચું દાન.

૧૫. ગમે તેવા સંજોગોમાં પણ ન્યાયના માર્ગથી ચલિત ન થાય એ જ સાચો ધીર.

૧૬. રાગ અને દ્વેષ એ જ આત્માના સાચા શત્રુઓ.

૧૭. ગુરુનો જોગ સ્વાધીન હોવા છતાં જે ધર્મનાં વચનોને નથી સાંભળતો એ જ સાચો ધીઠ.

૧૮. અપકારીના ઉપર પણ ઉપકાર કરવો એ જ સાચી સજ્જનતા.

૧૯. રાત અને દિવસ વિષયોમાં રક્ત રહેનાર એ જ સાચો અંધ.

૨૦. પારકાની નિંદા કરનાર એ જ સાચો ધોબી.

[illegible]

[illegible]

૨૩. [illegible]

[illegible]

૨૪. [illegible] અને તેઓની [illegible] એ જ સાચા [illegible] સમજવો.

૨૫. પોતાની વસ્તુને પારકી અને પારકી વસ્તુને પોતાની માનવી એ જ સાચી અજ્ઞાનતા.

૨૬. આત્મામાં રહેલું ઘોર અજ્ઞાન એ જ અમાવાસ્યાનો સાચો અંધકાર.

૨૭. વિષયોની તૃષ્ણાને છીપાવનાર વીતરાગદેવની વાણી એ જ સાચું પાણી.

૨૮. પોતાની ઈચ્છા મુજબ પોતાના ધનને સન્માર્ગે વાપરનાર એ જ ધનનો સાચો માલિક.

૨૯. પારકી નિંદા કરનારા, ખોટા આરોપો મૂકનાર અને પારકા મર્મને પ્રગટ કરનાર એજ સાચો ચંડાળ.

૩૦. સત્ય બોલવું, તપ કરવો, ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો અને સર્વ જીવોની દયા પાળવી એ જ સાચી શૌચ ક્રિયા.

૩૧. વિષય–કષાયોની અગ્નિમાં બળી રહેલા આત્માને બચાવી લે એ જ **સાચો ઉપકારી.**

૩૨. જન્મ અને મરણરૂપ દુઃસાધ્ય રોગોનું જ્યાં નિદાન થતું હોય એ જ **સાચી હોસ્પિટલ.**

૩૩. સમયે પણ સાચી વાત ન કહેતાં દરેક પ્રસંગે મીઠું બોલી હાજી હાજી કરવાની કુટેવ એજ **સાચું માખણ.**

૩૪. અન્યને હેરાન કરવાની દુષ્ટ ભાવના એજ **સાચી દુર્જનતા.**

૩૫. પોતાનું અને સમય મળે પરનું આત્મકલ્યાણ સાધવાની તમન્ના એ જ **સાચી સાધુતા.**

૩૬. આઠ કર્મોના પંજામાં ફસાયેલા આત્માને મુક્ત કરવો એ જ **સાચું સ્વરાજ્ય.**

૩૭. ચતુર્ગતિરૂપ સંસાર એ જ **સાચું કારાગૃહ.**

૩૮. ગમે તેવાં સંકટોમાં સપડાવા છતાં અધર્મ કાર્ય નહિ કરવું એ જ **સાચી કુલિનતા.**

૩૯. પોતાના સ્વાર્થ માટે પારકાના હિતને હણનારા એ જ **સાચા રાક્ષસો.**

૪૦. પિતાની પેઠે પ્રજાનું રક્ષણ કરે એ જ **સાચો રાજા.**

૪૧. વિપત્તિઓમાં મદદગાર થાય એ જ **સાચો મિત્ર.**

૪૨. સગીરોના આત્મહિતની ચિંતા કરે એ જ **સાચા વડીલો.**

૧૨. તન અને ધનના ભોગે પણ ધર્મની રક્ષા કરવાની તમન્ના જગાવે **તે જ સાચું જ્ઞાન.**

૧૩. પુણ્ય, પાપ, પરલોક અને આત્મા આદિ પદાર્થોના અસ્તિત્વમાં શ્રદ્ધાને દૃઢ બનાવે **તે જ સાચું જ્ઞાન.**

૧૪. સુદેવ, સુગુરુ અને સુધર્મનું સન્માન પેદા કરાવે **તે જ સાચું જ્ઞાન.**

૧૫. ભક્ષ્ય, અભક્ષ્ય, પેય અને અપેય પદાર્થોની પિછાણ કરાવે **તે જ સાચું જ્ઞાન.**

૧૬. અહમ્ અને મમની માયામાં અંધ બનેલી દુનિયાને હું કોઈ ચીજ નથી અને જગતમાં મારું કોઇ નથી, આ ભાવનારૂપ અંજનથી દેખતી કરે **તે જ સાચું જ્ઞાન.**

૧૭. અન્યના અવગુણ જોવાને બદલે પોતાના અવગુણો જોતાં શીખવે **તે જ સાચું જ્ઞાન.**

૧૮. પુણ્યને પુણ્ય જ અને પાપને પાપ જ માનવાની માન્યતા ઉત્પન્ન કરી આપે **તે જ સાચું જ્ઞાન.**

૧૯. જગતભરના તમામ પૌદ્‌ગલિક પદાર્થો મળવા સુલભ છે, પરંતુ વીતરાગકથિત ધર્મ મળવો અતિ દુર્લભ છે, આ સિદ્ધાન્તમાં સંપૂર્ણ વિશ્વાસ પેદા કરી આપે તે જ સાચું જ્ઞાન.

૨૦ સત્તા અને સંપત્તિનો સદુપયોગ કરતાં શીખવે તે જ સાચું જ્ઞાન.

૨૧. પત્નીની ખાતર જન્મદાતા માતા-પિતાને જુદા

રાખવાની નીચ (હલકટ) કાર્યવાહી ન કરાવે તે જ સાચું જ્ઞાન.

૨૨. દુરાચારની દુષ્ટતા અને સદાચારની શ્રેષ્ઠતાને સમજાવે તેજ સાચું જ્ઞાન.

૨૩. આ લોકમાં જ માત્ર ઉપયોગી થઈ શકે તે બધું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે, એવી માન્યતા પેદા કરે તે જ સાચું જ્ઞાન.

૨૪. સંસારનાં સમસ્ત બંધનોમાંથી હું મુક્ત થઇશ એવા મનોરથો ઉત્પન્ન કરાવે તે જ સાચું જ્ઞાન.

૨૫. ઘોડા સાથે ગધેડાની, કસ્તૂરી સાથે કાદવની અને હીરા સાથે પથ્થરની સરખામણી કરવાની મૂર્ખાઈ ન કરાવે તે જ સાચું જ્ઞાન.

૨૬. ત્યાગધર્મ સિવાય કોઈની પણ મુક્તિ થઇ નથી, અને થશે પણ નહિ, આ સિદ્ધાન્તમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવે તે જ સાચું જ્ઞાન.



સદાચાર અને દુરાચારનો ભેદ.

૧. સદાચાર એ સોનું છે, જ્યારે દુરાચાર એ કથીર છે.

૨. સદાચાર એ સ્વર્ગની ચાવી છે અને દુરાચાર એ નરકનું દ્વાર છે.

૩. સદાચાર એ સુખનો ખજાનો છે, અને દુરાચાર એ દુઃખનો ડુંગર છે.

૧૨. તન અને ધનના ભોગે પણ ધર્મની રક્ષા કરવાની તમન્ના જગાવે તે જ સાચું જ્ઞાન.

૧૩. પુણ્ય, પાપ, પરલોક અને આત્મા આદિ પદાર્થોના અસ્તિત્વમાં શ્રદ્ધાને દૃઢ બનાવે તે જ સાચું જ્ઞાન.

૧૪. સુદેવ, સુગુરુ અને સુધર્મનું સન્માન પેદા કરાવે તે જ સાચું જ્ઞાન.

૧૫. ભક્ષ્ય, અભક્ષ્ય, પેય અને અપેય પદાર્થોની પિછાણ કરાવે તે જ સાચું જ્ઞાન.

૧૬. અહમ્ અને મમની માયામાં અંધ બનેલી દુનિયાને હું કોઈ ચીજ નથી અને જગતમાં મારું કોઇ નથી, આ ભાવનારૂપ અંજનથી દેખતી કરે તે જ સાચું જ્ઞાન.

૧૭. અન્યના અવગુણ જોવાને બદલે પોતાના અવગુણો જોતાં શીખવે તે જ સાચું જ્ઞાન.

૧૮. પુણ્યને પુણ્ય જ અને પાપને પાપ જ માનવાની માન્યતા ઉત્પન્ન કરી આપે તે જ સાચું જ્ઞાન.

૧૯. જગતભરના તમામ પૌદ્ગલિક પદાર્થો મળવા સુલભ છે, પરંતુ વીતરાગકથિત ધર્મ મળવો અતિ દુર્લભ છે, આ સિદ્ધાન્તમાં સંપૂર્ણ વિશ્વાસ પેદા કરી આપે તે જ સાચું જ્ઞાન.

૨૦ સત્તા અને સંપત્તિનો સદુપયોગ કરતાં શીખવે તે જ સાચું જ્ઞાન.

૨૧. પત્નીની ખાતર જન્મદાતા માતા-પિતાને જુદા

૧૩. રામરાજ્યની સ્થાપના કરવાની ભાવનાવાળાઓએ લાખો વર્ષ પહેલાંની સંસ્કૃતિને અપનાવવી પડશે અને આજની સંસ્કૃતિને ભગાડવી પડશે.

૧૪. ચૌદ વર્ષની છોકરી કૉલેજિયનના પ્રેમપાશમાં પડી ભાગી જવાનું સમજી શકે, પણ તે જ ઉમ્મરની છોકરી દીક્ષા લેવા તૈયાર થાય તો તે પોતાના હિતને સમજી શકતી નથી એવો ન્યાય તોળનારા ભેજાવાળા ન્યાયાધીશોની હયાતી માટે હિન્દુસ્તાનને મગરૂર બનવાની જરૂર છે!

૧૫. આ લોકમાંથી પરલોકમાં અને પરલોકમાંથી અન્ય લોકમાં પરિભ્રમણ કરી રહેલા લોકની તે પરિભ્રમણક્રિયા બંધ કરવા માટેના સાચા ઉપાયો બતાવનારા જ સાચી લોકસેવા બજાવી રહ્યા છે.



આટલું તો જરૂર કરો

૧. સાતે વ્યસનનો ત્યાગ કરજો, પણ દાન દેવાના વ્યસનને કદી છોડશો નહિ.

૨. બધાંનો લોભ છોડજો પણ ધર્મના લોભી તો જરૂર બનજો.

૩. કોઈથી ડરશો નહિ પણ અપકૃત્યથી તો ડરતાં જ રહેજો.

૪. પારકી વસ્તુ છીનવી લેવાની દુષ્ટ ભાવના થાય ત્યારે પાંગળા બનવાનું પસંદ કરજો.

એમ બોલનારા અને લખનારા કેવળ મિથ્યાત્વરૂપ સંનિપાતમાં ઘેરાયેલા ભયંકર કોટિના દર્દીઓ છે.

૭. જે જમાનામાં સ્વચ્છંદતા અને શિથિલતાને પ્રચારનારાં સાધનો વધુ હોય તે જમાનામાં ધર્મના નિયમોને ખૂબ જ મજબૂત બનાવવાની જરૂર છે. તે બંધનોને શિથિલ કરનારા સ્વચ્છંદતાને પોષનારા છે.

૮. જૂના જૂના ઇતિહાસોની શોધખોળ કરનારાઓએ હું ક્યાં હતો, ક્યાંથી આવ્યો, ક્યાં જઈશ, મારું પરિભ્રમણ કયા કારણે છે, એમ પોતાના ઇતિહાસની પણ શોધખોળ કરવા પ્રયત્ન કરવાની જરૂર છે.

૯. કોઈ ચીજની અછતનો અને ગરજાળુ ઘરાકની ગરજનો લાભ ઉઠાવી તે વસ્તુના મોંમાગ્યા દામ લેવા એ પણ એક જાતની અનીતિ છે.

૧૦. નટભવન, અરીસાભવન અને હસ્તિસ્કંધઆરોહણ એ કાંઈ મોક્ષમાર્ગનાં સાધનો નથી, પણ તેનાં શાશ્વત અને સાચાં સાધનો સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર જ છે.

૧૧. મુનિના નામનો અને વેષનો મોહ રાખનારાઓને તેને અનુકૂળ ચારિત્રપાલનનો અને શક્ય આજ્ઞાના પાલનનો પણ મોહ રાખવો જરૂરી છે.

૧૨. પર પંચાતની પટલાઈ કરવામાં આજ સુધી ઘણું ગુમાવ્યું, હવે તો પોતાના આત્માની પંચાત કરવામાં મળેલી સુંદર તકનો ઉપયોગ કરવો એ જ ડહાપણ ભરેલું છે.

૧૩. રામરાજ્યની સ્થાપના કરવાની ભાવનાવાળાઓએ લાખો વર્ષ પહેલાંની સંસ્કૃતિને અપનાવવી પડશે અને આજની સંસ્કૃતિને ભગાડવી પડશે.

૧૪. ચૌદ વર્ષની છોકરી કૉલેજિયનના પ્રેમપાશમાં પડી ભાગી જવાનું સમજી શકે, પણ તે જ ઉમ્મરની છોકરી દીક્ષા લેવા તૈયાર થાય તો તે પોતાના હિતને સમજી શકતી નથી એવો ન્યાય તોળનારા ભેજાવાળા ન્યાયાધીશોની હયાતી માટે હિન્દુસ્તાનને મગરૂર બનવાની જરૂર છે!

૧૫. આ લોકમાંથી પરલોકમાં અને પરલોકમાંથી અન્ય લોકમાં પરિભ્રમણ કરી રહેલા લોકની તે પરિભ્રમણક્રિયા બંધ કરવા માટેના સાચા ઉપાયો બતાવનારા જ સાચી લોકસેવા બજાવી રહ્યા છે.



આટલું તો જરૂર કરો

૧. સાતે વ્યસનનો ત્યાગ કરજો, પણ દાન દેવાના વ્યસનને કદી છોડશો નહિ.

૨. બધાંનો લોભ છોડજો પણ ધર્મના લોભી તો જરૂર બનજો.

૩. કોઈથી ડરશો નહિ પણ અપકૃત્યથી તો ડરતાં જ રહેજો.

૪. પારકી વસ્તુ છીનવી લેવાની દુષ્ટ ભાવના થાય ત્યારે પાંગળા બનવાનું પસંદ કરજો.

[illegible]

૮. ધર્મ [illegible] માર્ગમાં [illegible] નાંખશો નહિ.

૯. કોઈના મુખાનુસાર કરવાનું ન બને તો ભલે, પરંતુ કોઈના અવર્ણવાદ (નિંદા) તો કદી કરશો નહિ.

૧૦. દેવ, ગુરુ અને ધર્મની ભક્તિ થાય એટલી કરજો પરંતુ તેમની કુભક્તિ કરવાની ભૂલ કદી કરશો નહિ.

એનો કદી વિચાર કર્યો છે?

(૧) માનવજાત મળ્યો તો ખરો, પણ ફળ્યો કેટલો? એનો કદી વિચાર કર્યો?

(૨) આ વસ્તુ સારી અને આ વસ્તુ ખરાબ એ લોકને સમજ્યા, પરંતુ સુદેવ કોણ અને કુદેવ કોણ એનો કદીયે વિચાર કર્યો?

(૩) ધર્મના મર્મને સમજ્યા વિના શા માટે એમાં દોઢડહાપણ કરવું જોઇએ, એનો કદી વિચાર કર્યો?

(૪) ધર્મ કરવાથી કેટલા ફાયદા થાય છે અને અધર્મથી કેવું ભયંકર નુકસાન થાય છે, એનો કદી વિચાર કર્યો ?

(૫) આજના વિલાસી વાતાવરણમાં પણ વૈભવવિલાસના માલિકો પણ અવસરે અવસરે ધર્મકરણીને ભૂલતા નથી, તો મારા જેવા પામરને કરવામાં શો વાંધો આવે એમ છે ? એનો કદી વિચાર કર્યો ?

(૬) મારી નિંદા કોઇ કરે તો હું લાલપીળો થઈ જાઉં છું. તો મારે કોઇની પણ નિંદા કરવાની શી જરૂર છે ? એનો કદી વિચાર કર્યો ?

(૭) મરવાનું નક્કી જ છે તો પછી સંસારસમુદ્રને તરવા માટે અને શિવસુંદરીને વરવા માટે આજ સુધી મેં શું કર્યું એનો કદી વિચાર કર્યો ?

(૮) તારી બે આંખો મીંચાયા પછી બધું જ અહીં રહી જવાનું છે, તો પછી મારું મારું કરી શા માટે તું મૂંઝાઈ રહ્યો છે, એનો કદી વિચાર કર્યો ?

(૯) ઘઉં અને કાંકરા બન્ને ભેગા હોય છે તેમાંથી ઘઉંને રાખી કાંકરાને ફેંકી દઉં છું, પણ અનેક ગુણોમાંથી અવગુણ શા માટે ગ્રહણ કરું છું ? એનો કદી વિચાર કર્યો ?

(૧૦) માનવભવની મહત્તા ત્યાગથી જ છે, તો પછી તેને ભોગોમાં શા માટે વેડફી નાંખવો જોઇએ, એનો કદી વિચાર કર્યો ?

(૧૧) તપ, જપ, ક્રિયાકાંડ તો ઘણાં જ કર્યાં, પણ

મનનો મેલ હડાવવા કેટલો પ્રયત્ન કર્યો, એનો કદી વિચાર કર્યો ?

(૧૨) દુનિયાનાં સમસ્ત કાર્યોમાં મનને મક્કમ બનાવાય છે, પણ ધર્મકાર્યોમાં તેને કેમ નિર્બળ બનાવી દેવાય છે. એનો કદી વિચાર કર્યો ?

(૧૩) બે આંખનો અંધાપો જેટલું નુકસાન નથી કરતો તેના કરતાં કંઇક ગણું નુકસાન અજ્ઞાનતાનો અંધાપો કરી રહ્યો છે, એનો કદી વિચાર કર્યો ?

(૧૪) વિષયોના ભોગવટામાં હમણાં તો લહેર માલમ પડે છે. પણ પાછળ તેનો કેર કેટલો છે, એનો કદી વિચાર કર્યો?



સાચું સુખ અને તેનાં સાધનો.

ધર્મથી સુખ અને પાપથી દુઃખ થાય છે. એ સિદ્ધાંત સર્વ ધર્મવાળાઓએ સ્વીકાર્યો છે, માટે પાપ નહિ કરતાં ધર્મનો સંગ્રહ કરવો જોઈએ.

જે લોકો એમ માને છે, કે સુખ અને દુઃખને આપનાર ઇશ્વર છે, એ તેમની માન્યતા બિલકુલ કપોલકલ્પિત હોઈ મિથ્યા ઠરે છે: કારણ કે નિરંજન નિરાકાર, પરમકૃપાળુ, રાગદ્વેષ વિનાના પરમાત્માને રાગ અને દ્વેષની પ્રવૃત્તિથી ભારોભાર ભરેલી દુનિયાને ઉત્પન્ન કરી તેને સુખ અને દુઃખ આપવાનું કોઇપણ પ્રયોજન જણાતું નથી.

હે ભગવાન ! પ્રશાન્ત રસમાં નિમગ્ન થયેલ બે ચક્ષુ

ઓથી પ્રસન્ન તારૂં મુખકમલ છે, તારો ખોળો સ્રીના સંગ વિનાનો છે. તારા બન્ને હાથો શસ્ત્ર વિનાના છે, અને તેથી જ જગતમાં તું વીતરાગ દેવ કહેવાય છે.

સંસારરૂપી વૃક્ષને મૂળથી ઉખેડી નાખનાર કોઇ મદોન્મત્ત હાથી હોય તો તે માત્ર એક (સમ્યગ્) જ્ઞાન જ છે.

જડતારૂપી અંધકારનો નાશ કરનાર કોઇ સાચો સૂર્ય હોય તો તે માત્ર જ્ઞાન જ છે.

ત્રણ જગતમાં રહેલા સર્વ પદાર્થોને દેખાડનાર કોઇ અપૂર્વ નેત્ર હોય તો તે માત્ર જ્ઞાન જ છે.

ઇન્દ્રિયોરૂપી હરણોને મુશ્કેટાટ બાંધનાર જો કોઈ જબરજસ્ત જાળ હોય તો તે માત્ર જ્ઞાન જ છે.

The great aim of education is not knowledge but action.

શિક્ષણ લેવાનો મુખ્ય હેતુ જ્ઞાન નથી પણ આચરણ છે.

નિષ્ફળ જવાના ભયથી જે ડરતા નથી તેને પોતાના કાર્યમાં જરૂર ફતેહ મળે છે.

ચંદનના (સુખડ) ભારને વહન કરનારો ગર્દભ, ચંદનનો ભાગી નથી, પરંતુ ભારનો જ ભાગી થાય છે. તે જ મુજબ ચારિત્ર વિનાનો જ્ઞાની માત્ર જ્ઞાનનો જ ભાગી થાય છે; પરંતુ સદ્ગતિનો ભાગી થતો નથી.

કોઈ માણસ તમારે ત્યાં વ્યાજ વગેરેની વાતચીત કર્યા વિના રૂપિયા મૂકી જાય તો તેને વ્યાજ મળતું નથી, તેમ

અજ્ઞાન જનતાને જો છેતરવામાં જ કામ લાગતો હોય, અને વીતરાગ પ્રભુની શક્ય આજ્ઞાને શિરોધાર્ય કરવાનો તેનો હેતુ જો ન હોય, તો તે ખાર પણ લીંપણુ બરાબર છે.

૩. સુંદર કવર, સુંદર કાગળ, સુંદર મુદ્રણ અને મોટાં બીબાંવાળા સંસ્થાઓના રિપોર્ટમાં માત્ર લાંબી લાંબી, ડાહી ડાહી, સેવાની અને ધર્મકાર્યોની વાયડી વાતોના જ તડાકા મારવામાં આવ્યા હોય, પરંતુ તેમાં દર્શાવેલ વસ્તુનો તે સંસ્થામાં જો અમલ ન થતો હોય તો તે ઝાંઝવાનાં ' બરાબર છે.

૪. સાધુવેષ માત્ર ભોળી જનતાને આકર્ષવા માટે જ હોય, પરંતુ તે વેષની સંપૂર્ણ વફાદારી તેમ તેને અનુકૂળ સુંદર આચરણનું જ જો દેવાળું જ હોય તો એવા વેષની કોઈ કિંમત નથી.

૫. હાથવણાટના સૂતરનો, બગલાની પાંખ જેવો સફેદ ઝભ્ભો, જો દેશભક્ત તરીકે ગણાવવા પૂરતો જ હોય, પરંતુ તેની પાછળ જો દેશની અને લોકસેવાની સાચી તમન્ના અને શક્ય ક્રિયા ન હોય, તો વરસાદ વિનાના વાદળ બરાબર છે.

૬. સાકર અને શેરડીની મધુરતાને પણ મહાત કરે એવી, અને ટેબલ ઉપર હાથ અફાળી વિવિધ અભિનય વાળી વ્યાખ્યાનવાણી માત્ર લોકરંજન માટે તેમ જ પ્રખર વક્તા કહેવડાવવા માટે જ હોય, પરંતુ વાણી પ્રમાણે જરા પણ વર્તતા જો ન હોય, તો એ વ્યર્થ બકવાસ બરાબર છે.

૭. One rate (એક જ ભાવે) અત્રે સુંદર અને સ્વાદિ

ભોજન મળે છે. ચોખ્ખા, ભેળસેળ વિનાના ઘીની એક જ ભાવની દુકાન આદિનાં લગાવેલાં પાટિયાં માત્ર હૈયાંના ફૂટા અને અક્કલના બૂઠા ઘરાકોને ફોસલાવવા પૂરતાં જ લટકતાં હોય, પણ અંદર લખેલા માલથી બિલકુલ જુદો જ માલ હોય તો તે વેપાર નથી, પણ ચોરી જ છે.

વચનપુષ્પાંજલિ

બીજાં કેવાં છે એ જોવામાં યાદ રાખજો કે તમારે ઘણું ખોવાનું છે; જ્યારે હું કેવો છું એ જોવામાં પાપને ધોવાનું છે.

પોતાના જીવનમાં સુંદર સગવડો ઊભી કરવા માટે તનતોડ પ્રયત્ન કરનારાઓને અન્યની સગવડોને ઝૂંટવી લેવાનો કશો જ હક નથી.

ગુણને ગ્રહણ કરનારાઓ હંસની ઉપમાને પામે છે, અને અવગુણને ગ્રહણ કરનારાઓ કાગડાની ઉપમા પામે છે. બેમાંથી જે ઉપમા પસંદ પડે તેવું કાર્ય કરજો.

પૂર્વના પુણ્યોદયથી તમોને કોઈ સત્તા મળી હોય તો સૌનું ભલું કરવામાં તેનો સદુપયોગ કરજો. જો સત્તાના મદમાં અંધ બની દુનિયાને રંજાડવાનો ધંધો કર્યો તો કર્મસત્તા તમારો કૂચો કાઢી નાંખશે.

જો તમે બુદ્ધિશાળી હો તો કોઈને ખાડામાં ઉતાર-

વાનો પ્રયત્ન ન કરતા. કોઈને સાચી સલાહ અને સું
રાહ બતાવવામાં તેનો સદુપયોગ કરજો.

જો તમને શરીરસંપત્તિ પ્રાપ્ત થઈ હોય તો તેને મોજ-શોખમાં નહિ જોડતાં, તપ-જપમાં જોડવાનો પણ પ્રયત્ન કરજો.

જેમ રૂથી ઢબાવેલી આગ પ્રગટ થયા વિના રહેતી નથી, તેમ છૂપું કરેલું પાપ પણ મોડું-વહેલું પ્રગટ થયા વિના રહેતું નથીઃ માટે પાપ નહીં કરવું એ જ શ્રેષ્ઠ માર્ગ છે.

સત્તા અને સંપત્તિ મેળવવા પ્રયત્ન કરો છો તેટલો પ્રયત્ન ધર્મપ્રાપ્તિ પાછળ કરો તો સત્તા અને સંપત્તિ, વિના નોતરે તમારે ત્યાં આવી જશે.

તમારી જાતને શાન્તિમાં રાખવા ઇચ્છતા હો તો કોઈની પણ શાન્તિને ઝુંટવી લેવાનો અધમ પ્રયત્ન કરશો નહિ.

ધનની પાછળ જ ગાંડા-ઘેલા બનેલા અને તેને જ સર્વસ્વ માનનારા માનવીઓ પાસે ધર્મની અને નીતિની આશા રાખવી વ્યર્થ છે.

ગુણી પુરુષોના ગુણગાન ગાવામાં અને સાંભળવામાં જેની જિહ્વા અને કર્ણ સજ્જ રહે છે, તથા અન્યને સુખી દેખી જેના હ્રદયમાં ઈર્ષા-અગ્નિની આગ ભભૂકતી નથી તેવા જ આત્માઓ માનવજીવનની સફળતા કરી રહ્યા છે.

દુઃખીઓના દુઃખને દૂર કરવામાં જ તન, મન અ
ધનનો ઉપયોગ કરનારા તથા અધર્મીને પણ ધર્મી બન

તાની ધગશવાળા પરોપકારરસિક આત્માઓ સાચા દયાળુ હોઈ જગતને આશીર્વાદરૂપ બની શકે છે.

બીજાના અવગુણોને જોવાની કુટેવ બંધ કરવી હોય તો પોતાના અવગુણોને જોવાની શરૂઆત કરો.

ત્યાગી ન બનાય તો ખેર, પરંતુ ત્યાગીના અને ત્યાગના પક્ષપાતી બનવાનું કદી છોડશો નહિ.

પોતાની સ્ત્રીને સીતાજી બનાવવાની ભાવનાવાળાએ પોતે રામચંદ્રજી બન્યા વિના છૂટકો નથી.

કોઇ પણ અધિકાર (Degree) ને પામીને જે મનુષ્ય પોતાના અધિકારને શોભે એવી કાર્યવાહી નથી કરતો તેના અધિકારમાંથી આદિનો 'અ' કાર નીકળી જવાથી ધિક્કારને પાત્ર બને છે.

પોતાના ઉપકારીઓ પ્રત્યે બેવફા થનાર મનુષ્યો કુતરા કરતાં પણ નીચી હદના ગણાય છે.

દુઃખોથી કંટાળેલા આત્માઓને આપઘાત કરવાને બદલે તે દુઃખોથી મુક્ત થવા માટે કર્મનો ઘાત કરનાર ધર્મ સ્વીકારવાની જરૂર છે.

સંસારરૂપી બીજના અંકુરોને ઉત્પન્ન કરવાના કારણભૂત રાગ અને દ્વેષ જેમનાં મૂળથી ક્ષય પામ્યાં છે, તેને જ વીતરાગ પરમાત્મા કહેવાય છે.

દુનિયાના મનુષ્યો ધર્મના ફળરૂપ સુખની ચાહના કરે છે; પરંતુ ધર્મથી હજારો કોસ દૂર ભાગે છે; અને પાપનું

ફળ જે દુઃખ તેથી ડરે છેઃ છતાં પાપકર્મો આદરપૂર્વક કરે છે. આ વિપરીત દશા ટળે નહિ ત્યાં સુધી કદાપિ સુખ મળે નહિ.

ધર્મ વિનાનો ધનવાન એ જ સાચો કંગાળ છે, દરીદ્રી હોવા છતાં, સાચો ધર્મી શ્રીમાન્ છે.

પાપ કરતાં થાબડનારા બહુ મળશે, પણ એ પાપનો વિપાક ભોગવવાના અવસરે સામું જોનારા અને બચાવનારા કોઇ નહિ મળે.

હિતશિક્ષાને સાંભળતાં જેનો આત્મા ક્રોધાતુર થાય તો સમજવું કે તેની ભાગ્યદશા પરવારી ગઇ છે.

હે મૂર્ખ ! સુખે બેસે છે, સુખે સૂએ છે, સુખે ખાય છે, સુખે પીએ છે; પણ પરલોકમાં પુણ્ય વિના તારા શા હાલ થશે તેનો જરા શાંત ચિત્તે વિચાર કર.

ઉદાર બનો પણ ઉડાઉ બનશો નહિ. કરકસરિયા બનો પણ કંજૂસ બનશો નહિ. સ્વતંત્ર બનજો પણ સ્વચ્છંદ બનશો નહિ.

જે વખતે જે વસ્તુ મળી રહે તેમાં જ સંતોષ માની તેનાથી ચલાવી લેવાની ટેવ પાડજો કે જેથી ભવિષ્યમાં દુઃખી થવાનો પ્રસંગ ન આવે.

સાચું અને ખોટું એ બેના મિશ્રણમાં ખોટાને કાં [illegible] ગુમાવવાનું હોતું નથી. ગુમાવવાનું તો સાચાને જ છે. [illegible] જ [illegible] સહેજ ગવાય છે, તેનાથી જ આ [illegible]

વિભૂષિત છે કે જે અપકારીનું પણ પ્રસંગે ભલું કરવાનું ચૂકતો નથી.

તમારા માર્ગમાં કોઇ દુર્જન કાંટા નાંખે તો તેના બદલામાં તું ફૂલ બિછાવી સજ્જનતાની કોટિમાં તારું નામ નોંધાવવાનું ભૂલતો નહિ.

અહિંસા, સંયમ અને તપ એ જન્મમરણના રોગને દૂર કરનારા શ્રેષ્ઠ ઔષધ છે.

['પ્રભાતનાં પુષ્પો'માંથી સાભાર]

***

પુનર્જન્મનો એક નૂતન કિસ્સો

"બડોત (જિ. મેરઠ) ઉત્તર પ્રદેશમાં પરમ પૂજ્ય ૧૦૮ મુનિશ્રી વૃષભસાગરજી બિરાજે છે. મહારાજશ્રીના દર્શને આવનારાઓમાં એક છ વર્ષની બાલિકા એની માતા સાથે આવી હતી. એનું નામ અનુરાધા છે. અને એના પિતાનું નામ શ્રી અજિતપ્રસાદજી જૈન છે. તેઓ બડોતના છે. આ બાલિકા પોતાના પુનર્જન્મની બધી વાતો કરે છે. એ કહે છે–" હું મારા આગલા જન્મમાં હુકમચંદની પુત્રી હતી. અને વૈષ્ણવકુળમાં જન્મી હતી. મારું નામ કાંતિ હતું. અમે આઠ બહેનો હતી. મારા લગ્ન ૧૫ વર્ષની ઉંમરે થયાં હતા. મારા પતિનું નામ મહેશ હતું. તેઓ મેરઠ જિલ્લામાં લોનીમાં રહેતા હતા. મારે બે પુત્રીઓ હતી. એમનાં નામ સુનીતા અને બેબી હતાં. બેબી ગુજરી ગઈ છે. મારૂં અવસાન દીલ્હીની મછલીવાલી ઇસ્પિતાલમાં થયું હતું.

તપાસ કરતાં બધી વાત સાચી લાગી છે. બાલિકા પોતાના પૂનર્જન્મનાં મા-બાપને તથા સાસરીઆને તેના પુત્રીને ઓળખી બતાવે છે. અત્યારે બાલિકા જૈનકુળમાં જન્મી હોવા છતાં જૈનધર્મનાં બદલે વૈષ્ણવધર્મને જ માને છે. અત્યારે પણ એ પોતાના પૂર્વ જન્મના ઘરે જવાની જિદ કરે છે. અને અત્યારનાં મા-બાપ પાસે રહેવા નથી ઈચ્છતી...

આવા કિસ્સાઓ કુતૂહલના પોષક થાય એ સ્વાભાવિક છે. પણ આથી માત્ર કુતૂહલભર્યો આનંદ અનુભવીએ એ... પુરતું નથી. આવી ઘટનાઓ ઉપરથી 'જેવું કરે તેવું પામે' એવો જીવંત બોધપાઠ લઇને મનને ગુણિયલ અને ... મુક્ત બનાવવાનો પ્રયત્ન કરવો એજ આવા બનાવો ... સાર છે.

(જૈન સં. ૨૦૨૮ પર્યુષણ વિશેષાંકમાંથી સાભાર)

***

જૈનેતર શાસ્ત્રોમાં પુનર્જન્મનો નિયમ

'આ આત્મા કદી જન્મતો કે મરતો નથી અથવા તે નહિ હતો ને ફરી નહિ હશે એમ પણ નથી આ અજન્મા નિત્ય, શાશ્વત, પુરાતન છે. તેથી શરીર હણાતા છતાં હણાતો નથી.' [ભગવદ્ ગીતા અ. ૨-૨૦.

'જેમ મનુષ્ય જૂનાં વસ્ત્રો ત્યજીને નવાં વસ્ત્રોને ગ્રહણ કરે છે તેમ દેહધારી (આત્મા) જૂનાં શરીરોને ત્યજી [illegible] નવાં શરીરોને પામે છે....' [ભ. ગીતા. અ. ૨-૨૨.

'કેમકે જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. માટે એ અનિવાર્ય વિષયમાં તું શોક કરવાને યોગ્ય નથી.' [ભ. ગી. અ. ૨–૨૭]

'હે અર્જુન! મારા અને તારા પુષ્કળ જન્મો વીતી ગયા છે. તે બધાને હું જાણું છું, પણ હે પરંતપ! તું નથી જાણતો....' [ભ. ગી. અ. ૪–૫]

'હે પાર્થ! આ લોકમાં કે પરલોકમાં તેનો વિનાશ નથી. કેમકે હે તાત! શુભ કર્મ કરનાર કોઈ (મનુષ્ય) દુર્ગતિને પામતો નથી.' [ભ. ગી. અ. ૬–૪૦]

'અને શ્રોત્ર–ચક્ષુ–ત્વચા–જિહ્વા, ઘ્રાણેન્દ્રિય તથા મનનો આશ્રય લઈને આ જીવાત્મા વિષયોને સેવે છે.'

[ભ. ગીતા અ. ૧૫–૯]

'યોગભ્રષ્ટ (મનુષ્ય) પુણ્ય કરનારાઓના લોકોને પામી ઘણાં વર્ષો સુધી (ત્યાં) રહીને પવિત્ર શ્રીમંતોના ઘરે જન્મે છે. અથવા બુદ્ધિમાન યોગીઓના કુળમાં જન્મે છે. ખરેખર લોકોમાં આવો જે આ જન્મ તે અતિ દુર્લભ છે.'

[ભ. ગીતા અ. ૬/૪૧–૪૨]

नाहं रामो न मे वाञ्छा भावेषु च न मे मनः।
शान्तिमास्थातुमिच्छामि स्वात्मन्येव जिनो यथा ॥१॥

'હું રામ નથી. મને વાંછા નથી, પદાર્થોમાં મારું મન નથી. જેવી રીતે જિન પોતાના આત્મામાં શાંતભાવે રહ્યા છે તેવી રીતે શાન્તભાવે રહેવાને હું ઈચ્છું છું.'

[યોગવાશિષ્ઠે]

મૃત્યુનો મર્મ

સાત દ્વારોમાંથી નીકળીને જીવ કઇ ગતિમાં જાય તે

"ब्रह्मद्वारे च मोक्षत्वं, चक्षुर्भ्यां देवयोनये।
नासाभ्यां मृत्युयोनिः स्यात्, कर्णाभ्यामसुरो भवेत् ॥१॥
[illegible] यक्षराक्षस्य, लिंगद्वारेण कीटकः ॥
गुदाद्वारेण नरकं च, मरणं सप्तविधं स्मृतम् ॥२॥"

અર્થ:- બ્રહ્મદ્વારમાંથી જીવ નીકળે તો મોક્ષે જાય, આંખોમાંથી નીકળે તો કોઇપણ દેવજાતિમાં જાય, નાકમાંથી મૃત્યુયોનિમાં, કાનમાંથી અસુર જાતિમાં વક્ષ:સ્થલ (છાતી) માંથી યક્ષ-રાક્ષસાદિમાં લિંગદ્વારમાંથી કીડામાં અને ગુદાદ્વારમાંથી નીકળે તો નરકમાં, એમ મૃત્યુ બાદ સાત પ્રકારની ગતિ કહી છે.

આયુ: પ્રમાણ

[illegible]

ધૂમસથી વ્યાપ્ત હોય તો તેજ દિવસનું, એમ સર્વજ્ઞોએ સ્પષ્ટ આયુ:પ્રમાણ કહ્યું છે.

મૃત્યુ જાણવાની રીત

"दीपनिर्वाणगन्धञ्च सुहृद्वाक्यमरुन्धतीम् ।
न जिघ्रन्ति न शृण्वन्ति, न पश्यन्ति गताऽऽयुषः ॥"

જે ઓલવાયેલા દીપકની ગંધ સુંઘતો નથી, જે મિત્રના વાક્યને સાંભળતો નથી, જે અરૂન્ધતીનો તારો દેખતો નથી, તેનું મરણ નજીક જાણવું.

卐

ભાવદર્દ-ઔષધ-આરોગ્ય

(દીવાદાંડીના અજવાળામાંથી)

અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માઓએ ભાવરોગથી દુઃખી જીવોને સંપૂર્ણ આરોગ્ય આપવા નીચેની દવાઓ તે તે રોગો ઉપર નક્કી કરી છે.

રોગોના પ્રકાર

(૧) સ્વાર્થલોલુપતાનો સન્નિપાત. (૨) કદાગ્રહનો વિષમ જ્વર. (૩) જ્ઞાનનું અજીર્ણ (અપચો). (૪) જિનાગમ-અન્ન ઉપર અરુચિ. (૫) પક્ષમોહ-આત્મગૌરવરૂપ ડબલ ન્યુમોનિયા. (૬) વિષયવાસના (ઇંદ્રિયલોલુપતા) રૂપ ટી. બી. T. B. (૭) પરનિંદારૂપ કેન્સર. (૮) આત્મપ્રશંસારૂપ વમન.

દવાઓના પ્રકાર

(૧) સમ્યક્ત્વરૂપ પાવડર. (૨) ધર્મરાગનો અર્ક. (૩)

[illegible]

(૧) શ્રી [illegible] ([illegible]) (૨) [illegible] (૩) [illegible] (૪) [illegible] (૫) [illegible] (૬) [illegible] (૭) [illegible] ([illegible]) (૮) [illegible] (૯) [illegible] તપશ્ચર્યારૂપ ગુરુસેવા ([illegible]) [illegible]. (૧૦) [illegible] આત્મનિરીક્ષણના ઇન્જેક્શનો. (૧૧) વર્તનશુદ્ધિના N. A. B. નં. ૬૦૬ નાં ઇન્જેક્શનો. (૧૨) સદ્‌ગુણપ્રશંસાના ગોલ્ડન કેલ્શીયમ ઇન્જેક્શનો.

આ પ્રીસ્ક્રિપ્શન લગભગ દરેક જાત દર્દીઓને માટે એક સરખી રીતે ઉપયોગી થાય છે. છતાં રાગ-દ્વેષ અને મોહ રૂપી વાત, પિત્ત અને કફની વિષમતાવાળા તે તે દર્દીઓએ નીચેના સ્થળે અવિહડ શ્રદ્ધાની ફી આપી, તપાસ, નિદાન,

ચિકિત્સા, સારવારનો લાભ લઇ પોતાના રોગ દૂર કરવાનો પ્રયત્ન કરવો.

રોગ નિવારણ સ્થળનું નામ–

ધી યુનિવર્સલ સ્પિરિચ્યુઆલિઝમ હોસ્પીટલ,
રેસિડેંટ મેડિકલ ઓફિસર્સ, સુપ્રિમ સર્જન એન્ડ ફિઝિશ્યન.
ધી તીર્થંકર પરમાત્મા વીતરાગદેવની મેડીકલ થિયેરીના
પ્રેકટીશનર કવોલીફાઈડ ડોકટરો
શ્રી જિનાજ્ઞાધારી નિર્ગ્રન્થ સાધુઓ.
ઠે૦ તત્ત્વચિંતન હાઉસ,
જ્ઞાનપરિણતિ સ્ટ્રીટ નં. ૩
મુ. શાસનનગર (વાયા) ડિગ્રીઝ ઓફ ધ મોક્ષ
સેન્ટ્રલ ઓર્ડર (જિનાજ્ઞા)



તપથી નાશે વિકાર!

બાહ્ય તપના ૬ ભેદો

૧ અનશન, ૨ ઉનોદરી, ૩ વૃત્તિસંક્ષેપ, ૪ રસત્યાગ, ૫ કાયક્લેશ અને ૬ સંલીનતા.

અભ્યંતર તપના ૬ ભેદો

૧ પ્રાયશ્ચિત, ૨ વિનય, ૩ વૈયાવચ્ચ, ૪ સ્વાધ્યાય, ૫ કાયોત્સર્ગ અને ૬ શુભધ્યાન.

અનશનઃ–ખાવું નહીં તેનું નામ અનશન છે. તેના

એક પ્રકાર એટલે અમુક સમય
પણ વાળી બે પ્રકાર છે. એક પ્રકાર એટલે અમુક સમય
બીજું યાવજ્જીવ એટલે જીવનપર્યંતનું.

સમયના કાળમાં ઉપવાસ વિગેરે તપો કરવામાં આવે છે તે બધા ઈત્વર અનશનના પ્રકાર કહેવાય. શ્રી મહાવીર પ્રભુના શાસનમાં વર્તમાનકાળે વધુમાં વધુ છ માસના ઉપવાસ થઈ શકે છે. છ માસના ઉપવાસનો દાખલો છેલ્લામાં છેલ્લો અકબર બાદશાહના વખતમાં ચંપા નામની શ્રાવિકાએ કર્યાનો છે. ૨।। મહિના કે ૮૧ દિવસ સુધીના ઉપવાસ અત્યારે પણ જોવા મળે છે.

જિંદગી હોય ત્યાં સુધી આહાર ન લેવો એવું પચ્ચક્ખાણ યાવત્કથીક અથવા યાવજ્જીવિક અનશન કહેવાય છે. અત્યારે શરીરબળ-મનોબળ કે જ્ઞાનબળના અભાવે જિંદગી સુધીના પચ્ચક્ખાણ કરવાનો નિષેધ છે. શરીર બહુ બિમાર હોય અને જિંદગીનો ભરોસો ન લાગતો હોય તો પણ અમુક સમય માટે સાગારિ અનશન કરી શકાય છે. એનાથી પણ ઘણો લાભ થાય છે.

ઉનોદરી:- ઉદર એટલે પેટને ઉણું રાખવું. લગાર ભુખ્યા ઉઠવું એને ઉનોદરી કહેવાય છે. અનાદિકાળથી ઇન્દ્રિ-યોનો લાલચુ બનેલો જીવડો જ્યારે કોઈ પસંદગીવાળી વસ્તુ આવી જાય, ત્યારે શરીરનું ભાન ભૂલીને તે ખા... લલચાય છે. કેટલીક વખત તપશ્ચર્યાને ખરાબ કહેનારને ઉ... દરિતાનો અભાવજ હોય છે. રોગ તપથી કદી થતા ... એની આગળ-પાછળ વધારી દીધેલી આહારની લાલ...

ય છે. તપ કરનાર પોતાના શરીરના પથ્યાદિનો વિચાર તો શરીર બગડે નહિ અને તપનો સાચો આનંદ આવે. ભુખ્યું એને કાંઇ ન દુખ્યું" જેમ બને તેમ ઓછા આહારથી લાવી લેવાની ટેવ પાડવી. ઉપવાસ કરતાં પણ ઉનોદરીનો લાભ વિશેષ કહ્યો છે. આજે યુરોપમાં ભયંકર રોગો પણ ઉપવાસો (પાણી શિવાય કાંઈપણ નહીં) કરાવીને મટાડવાના અનેક દાખલા છે. તે પેપરોમાં ઘણી વખત ખબર આવે છે. તપસ્યાથી દ્રવ્યથી અને ભાવથી ફાયદો જ થાય છે.

વૃત્તિસંક્ષેપ:– આ અનિત્ય શરીર માટે ખાવા–પીવા પહેરવા વિગેરે જીવનની જરૂરીઆતમાં જેમ બને તેમ ઓછા સાધનોથી ચલાવી લેવું. તેનું નામ વૃત્તિસંક્ષેપ છે. જેમ જરૂરીઆત વધારે તેટલું દુઃખ વધારે અને વિશેષ પાપમાં પડવાનું મન થાય. "મારે અમુક તો જોઇએ અમુક વિના ન જ ચાલે" આવા પ્રકારનાં વચનો વધારી મૂકેલ જરૂરીઆતને લઇને બોલાય છે. મળતી વસ્તુમાં પણ તપની વિચારણાપૂર્વક ઓછાથી ચલાવી લેવાની ટેવ રાખવાથી કોઈપણ પ્રસંગે મુંઝવણ થતી નથી. ઘરમાં પચીસ ચીજો હોય પણ મારે તો પાંચ કે સાત અને તે પણ પ્રમાણમાં જ ઉપયોગ કરવો છે. એવી વિચારણા લાવીને જેમ બને તેમ જરૂરીઆતમાં સંકોચ રાખવો. એ ભાવનાના અભાવે આજે શહેરના જીવનમાં શાક–અથાણા ચટણી–રાઈતા આદિ અનેક જીભને લોભાવનારી અને શરીરમાં વિકાર–પ્રમાદ વધારનારી વસ્તુઓનો નિર્લજ્જ રીતે ઉપયોગ થઈ રહ્યો છે. એમાં જેમ

[illegible]

તે ઉપચાર વિનય કહેવાય. ત્યાં વિનયના [illegible] કહ્યા છે. [illegible] સાથે પણ [illegible]

(૩) વૈયાવચ્ચ—રત્નત્રયીના આરાધક નાના મોટા આત્માઓની આહાર, ઉપધિ, વસ્ત્ર-પાત્ર અને બીજા ઉપકરણો વડે બહુમાનપૂર્વક ભક્તિ કરવી, એ વૈયાવચ્ચ [illegible] છે. ૧ આચાર્ય. ૨ ઉપાધ્યાય. ૩ સ્થવિર. ૪ તપસ્વી ૫ નવિન સાધુ. ૬ બીમાર સાધુ. ૭ સાધર્મિક. ૮ કુલ. ૯ [illegible]

૦ સંઘ. આ દશની શક્તિ ગોપવ્યા વિના ઉચિત ભક્તિ-
નય કરવો એ વૈયાવચ્ચ ગુણ અપ્રતિપાતિ ગુણ કહ્યો છે.
ાનમાં અભિમાનને, તપમાં ક્રોધને અવકાશ છે. વૈયાવચ્ચ-
ુણ ક્ષમા અને નમ્રતાગુણ વિના કેળવી શકાતો નથી. ભરત
ક્રવર્તિ અને બાહુબલી પૂર્વભવમાં પાંચસો પાંચસો ત્યાગી
ાધુઓની વૈયાવચ્ચ-સેવા કરવાથી અતુલ બલવાન્ થયા.
ંદીષેણ મુનિના વૈયાવચ્ચ ગુણની દેવલોકમાં ઈન્દ્રદ્વારા
પ્રશંસા થઈ. પુણ્ય વિના ત્યાગી અને આરાધક જીવોની
ૈયાવચ્ચ કરવાનો લાભ મળવો દુર્લભ છે. જેઓને અભ્યાસ
કરીને આગળ વધવા માટે ઉત્તમ પ્રકારનો ક્ષયોપશમ મલ્યો
નથી, તેમને પણ વૈયાવચ્ચ ગુણ તરવાનું અનુપમ સાધન
છે. જેઓમાં વૈયાવચ્ચ ગુણનો સદ્ભાવ નથી હોતો તેઓ
પોતાના જ્ઞાનને દીપાવી શકતા નથી... આ ગુણ અથવા
અભ્યંતર તપ બધાએ કેળવવા વારંવાર પ્રયત્ન કરવો યોગ્ય છે.

(૪) સ્વાધ્યાયઃ—સ્વાધ્યાય એટલે જ્ઞાની ભગવંતોના
વચનોને શીખવાં, પરાવર્તન કરવું આદિ. એના ૫ ભેદો છે.
(૧) ધાર્મિક–આગમ–પ્રકરણ ગ્રંથોનું વાંચન કરવું તે વાચના
કહેવાય. (૨) વાચના કે વાચન કર્યા બાદ કે ગમે ત્યારે
ધાર્મિક પ્રશ્નો કરવા, અથવા અશુદ્ધિની પ્રમાર્જના માટે પૂછવું
તે પૃચ્છના કહેવાય. (૩) ભણેલું કે વાંચેલું કે કંઠે કરેલું
મોઢેથી પુસ્તકના આધાર વિના બોલી જવું, વારંવાર
આવૃત્તિ કરવી, મનન કરવું તે પરાવર્તના. (૪) અને મનમાં
વારંવાર ચિંતવના–મનન કરવું તે અનુપ્રેક્ષા. (૫) વ્યાખ્યાન

નવકાર મળીને શ્વાસોશ્વાસ ૧૦૦૮. લોગસ્સ ૨૦ ના
[શ્વા]સોશ્વાસ ૫૦૦, લોગસ્સ ૧૨ ના શ્વાસોશ્વાસ ૩૦૦ થાય

એક શ્વાસોશ્વાસ ભગવાનના ધ્યાનમાં જાય તો દેવતાનું
[કેટ]લું આયુ બંધાય ? તે કહે છે કે એક શ્વાસોશ્વાસમાં
૨૪૫૪૦૮ ૪/૯ પલ્યોપમથી અધિક પ્રમાણવાળું દેવતાનું
[આ]યુષ્ય બંધાય. આખા નવકારના એટલે આઠ શ્વાસોશ્વાસના
[કા]ઉસ્સગ્ગથી ૧૯૬૩૨૬૭ (ઓગણીશ લાખ ત્રેસઠ હજાર બસો
[સ]ડસઠ) પલ્યોપમનું દેવતાનું આયુષ્ય બંધાય છે અને ૨૫
[શ્વા]સોશ્વાસ પ્રમાણ લોગસ્સના કાઉસ્સગ્ગથી ૬૧૩૫૨૧૦ (એક
[સા]ઠ લાખ પાંત્રિશ હજાર બસો દશ) પલ્યોપમનું દેવતાનું
[આ]યુષ્ય બંધાય ? ના એમ નહિં પણ જો કાયોત્સર્ગ વખતે
[આ]યુષ્યનો બંધ પડે તો અહિં જણાવેલું આયુષ્ય જે દેવ-
[લ]ોકનું હોય ત્યાં તે ઉત્પન્ન થાય. આખી જિંદગીના સરવૈયાની
[આ] વાત છે. આવા ઉત્તમ ફળ દેનાર કાયોત્સર્ગમાં જેમ તેમ
[હા]લાય નહિ. મચ્છરાદિ શરીર પર બેસે તો તેના પર પ્રહાર
[ક]ે દુર્ભાવ થાય નહિં. માટે અભ્યંતર તપ કાયોત્સર્ગમાં
[વ]ધાય તેટલું આગળ વધવું.

(૬) શુભ ધ્યાન:— આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ
બન્ને ધ્યાનોનો ત્યાગ કરી ધર્મધ્યાન તથા શુકલધ્યાન
ધ્યાવવા, એનું નામ ધ્યાન નામનો અભ્યંતર તપ કહેવાય
છે. દુઃખના વિચારોમાં આર્તધ્યાનની મુખ્યતા હોય છે,
કોઇને પણ મારવા-લુંટવા, છેતરવા સ્વાર્થ વગેરે કાર્યોનાં
વિચારોમાં રૌદ્રધ્યાનની મુખ્યતા હોય છે, આર્તધ્યાનથી

નારા પોતાની ભૂલ છતાં તપને વગોવે છે. અનાદિ-
ી લાગેલી ઇન્દ્રિયલોલુપતાને ટાળવા માટે તપનું આલં-
લેવાનું છે. જેટલી ઇન્દ્રિયો કાબુમાં આવી એટલા અંશે
ફલ્યો કહી શકાય. મોટી તપશ્ચર્યા કર્યા પછી રાત્રિભોજન
ળભક્ષણ, બોળ અથાણા, હોટલોનાં ચા પાણી આદિ
ર નહિં તો તપનો સ્વાદ કેમ રહ્યો કહેવાય?

જૈનશાસનની તપશ્ચર્યા સહુથી ઉંચી છે. ફલાહારના નામે
ાસમાં રોજ કરતાં પણ વધારે ખાવું, દિવસે ભુખ્યા
રાત્રે મરજી મુજબ ખાવું-પીવું, આદિ અનેક જાતિના
કરવાની પદ્ધતિ જગતમાં જોવામાં આવે છે, તેનાં કરતાં
શાસનની તપશ્ચર્યા ઘણી આગળ વધી જાય છે. ઉપવાસમાં
ખપી શકે એવા ધોવણ છાશ કે બીજી વસ્તુઓનો ઉપ-
ગ કરી ઉપવાસી તરીકે બહાર પડવું એ પણ જૈનશાસનની
રુદ્ધની ક્રિયા છે. પોતાના કર્માવરણથી ઢંકાયેલા આત્માને
ણાહારી દશા તરફ લઈ જવા માટે તપ હોઈ શકે. પણ
પાંમાં નામ આવે, લોક પ્રશંસા કરે ઇનામો આપે આદિ
સારિક આશા માટે કરાતો તપ નિષ્ફળ તપ છે. જેનું
જું નામ કાયકષ્ટ છે.



સર્વથા ત્યાજ્ય બાવિશ અભક્ષ્યો અને બત્રિશ અનંતકાયો.

બાવિશે અભક્ષ્યો ઘણા જીવોની હિંસાથી ભરેલા હોવાથી
આત્મહિતેચ્છુએ સર્વથા છોડવા યોગ્ય છે. આહાર જેટલો

જીવની તિર્યંચની ગતિ અને રૌદ્રધ્યાનથી પ્રાયઃ નરકની ગતિ થાય છે. ધર્મધ્યાન દેવલોકાદિનાં સુખો આપે છે, જ્યારે શુકલધ્યાન મુક્તિમાં પહોંચાડે. આર્ત-રૌદ્ર ધ્યાન બંને ત્યાગી જીવે સદૈવ ધર્મ અને શુક્લ ધ્યાન ધ્યાવવા યોગ્ય

નિર્જરાઃ— આ પ્રકારનાં બારે બાહ્ય અને અભ્યં તપોની નિર્જરાતત્ત્વમાં જ્ઞાની ભગવંતોએ ગણત્રી કરી તપથી નિર્જરા થાય. નિર્જરા એટલે લાગેલાં કર્મોનું છુટા પડવું તે. એનાં કારણભૂત તપને પણ નિર્જરા કહેવામાં આવે છે. જીવને નિર્જરા બે રીતે થાય છે. કર્મ ભોગવાઈને આત્માથી છુટા પડે, અને તપ વડે જુદા થાય. ભોગવાતા જાય અને છુટા પડે એને અકામનિર્જરા કહેવાય. આ તો સર્વ જીવોને સદાકાળ ચાલુ છે. આત્માને લાગેલ કર્મમેલ દૂર કરવા શ્રી જિનેશ્વરોએ પ્રરૂપેલ તપવડે નિર્જરા કરાય તે સકામનિર્જરા કહેવાય. બાર પ્રકારના તપના ભેદો હોવાથી નિર્જરાના પણ બાર ભેદો છે. ઉપરોક્ત મુજબ બાર પ્રકારનો તપ શક્તિ મુજબ આચરવો જોઇએ. સોનાની કાળાશ અગ્નિ વડે દૂર કરી શકાય છે. અને એનું મૂળ સ્વરૂપ પ્રગટ થાય છે. તેમ તપરૂપ અગ્નિ વડે આત્મા શુદ્ધ બને છે અને અને તેનું શુદ્ધ મૂળ સ્વરૂપ પ્રગટ થાય છે. તપશ્ચર્યા આત્મશુદ્ધિ માટે કરવાની છે.

તપશ્ચર્યા બાદ કેવા ભાવ હોય ?:— તપશ્ચર્યા કર્યા પછી એનો સ્વાદ રહેવો જોઇએ. તપના દિવસો પછી અર્થાત પારણામાં આહારાદિમાં ભાન (ખ્યાલ) નહિ રાખી સ્વાસ્થ્ય

ડનારા પોતાની ભૂલ છતાં તપને વગોવે છે. અનાદિ-
ી લાગેલી ઇન્દ્રિયલોલુપતાને ટાળવા માટે તપનું આલં-
લેવાનું છે. જેટલી ઇન્દ્રિયો કાબુમાં આવી એટલા અંશે
ફળ્યો કહી શકાય. મોટી તપશ્ચર્યા કર્યા પછી રાત્રિભોજન
મૂળભક્ષણ, બોળ અથાણા, હોટલોનાં ચા પાણી આદિ
ાય નહિં તો તપનો સ્વાદ કેમ રહ્યો કહેવાય?

જૈનશાસનની તપશ્ચર્યા સહુથી ઉંચી છે. ફલાહારના નામે
ઉપવાસમાં રોજ કરતાં પણ વધારે ખાવું, દિવસે ભુખ્યા
હી રાત્રે મરજી મુજબ ખાવું-પીવું, આદિ અનેક જાતિના
ાપ કરવાની પદ્ધતિ જગતમાં જોવામાં આવે છે, તેનાં કરતાં
જૈનશાસનની તપશ્ચર્યા ઘણી આગળ વધી જાય છે. ઉપવાસમાં
ન ખપી શકે એવા ધોવણ છાશ કે બીજી વસ્તુઓનો ઉપ-
યોગ કરી ઉપવાસી તરીકે બહાર પડવું એ પણ જૈનશાસનની
વિરુદ્ધની ક્રિયા છે. પોતાના કર્માવરણથી ઢંકાયેલા આત્માને
અણાહારી દશા તરફ લઈ જવા માટે તપ હોઈ શકે. પણ
છાપામાં નામ આવે, લોક પ્રશંસા કરે ઇનામો આપે આદિ
સાંસારિક આશા માટે કરાતો તપ નિષ્ફળ તપ છે. જેનું
ીજું નામ કાયકષ્ટ છે.



સર્વથા ત્યાજ્ય બાવિશ અભક્ષ્યો અને બત્રિશ અનંતકાયો.

બાવિશે અભક્ષ્યો ઘણા જીવોની હિંસાથી ભરેલા હોવાથી
આત્મહિતેચ્છુએ સર્વથા છોડવા યોગ્ય છે. આહાર જેટલો

બગાડનારા પોતાની ભૂલ છતાં તપને વગોવે છે. અનાદિકાળથી લાગેલી ઇન્દ્રિયલોલુપતાને ટાળવા માટે તપનું આલંબન લેવાનું છે. જેટલી ઇન્દ્રિયો કાબુમાં આવી એટલા અંશે તપ ફળ્યો કહી શકાય. મોટી તપશ્ચર્યા કર્યા પછી રાત્રિભોજન કંદમૂળભક્ષણ, બોળ અથાણા, હોટલોનાં ચા પાણી આદિ તજાય નહિં તો તપનો સ્વાદ કેમ રહ્યો કહેવાય?

જૈનશાસનની તપશ્ચર્યા સહુથી ઉંચી છે. ફલાહારના નામે ઉપવાસમાં રોજ કરતાં પણ વધારે ખાવું, દિવસે ભુખ્યા રહી રાત્રે મરજી મુજબ ખાવું-પીવું, આદિ અનેક જાતિના તપ કરવાની પદ્ધતિ જગતમાં જોવામાં આવે છે, તેનાં કરતાં જૈનશાસનની તપશ્ચર્યા ઘણી આગળ વધી જાય છે. ઉપવાસમાં ન ખપી શકે એવા ધોવણ છાશ કે બીજી વસ્તુઓનો ઉપયોગ કરી ઉપવાસી તરીકે બહાર પડવું એ પણ જૈનશાસનની વિરુદ્ધની ક્રિયા છે. પોતાના કર્માવરણથી ઢંકાયેલા આત્માને અણાહારી દશા તરફ લઈ જવા માટે તપ હોઈ શકે. પણ છાપામાં નામ આવે, લોક પ્રશંસા કરે ઇનામો આપે આદિ સાંસારિક આશા માટે કરાતો તપ નિષ્ફળ તપ છે. જેનું બીજું નામ કાયકષ્ટ છે.



સર્વથા ત્યાજ્ય બાવિશ અભક્ષ્યો અને બત્રિશ અનંતકાયો.

બાવિશે અભક્ષ્યો ઘણા જીવોની હિંસાથી ભરેલા હોવાથી આત્મહિતેચ્છુએ સર્વથા છોડવા યોગ્ય છે. આહાર જેટલો

નિર્દોષ અને નિર્વિકાર હોય તેટલી મનની પવિત્રતા. મનની પવિત્રતા ઉપરજ આત્માની સાચી આરાધનાનો આધાર રહેલો છે. "ખાવામાં શું બગડી જવાનું? મન પવિત્ર રાખીએ એટલે બસ" આવી વાતો કરવા માત્રથી આત્મકલ્યાણ સાધી શકાતું નથી.

ઇન્દ્રિયોની ગુલામી અભક્ષ્યભક્ષણ તરફ દોડાવે છે. ઇન્દ્રિયોના ગુલામ બનેલા ચિત્તની સ્થિરતા પામી શકતા નથી. પાંચ ઇન્દ્રિયોમાં જીભને જીતવી એ કઠીન કામ કહ્યું છે. માટે કોઈ પણ બ્હાનાએ ઇન્દ્રિયોને છુટી મૂકવી યોગ્ય નથી. ઇન્દ્રિયોને અંકુશમાં રાખી ભક્ષ્યાભક્ષ્યનો વિવેક જાગતો રાખી જીવનને કેળવાય તો પરમ કલ્યાણ પમાય. ઘણાંય જીવોને બાવિસ અભક્ષ્યોના નામ ખ્યાલ નથી હોતાં. જેથી સમજણ મા સંક્ષેપમાં આ પ્રમાણે છે. ૧ વડના ટેટા, ૨ પીપળાના ટેટા, ૩ પીપરની પેપડી, ૪ કચુંબરના ટેટા, ૫ ઉં રાના ટેટા, એ પાંચે જાતના ટેટામાં બેઇંદ્રિયાદિ ઘણાં જીવો ઉપજે છે. ૬ મધ, ૭ માખણ, ૮ મદિરા, ૯ માં આ ચાર મહાવિગય કહેવાય છે. અસંખ્ય ત્રસ જીવે ભરેલાં હોય છે. તથા ક્ષણેક્ષણે અસંખ્ય જીવો ઉપજે ૧૦ બરફ (તેની બનાવેલ વસ્તુઓ આઈસ્ક્રીમ-કુલફી આ ૧૧ કરા, ૧૨ સર્વ જાતિનું ઝેર, ૧૩ કાચી માટી વિગેરે, ૧૪ રાત્રિભોજન, ૧૫ બહુબીજ, ૧૬ બોળ અ ૧૭ વિદળ (કઠોળની સાથે કાચું દૂધ, કાચું દહીં, છાશ ભેગી કરવી તે) કઠોળ અને કાચા દુધ આદિના ચયે અસંખ્ય બેઇંદ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. ૧૮

વિજયોમાં એકસો સાઠ મળી કુલ એકસો સિત્તેર તીર્થંકર ભગવંતો વિચરતા હતા.

શ્રી અજિતનાથ પ્રભુના નિર્વાણ પછી ત્રીસ લાખ ક્રોડ સાગરોપમ ગયા ત્યારે ત્રીજા શ્રી સંભવનાથ પ્રભુ નિર્વાણ પામ્યા. અર્થાત્ મોક્ષમાં ગયા. ત્યાર પછી દશ લાખ ક્રોડ સાગરોપમ બાદ ચોથા શ્રી અભિનંદન પ્રભુ મોક્ષે ગયા. પછી નવ લાખ ક્રોડ સાગરોપમ ગયા ત્યારે પાંચમા શ્રી સુમતિનાથ પ્રભુ મોક્ષમાં ગયા. ત્યાબાદ નેવુ હજાર ક્રોડ સાગરોપમ ગયા બાદ છઠ્ઠા પદ્મપ્રભુ મુક્તિમાં ગયા. ત્યાર બાદ નવ હજાર ક્રોડ સાગરોપમે સાતમા શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ મુક્ત થયા. તે પછી નવસો ક્રોડ સાગરોપમ વીત્યા ત્યારે આઠમા શ્રી ચંદ્રપ્રભુ મુક્ત થયા.

તે પછી નેવુ ક્રોડ સાગરોપમ ગયા તે વખતે નવમા શ્રી સુવિધિનાથ પ્રભુ મુક્ત થયા. તે પછી નવ ક્રોડ સાગરોપમ ગયા ત્યારે દશમા શીતલનાથસ્વામી મુક્ત થયા. ત્યારપછી એક ક્રોડ સાગરોપમમાં સો સાગરોપમ ઓછા એટલા કાળે ૧૧ મા શ્રી શ્રેયાંસનાથ પ્રભુ પરમપદનાં વાસી થયા. તે પછી ચોપન સાગરોપમે ૧૨ મા વાસુપૂજ્ય પ્રભુ નિર્વાણ પામ્યા. તે પછી ત્રીસ સાગરોપમ ગયા ત્યારે ૧૩ મા શ્રી વિમલનાથ પ્રભુ મોક્ષપદ પામ્યા ત્યારબાદ નવ સાગરોપમ ગયા ત્યારે ૧૪ મા શ્રી અનંતનાથ પ્રભુ મુક્તિ માં ગયા. તે પછી ચાર સાગરોપમ ગયા ત્યારે ૧૫ મા

ત્રીજા આરાના છેડે ૮૪ લાખ પૂર્વ ત્રણ વરસ અને સાડા આઠ મહિના બાકી રહે ત્યારે પહેલા તીર્થંકરનો જન્મ થાય. તે પ્રથમ રાજા થાય અને લોકવ્યવહારનો માર્ગ ચાલુ કરે. પછી ધર્મની સ્થાપના કરે. આ અવસર્પિણી કાળમાં પહેલા તીર્થંકર દેવ શ્રી ઋષભદેવ થયા. તે ૮૪ લાખ પૂર્વનું આયુ પૂર્ણ કરી ત્રીજા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના (૮૯ પખવાડીઆ બાકી રહ્યા ત્યારે) દશ હજાર મુનિઓ સાથે શ્રી અષ્ટાપદ પર્વત ઉપર મોક્ષલક્ષ્મીને પામ્યા. તેમની ગાદીએ ભરત ચક્રવર્તિ આદિ રાજાઓ થયા. તેમાં પહેલા આઠ રાજાઓ તો આરીસાભવનમાં કેવલજ્ઞાન પામી મોક્ષમાં ગયા અને પચાસ લાખ ક્રોડ સાગરોપમ સુધી જેટલા પ્રભુની પાટે રાજગાદી ઉપર આવ્યા તે બધા મોક્ષ અથવા અનુત્તર વિમાનમાં ગયા. એનું વર્ણન શ્રી નંદીસૂત્રની ટીકામાં તથા સિદ્ધદંડિકા પ્રકરણમાં કર્યું છે.

શ્રી આદિનાથ પ્રભુના નિર્વાણ પછી નેવ્યાસી પખવાડિયા વીત્યા બાદ એક કોડાકોડી સાગરોપમમાં બેંતાલીસ હજાર વરસ ઓછા એટલા કાળ પ્રમાણેનો દુષમસુષમા નામે ચોથો આરો બેઠો. શ્રી આદિનાથ પ્રભુના મોક્ષગમન પછી પચાસ લાખ ક્રોડ સાગરોપમ વીત્યા ત્યારે બીજા શ્રી અજિતનાથજી પ્રભુ નિર્વાણ પામી મુક્તિમાં ગયા. તે વખતે ઉત્કૃષ્ટે કાળે થનારા એકસો સિત્તેર તીર્થંકર દેવો આ મનુષ્ય ક્ષેત્રમાં વિચરતા હતા. પાંચ ભરતક્ષેત્રમાં, પાંચ ઐરવત ક્ષેત્રમાં અને પાંચ મહાવિદેહ ક્ષેત્રની દરેકની બત્રીશ મળી એકસો સાઠ

વિજયોમાં એકસો સાઠ મળી કુલ એકસો સિત્તેર તીર્થંકર ભગવંતો વિચરતા હતા.

શ્રી અજિતનાથ પ્રભુના નિર્વાણ પછી ત્રીસ લાખ ક્રોડ સાગરોપમ ગયા ત્યારે ત્રીજા શ્રી સંભવનાથ પ્રભુ નિર્વાણ પામ્યા. અર્થાત્ મોક્ષમાં ગયા. ત્યાર પછી દશ લાખ ક્રોડ સાગરોપમ બાદ ચોથા શ્રી અભિનંદન પ્રભુ મોક્ષે ગયા. પછી નવ લાખ ક્રોડ સાગરોપમ ગયા ત્યારે પાંચમા શ્રી સુમતિનાથ પ્રભુ મોક્ષમાં ગયા. ત્યાબાદ નેવુ હજાર ક્રોડ સાગરોપમ ગયા બાદ છઠ્ઠા પદ્મપ્રભુ મુક્તિમાં ગયા. ત્યાર બાદ નવ હજાર ક્રોડ સાગરોપમે સાતમા શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ મુક્ત થયા. તે પછી નવસો ક્રોડ સાગરોપમ વીત્યા ત્યારે આઠમા શ્રી ચંદ્રપ્રભુ મુક્ત થયા.

તે પછી નેવુ ક્રોડ સાગરોપમ ગયા તે વખતે નવમાં શ્રી સુવિધિનાથ પ્રભુ મુક્ત થયા. તે પછી નવ ક્રોડ સાગરોપમ ગયા ત્યારે દશમા શીતલનાથસ્વામી મુક્ત થયા. ત્યારપછી એક ક્રોડ સાગરોપમમાં સો સાગરોપમ ઓછા એટલા કાળે ૧૧ મા શ્રી શ્રેયાંસનાથ પ્રભુ પરમપદનાં વાસી થયા. તે પછી ચોપન સાગરોપમે ૧૨ મા વાસુપૂજ્ય પ્રભુ નિર્વાણ પામ્યા. તે પછી ત્રીસ સાગરોપમ ગયા ત્યારે ૧૩ મા શ્રી વિમલનાથ પ્રભુ મોક્ષપદ પામ્યા ત્યારબાદ નવ સાગરોપમ ગયા ત્યારે ૧૪ મા શ્રી અનંતનાથ પ્રભુ મુક્તિમાં ગયા. તે પછી ચાર સાગરોપમ ગયા ત્યારે ૧૫ મા

શ્રી ધર્મનાથ પ્રભુ નિર્વાણ પામ્યા. તે પછી પોણું પલ્યોપમ ન્યૂન ત્રણ સાગરોપમે ૧૬ મા શ્રી શાંતિનાથ પ્રભુ સિદ્ધ થયા.

તે પછી અર્ધો પલ્યોપમે ૧૭ મા શ્રી કુંથુનાથ ભગવાન મુક્ત થયા પછી પા (૦।) પલ્યોપમમાં શેકોડ પાંસઠ લાખ ચોરાશી હજાર વર્ષ ઓછા એટલો સમય વીત્યો ત્યારે ૧૮ મા શ્રી અરનાથ પ્રભુ મુક્તિ પામ્યા. તે પછી સો કોડ વર્ષે ૧૯ મા શ્રી મલ્લીનાથ પ્રભુ મુક્ત થયા તે પછી ચોપન લાખ વરસે ૨૦ મા શ્રી મુનિસુવ્રતસ્વામી મુક્તિમાં ગયા. તે પછી ૭ લાખ વરસે ૨૧ મા નમિનાથ ભગવાન મુક્ત થયા, તે પછી પાંચ લાખ વરસે ૨૨ મા શ્રી અરિષ્ટનેમિ પ્રભુ મુક્ત થયા તે પછી ત્યાશી હજાર સાતસો પચાસ વરસે ૨૩ મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ મુક્ત થયા તેમના પછી બસો પચાસ વરસે ૨૪ મા શ્રી મહાવીરસ્વામી મુક્તિ પામ્યા.

શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પછી ત્રણ વરસ અને સાડા આઠ મહિને ચોથો આરો પૂરો થયો એકવીશ હજાર વરસ પ્રમાણનો પાંચમો દુષમા નામનો આરે બેઠો. આ પાંચમા આરાના છેડા સુધી ધર્મ રહેશે.

ત્યાર બાદ દુષમદુષમા નામે છઠ્ઠો આરો મહાવિકરાળ એકવીશ હજાર વરસ પ્રમાણનો આવશે. તે આરામાં વીશ વરસનું વધારેમાં વધારે આયુષ્ય હશે. અને ૭ વરસની સ્ત્રી ગર્ભ ધારણ કરશે. ગામ નગર આદિનો છઠ્ઠો આરો બેસતા પહેલા નાશ થઈ જશે. તેથી લોકો ગંગા નદીના બીલોમાં

પુદ્ગલ પરાવર્તનનું કિંચિત્ સ્વરૂપ

પંચમ કર્મગ્રંથ–લોકપ્રકાશ આદિ ગ્રંથોમાં પુદ્ગલ પ
વર્તનની ખૂબ જ સમજણ પાડવામાં આવી છે. એના ૮
ભેદ પ્રમાણે છે.

૧ બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્તન, ૨ સૂક્ષ્મ દ્રવ્ય પુદ્
પરાવર્તન, ૩ બાદર ક્ષેત્ર પુદ્ગલ પરાવર્તન, ૪ સૂક્ષ્મ ક્ષે
પુદ્ગલ પરાવર્તન, ૫ બાદર કાળ પુદ્ગલ પરાવર્તન, ૬ સૂ
કાળ પુદ્ગલ પરાવર્તન, ૭ બાદર ભાવ પુદ્ગલ પરાવર્ત
૮ સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્તન. આ આઠમાંથી ચોથ
સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્તન કાળની ગણત્રીમાં જરૂરી હોવાથ
કાંઈક સમજણ આપવી જરૂરી છે.

ચૌદ રાજલોકમાં અસંખ્યાતા આકાશપ્રદેશ છે. આંગળ
જેટલી જગ્યામાં પણ અસંખ્યાતા આકાશપ્રદેશ હોય. ચૌ
રાજલોક અસંખ્યાતા કોટાકોટી યોજન પ્રમાણ છે. કોઈ
જીવ એક આકાશપ્રદેશ ઉપર મરણ પામે એ પહેલો પ્રદેશ
ગણવો. જો કે જીવની અવગાહના એકજ આકાશપ્રદેશની
હોતી નથી. અસંખ્યાત પ્રદેશની હોય છે. તેમાંથી એક
પ્રદેશની વિવક્ષા કરવી. એ પ્રમાણે એક સ્થળે મરણ પામ્યા
પછી તે જીવ બીજા સ્થાનોમાં અનેકવાર મરણ કરી આવે
તે ગણાય નહિ, પરંતુ ફરી ફરીને જ્યાં મરણ પામ્યો હોય
તેની જોડેના જ પ્રદેશ ઉપર મરણ પામે તે ગણાય. એવી
જ રીતે ફરીને ત્રીજે–ચોથે–પાંચમે વિગેરે અનુક્રમથી પ્રદે
શોને મરણથી સ્પર્શતા ચૌદ રાજલોકમાં રહેલા સર્વ આકાશ

પ્રદેશોને એક જીવ પૂરા કરે. તે કાળને એક સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલ પરાવર્તન કહેવાય. એમાં અનંતા કાળચક્ર ચાલ્યા જાય. આ રીતે આ જીવે અનંતા કાળચક્ર સંસારચક્રમાં વીતાવ્યા છે. ઘણો હેરાન થયો છે. છતાં આ પામર જીવ ચેતતો કે સમજતો નથી.

હે ભવ્યો! શુદ્ધ ધર્મ વિના જીવનો આટલો કાળ ચાલ્યો ગયો. હવે પૂર્વના પુણ્ય-ઉદયથી માનવભવની સાર્થકતા કરો એ જ શુભ ભાવના.



નારકોની ઘોર વેદના

[૧] આયુષ્ય અને શરીર પ્રમાણ

પ્રથમ રત્નપ્રભાઃ- આયુષ્ય જઘન્ય દશ હજાર વરસ ઉત્કૃષ્ટ એક સાગરોપમ, શરીરનું પ્રમાણ ઉત્કૃષ્ટ ૭॥ હાથ.

બીજી શર્કરાપ્રભાઃ- આયુષ્ય જઘન્ય એક સાગરોપમ, ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમ. શરીર ૧૫॥ હાથ.

ત્રીજી વાલુકાપ્રભાઃ- આયુષ્ય જઘન્ય ત્રણ સાગરોપમ ઉત્કૃષ્ટ સાત સાગરોપમ, શરીર ઉત્કૃષ્ટ સવાસો હાથ (૩૧ ધનુષ)

ચોથી પંકપ્રભાઃ- આયુષ્ય જઘન્ય સાત સાગરોપમ, ઉત્કૃષ્ટ દશ સાગરોપમ, શરીર અઢીસો હાથ (૬૨॥ ધનુષ)

પાંચમી ધૂમપ્રભાઃ- આયુષ્ય જઘન્ય દશ સાગરો-

પમ-ઉત્કૃષ્ટ સત્તર સાગરોપમ. શરીર સવાસો ધનુષ (પાંચસો હાથ)

છઠ્ઠી તમઃપ્રભા: આયુષ્ય જઘન્ય સત્તર સાગરોપમ ઉત્કૃષ્ટ બાવીશ સાગરોપમ. શરીર અઢીસો ધનુષ. (એક હજાર હાથ)

સાતમી તમસ્તમપ્રભા:- આયુષ્ય જઘન્ય બાવિશ સાગરોપમ, ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ, શરીર પાંચસો ધનુષ (બે હજાર હાથ)

[૨] નારકોની વેદના

જન્મથી મરણ સુધી સતત દુઃખમાં કાળ પસાર કરે છે આંખ મીંચીને ઉઘાડવા જેટલો વખત પણ શાંતિ નથી હોતી ત્રણ પ્રકારની વેદના એ જીવોને હોય છે (૧) ક્ષેત્રવેદના (૨) અન્યોન્યકૃત વેદના (૩) પરમાધામીકૃત વેદના.

ક્ષેત્ર વેદના :- નારકના જીવોને એ ક્ષેત્રમાં ઉત્પન્ન થવાના કારણથી જ હમેશા જે વેદના રહે છે તે ક્ષેત્રવેદના દશ પ્રકારની કહી છે.

(૧) ભુખ (૨) પિપાસા (તરસ) (૩) શીત (ઠંડી) (૪) ઉષ્ણ (તાપ) (૫) જ્વર (તાવ) (૬) ખરજ (૭) પરવશતા (૮) ભય (૯) શોક (૧૦) રોગ.

ઘણીજ પીડાથી ભરેલી આ વેદનાને સાંભળતાં પણ કંપારી છુટે. એક એક વેદના મનુષ્યમાં આવતી વેદના કરતાં અનંતગુણી હોય છે.

(૨) અન્યોન્યકૃત વેદના :- નારકીના જીવો પૂર્વના વૈરભાવને સંભારી અરસપરસ લડે છે. વૈક્રિયશરીરી હોવાથી વૈક્રિય હથીઆર બનાવી એક-બીજાને પીડા કરે છે. તે અન્યોન્યકૃત વેદના.

[૩] પરમાધામીકૃત વેદના :- પરમાધામી દેવો તે જીવોના પૂર્વના પાપો સંભારીને ભેદે છે. ભઠ્ઠી અગ્નિમાં શેકે છે.પાણીમાં ઘાલીને પીલે છે. આકાશમાં ઉછાળીને હથીઆરની અણીપર ઝીલે છે. પૂર્વે કરેલ પરનારી-સેવનના પાપોને યાદ કરાવી તપાવેલી લોઢાની પુતળી સાથે આલિંગન કરાવે છે. માંસ-ભક્ષણનાં પાપોને સંભારી તેના શરીરનાં માંસ કાપીને ખવરાવે છે. સુરાપાનનાં દોષો સંભારીને તપાવેલું સીસું પાય છે. જુઠાં વચનો બોલવાની કુટેવને સંભારીને જીભ ખેંચી કાઢે છે. લોહી-માંસ-પરૂથી ભરેલી વૈતરણી નદીમાં વહન કરાવે છે. છાયા લેવા અસિપત્ર વનમાં જાય ત્યાં તરવારના ઝાટકા જેવા પાંદડાના ઘા વાગે છે. ચારે બાજુથી મારતા મારતા નાશાનાશ કરાવે છે. શિકારી કુતરાઓ ચારે બાજુ વીંટળાઇને ફાડી ખાય છે. વાઘ-સિંહ આદિ પ્રાણીઓના રૂપ બનાવી બહુ હેરાન કરે છે.

ખરેખર સાંભળીને શરીરમાં કંપારી છૂટયા વિના ન રહે એવી યાતનાઓ પરમાધામી દેવો તરફથી સહન કરવી પડે છે. પહેલી ત્રણ નરક સુધી પરમાધામીકૃત વેદના હોય છે. (કોઈ ચરિત્રગ્રંથમાં ચોથી નરકે પણ પરમાધામી હોય, નારકીના શરીર એવા હોય કે અનેક વાર રાઇ રાઈ જેવા

ટુકડા કરે, છેદે ભેદે, પીલે, કાપે બાળે છતાં જેમ પા
છૂટો થાય અને પાછો એકમેક થઇ જાય છે; તેમ નારકીઓ
શરીર પર એકમેક થઈ જાય છે. પારાવાર પીડા થાય પણ
આયુ પૂર્ણ કર્યા વિના મરે નહિ. પંદર પ્રકારના પરમાધામી
દેવના નામ આગળ કહ્યા છે. તે પંદર જાતિના પરમા-
ધામી દેવો નારકીના જીવોને વિવિધ પ્રકારની વેદના ઉપજાવે
છે. તે આ પ્રમાણે—

પહેલા અંબ જાતિના પરમાધામી ઉંચે લઇ જઇ
પડતા મૂકે.

બીજા અંબરીપ જાતિના અસુરો નારકીના શરીરના
ટુકડા કરી ભાઠીમાં શેકે.

ત્રીજા શબલ જાતિના ક્રૂર દેવો આંતરડા અને હ્રદયને
ભેદી નાખે.

ચોથા શ્યામ જાતિના અસુરો ખુબ જ પીડા ઉપજાવે.

પાંચમા રુદ્ર જાતિના પરમાધામી ભાલા વગેરેથી વિંધી
નાંખે.

છઠ્ઠા ઉપરુદ્ર અથવા મહારુદ્ર જાતિના હાથ-પગ વિગેરે
અંગોપાંગ કાપી નાંખે.

સાતમા અસિપત્ર નામના, ધાર જેવા પાંદડાથી ભરેલા
વૃક્ષનું વન બનાવે.

આઠમા ધનુષ્ય જાતિના ધનુષ્ય-બાણથી વીંધી નાખે.

નવમા કુંભ જાતિના મોટા કળશ જેવા બનાવીને તેમાં
પુરી નીચે અગ્નિ ભરી પકાવે.